પ્રકાશક
સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના રતનપોળ
અમદાવાદ

આવૃત્તિ-૧
વીર સંવત ૨૪૮૪ કિંમત ૨-૦-૦ વિક્રમ સંવત ૨૦૧૪

મુદ્રક
પં. મફતલાલ ઝવેરચંદ ગાંધી
મુદ્રણસ્થાન નવીન પ્રિન્ટિંગ પ્રેસ
ઠે. ગાંધીવાડી, અમદાવાદ

# શ્રમણ ભગવાન મહાવીર

કુષાન કાલીન મથુરામાંથી પ્રાપ્ત થયેલ પ્રાચીન પ્રતિમા



ડૉ. વાસુદેવશરણ અગ્રવાલના સૌજન્યથી

# રાષ્ટ્રપતિનો અભિપ્રાય

## દેશરત્ન ડોકટર બાબૂ રાજેન્દ્રપ્રસાદજીની અમૂલ્ય સમ્મતિ

भारतवर्ष के प्राचीन इतिहास में वैशाली का प्रमुख स्थान है। कुछ दिनों से बिहारियों ने वहां की स्मृति कायम रखने के लिये मेला लगाना शुरू किया है जिसमें तत्सम्बन्धी ऐतिहासिक विवेचना और अन्य प्रकार की सांस्कृतिक विषयों पर लेख पढ़े जाते हैं। श्री विजयेन्द्र सूरि जी ने जैन बौद्ध और वैदिक दृष्टिकोण से विदेह वैशाली और अन्य स्थानों का भौगोलिक और ऐतिहासिक परिचय कराने का प्रयत्न इस पुस्तिका में किया है जो स्तुत्य है। इसे पढ़कर पाठक उसके महत्त्व को जानेंगे और इतिहास के एक विस्मृतप्राय पन्ने को फिर सहज में उपलब्ध कर सकेंगे।

१८ ४ ४६ राजेन्द्र प्रसाद

ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસમાં વૈશાલીનુ મુખ્ય સ્થાન છે કેટલાક દિવસોથી વિહારીઓએ ત્યાંની સ્મૃતિ કાયમ રાખવા માટે મેળો ભરવો શરૂ કર્યો છે જેમાં તે સબધી ઐતિહાસિક વિવેચના અને અન્ય પ્રકારના સાંસ્કૃતિક વિષયો ઉપર લેખો વાંચવામા આવે છે શ્રી વિજયેન્દ્રસૂરિજીએ જૈન, બૌદ્ધ અને વૈદિક દષ્ટિકોણથી વિદેહ, વૈશાલી અને બીજાસ્થાનોનો ભૌગોલિક ઐતિહાસિક પરિચય કરાવવાનો પ્રયત્ન આ પુસ્તકમાં કર્યો છે, જે સ્તુત્ય છે આને વાચીને પાઠકો એના મહત્ત્વને જાણશે અને ઇતિહાસના એક પ્રાય વિસ્મરણ થઇ ગયેલા પાનાને ફરીથી સહેલાઇથી પ્રાપ્ત કરી શકશે

# સમર્પણ

જેમનું સાન્નિધ્ય જ્ઞાન સાધનાનું અપૂર્વ સાધન બન્યું
તે પ્રાતઃસ્મરણીય જગત્પૂજ્ય મહાપ્રભાવક શાસ્ત્રવિશારદ
જૈનાચાર્ય ગુરૂદેવશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારા-
જના હસ્તકમલમાં સાદર સમર્પિત

વિજયેન્દ્રસૂરિ

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ



# શુદ્ધિપત્રક

| અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | પંક્તિ |
|---|---|---|---|
| પતાપ | પ્રતાપ | ૯ | ૫ |
| Khown | Known | 6 | 14 |
| અભિતાભ, ભગવાન્ | અમિતાભ ભગવાન્ | ૧૦ | ૧૭ |
| Appeare | Appear | 13 | 14 |
| નદી તીરેષુ | નદીતીરેષુ | ૧૯ | ૮ |
| x | ૭ | ૧૬ | ૧૦ |
| [illegible] | જૈન | ૨ | ૬ |
| – | | ૨૨ | ૧ |
| [illegible] | [illegible] | ૨૫ | ૧૭ |
| [illegible] | [illegible] | ૨૬ | ૨ |
| [illegible] | [illegible] | ૨૮ | ૫ |
| [illegible] | [illegible] | ૩૦ | ૪ |
| [illegible] | વૈશાલીના | ૩૩ | ૧૮ |
| [illegible] | [illegible] | ૪૦ | ૭ |
| [illegible] | [illegible] | ૪૭ | ૬ |
| [illegible] | અધિકાર | ૫૨ | ૧૨ |
| [illegible] | [illegible] | ૫૮ | ૧૫ |
| [illegible] | [illegible] | ૬૫ | ૨ |

## પ્રસ્તાવના

| અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | પંક્તિ |
|---|---|---|---|
| [illegible] | [illegible] | ૧ | ૨ |
| [illegible] | [illegible] | ૭ | ૧૭ |
| [illegible] | [illegible] | ૭ | ૨ |
| [illegible] | [illegible] | ૮ | ૨ |

| | | | |
|---|---|---|---|
| श्रीज्ञाननालवार | श्रीज्ञान नालवार | ९ | १९ |
| त्तसरी | तीसरी | ११ | १७ |
| ઔદ્ધને | શુદ્ધને | ૧૫ | ૫ |
| જેઓ | જેઓ | ૧૬ | ૭ |
| ગિછાર | ગીધાર | ૧૭ | ૧૭ |
| વિષોપાધ | વિષોપધિ | ૧૯ | ૯ |
| विहारभूमी | विहारभूमी | २१ | १७ |
| કાલ્લાગ | કોલ્લાગ | ૨૪ | ૬ |
| ^શાલીથી | વૈશાલીથી | ૨૮ | ૧૭ |

# વિષયાનુક્રમ

# પ્રસ્તાવના

વિક્રમ સવત ૨૦૦૩, ધર્મ સ  ૨૪ પોષ સુદિ ૧૧ના મે. 'વૈશાલી' નામના એક પુસ્તકની હિન્દી ભાષામાં રચના કરી હતી. જેના પ્રગટ થતાં સાક્ષરો, ઐતિહાસિકો અને અન્વેષકાએ એને આદર પૂર્વક વાંચી અને વખાણી પણ પરન્તુ કેટલાક રૂઢિ પૂજકોએ એની સમાલોચના કરી અને એક ભલા સાધુએ તો 'ક્ષત્રિય-કુ ડ' નામનુ પુસ્તક પણ એની વિરુદ્ધમાં લખીને સવત્ ૨૦૦૬માં મહા સુદિ ૧૧ના જૈન પ્રાચ્યવિદ્યાભવન અમદાવાદથી પ્રકટ કર્યું જે મને તે જ વર્ષમાં મારા આગર (માલવા) ના ચતુર્માસમાં મળ્યુ હતુ મે તેનુ સાંગોપાંગ અવલોકન કર્યું અને મને તેમની બાલિશતા ઉપર દયા આવી મારે તરત જ તેનો પ્રતિવાદ કરવો જોઈતા હતો પરન્તુ કેટલાક અનિવાર્ય કારણોને લીધે હુ તેનો ઉત્તર ન આપી શકયો જ્યારે બીજી તરફ વિહારને કારણે જરૂરી સાધનો મેળવવામાં પણ અડચણો આવવા લાગી. અને જેમ જેમ હુ એ પુસ્તક વાંચતો ગયો અને એમાં આપેલી નવી નવી દલીલો અને કલ્પનાઓનો વિચાર કરતો ગયો, તેમ તેમ મને એમ પણ લાગ્યુ કે–સ સારમાં સમય સમય ઉપર એવા એવા પણ લેખકો પાકે છે, જે આગળ પાછળનો કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના, પોતાની યોગ્યતાને તપસ્યા વિના જેમ આવે તેમ લખવા લાગી જાય છે એમના મનમાં એવી ભાવના હોય છે કે અમે પણ વહેતી ગ ગામાં ડુબકી મારી લઇએ, ઐતિહાસિક બની જઈ એ, અને પોતાના નામને વિખ્યાત કરી લઇએ

પરન્તુ લેખકને ક્યાંય એ ધ્યાન નહીં રહ્યું હોય કે આવી બાબત-બાબતોના ભાગ્યમાં મહાને ભાગે અપવાદ જ સદા રહેલો હોય છે

હવે હું કેટલાક ઉદાહરણો અને મુદ્દાઓ આપીને લેખકના ભાષાપક્ષને વાંચકોની સમક્ષ ઉપસ્થિત કરીશ. એથી એમને ખબર પડશે કે લેખકમાં કેટલી યોગ્યતા છે. બે આ નવી આવૃત્તિમાં તે તે સ્થાનો ઉપર આ વિષયમાં ઘણું લખ્યું છે, છતાં એક કૈકલ્યે બધા મુદ્દાઓ ભેગા કરવાની દૃષ્ટિથી તેમજ સ્પષ્ટતાના હિસાબે તે બધા મુદ્દાઓ ઉપર અહીં સંક્ષેપમાં વિચાર કરુ છુ :—

૧—વિવાદનો પ્રથમ મુદ્દો છે ‘ક્ષત્રિયકુંડ’ અથવા ‘કુંડપુર’ (ભગવાન્ મહાવીરના જન્મ)નુ સ્થાન. હુ લેખકના માનેલા ક્ષત્રિયકુંડને ખરું નથી માનતો પરંતુ તેને ‘સ્થાપના-તીર્થ’ તરીકે માનુ છુ, મૂળ જન્મ-સ્થાન તરીકે નહિ, કારણ કે ભગવાનનો જન્મ વિદેહ-દેશમાં થયો હતો, અંગદેશમાં કે મગધદેશમાં નહિ જ.

૮

૨—લિચ્છવીઓનો રાજ્યસત્તા ગુપ્તકાળ સુધી ક્રમે ક્રમે વિકાસમાં આવ્યો હતો. આ રાજ્યસત્તાનો સંબંધ જ દૂરથી હતો. ક્ષત્રિયકુંડ કે ભગવાનના ગોત્રથી નહિ. નન્દિવર્ધનના પૂર્વજો

કોશલદેશમાંથી વિદેહ દેશમાં આવ્યા હતા, એઓના વંશ અને ગોત્ર પણ ક્રમશ ઇક્ષ્વાકુ અને કાશ્યપ હતા.

૩-ભગવાન્ મહાવીર અર્દ્ધ-માગધી ભાષામાં ઉપદેશ આપતા હતા, તેથી તેઓ મગધદેશના હતા. આ અનુમાન પણ યુક્તિસંગત નથી લેખકમાં કેટલી યોગ્યતા કે બુદ્ધિમત્તા છે તે આવા અનુમાનોથી સ્હેજ જણાઈ આવે છે

૪-લેખકની ધારણામાં 'પાવાપુરી' ક્ષત્રિયકુંડની ઘણી જ પાસે હતી. અને આમાં તેઓ કારણ એ બતાવે છે કે ભગવાન્‌ના નિર્વાણનાં સમાચાર એમના મોટાભાઈ નંદિવર્ધનને પાવાપુરીથી તરત જ મળ્યા હતા પરંતુ વર્તમાન 'પાવાપુરી' એ પણ સ્થાપના-તીર્થ જ છે, એ લેખકના ધ્યાનમાં નથી લાગતું અસલી પાવાપુરીનું મૂલ સ્થાન ભૂલાઈ જવાથી લોકોએ મગધદેશમાં આવેલી વર્તમાન પાવાપુરીને જ મૂલ પાવાપુરી માની લીધી છે, જે ભ્રમણા છે

સર્વ સાધન સંપન્ન અને શક્તિશાલી રાજાઓની આગળ દૂર અને પાસેનો તો કોઈ પ્રશ્ન જ નથી રહેતો એટલે ભગવાન્‌ના મોટાભાઈ નંદિવર્ધનને ભગવાનના નિર્વાણના જલ્દી સમાચાર મળી ગયા તેથી ક્ષત્રિયકુંડને પાવાપુરીની પાસે માનવું એ વાતમાં પણ કંઈ વજૂદ નથી. આ વાતને અમે આગળ વિસ્તારથી ચર્ચશું.

પ—રાજધાનીનું પર્વત ઉપર હોવું, આને માટે 'સિદ્ધિ-ના-પ્રશ્ન' નામનું પુસ્તક વાંચવું અને પ્રાચીન વસ્તુઓમાં પણ એવાં અનેક ઉદાહરણો મળે છે કે જેમાં રાજધાનીઓ નદીને કાંઠે વસાવવામાં આવતી હતી.

આ મુદ્દાઓને હવે અમે વિસ્તાર રીતે ચર્ચીએ છીએ અને 'ક્ષત્રિયકુંડ' પુસ્તકના મૂળ ઉતારા આપીને અમે તેનો જવાબ આપીએ છીએ—

લેખક લખે છે— "પરન્તુ મારે સખેદ લખવું પડે છે કે આ લેખકોમાંથી કોઈ ક્ષત્રિયકુંડ ગયા જ નથી. તેઓએ માત્ર દૂર બેઠાં બેઠાં પાશ્ચાત્ય વિદ્વાનોના વિચારોના આધારે જ આ કલ્પનાઓના કિલ્લાઓ ઉભા કર્યા છે."

—ક્ષત્રિયકુંડ પૃ ૧૫ (પ્રસ્તાવના)

જ્યાં સુધી મારી સાથે સમ્બન્ધ રાખે છે લેખકનું આ લખવું નિતાન્ત ભૂલ ભરેલું છે. કારણ કે હું મારા જગત્પૂજ્ય ગુરુ મહારાજ શ્રી વિજયધર્મસૂરિજીની સાથે વિ. સં ૧૯૬૪માં સમ્મેતશિખરની યાત્રા કરવા જતાં વચમાં ક્ષત્રિયકુંડની યાત્રા કરવા પણ ગયો હતો. અને ત્યાંની ચોમેરની પરિસ્થિતિનું અવલોકન કર્યું હતું. બીજું એ પણ કોઈ નિયમ નથી કે લેખક કોઈ પણ વિષય ઉપર પોતાના ઘરે બેસીને તે સંબંધી બધી સામગ્રી અને સાધન મેળવીને ન

લખી શકે ? કેટલાએ સિદ્ધહસ્ત લેખકો પોતાની પાસે રહેલી સાહિત્યિક સામગ્રીથી અને તે તે પ્રદેશના માનચિત્રો મેળવીને પોતાની આવડતથી વસ્તુ-સ્થિતિનુ સુદર રીતે ચિત્રણ દોરી શકે છે, પરન્તુ જેઓને ગતાગમજ નથી અને અસલી સ્થાને જવા છતાં જેઓની પાસે પૂરી સામગ્રી નથી, તેઓ પરિસ્થિતિને ઊંધી રીતે જ ચીતરી નાખે છે જેવુ કે 'ક્ષત્રિયકુડ' નામક પુસ્તકમાં થયું છે બાકી લેખકોની કલ્પનાના વિષયમાં તેઓએ જે કલ્પના કરી છે, તે તો સર્વથા ભ્રામક છે, જેનો સત્યતાની સાથે જરાય સબન્ધ નથી. અને 'ભગવાન્ મહાવીર અર્દ્ધ માગધી ભાષામાં બોલતા હતા, તેથી તેમનો જન્મ મગધ દેશમાં થયો હતો.' આ પ્રમાણે જેમનુ કહેવુ છે, તે પણ યુક્તિ સગત નથી ૧અર્દ્ધમાગધી ભાષા અને બ્રાહ્મીલિપિ આ બધા ૨પાા આર્યદેશોની ભાષા અને લિપિ હતી. બધા લોકો સમજી શકે આ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને ભગવાને અર્દ્ધ-માગધી ભાષામાં ઉપદેશ આપ્યો હતો. કારણ કે તે ભાષા તે વખતની સાર્વત્રિક તેમજ સાર્વજનિક હતી તેથી અર્દ્ધમાગધી ભાષામા ઉપદેશ આપવા માત્રથી તેઓ મગધદેશના હતા એમ કહેવુ. સત્ય નથી ભાષાથી જો જન્મ દેશનો નિર્ણય કરવામાં આવે તો મહાત્મા બુદ્ધ શાકય-દેશના હતા અને ઉપદેશ આપતા હતા૨ માગધી ભાષામા, તો શુ તેમને મગધવાસી

---

૧- પ્રજ્ઞાપના સૂત્ર પૃ૪ ૫૬/૨

૨- પાલી પ્રોપરનેમ્સ ડિક્શનેરી ભાગ, ૨ પૃ૪ ૪૦૪

કહીશું ? આજકાલ પં. જવાહરલાલ નેહરુ અંગ્રેજી-ભાષામાં ભાષણ કરે છે તો શું તેમને અંગ્રેજ કહીશું ? માટે ભાષાથી જ જન્મ-દેશનો નિશ્ચય થઈ શકતો નથી.

આગળ લેખક લખે છે—" આ રીતે પણ મગધની પાસે અભિકાણામાં વસેલું ક્ષત્રિયકુંડ એ જ ભગવાન્ શ્રી મહાવીર સ્વામીની જન્મભૂમિ હતી, એવું નક્કી થાય છે."

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૧૧ (પ્રસ્તાવના)

ઉપર્યુક્ત પુસ્તકના લેખકનું આ કથન ખાસ જ એ વાતનું સાક્ષી છે કે મગધમાં તેમનો જન્મ ન્હોતો થયો, પરંતુ મગધની પાસે અભિમણામાં જે કેવા ક્ષત્રિયકુંડ હતું તે તેમની જન્મભૂમિ હતી. લેખકનું એ માનવું કે ભગવાન્‌નો જન્મ મગધદેશમાં થયો હતો માત્ર ભ્રમ છે.

આગળ તેઓ લખે છે— "આ આધાર પ્રમાણે ઉપલબ્ધ પ્રમાણોથી વધુ પ્રમાણોના આધારે જે નક્કી થાય છે, તેને જ અંતિમ સત્ય તરીકે માનવામાં આવ્યું છે."

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૧૭ (પ્રસ્તાવના)

ઉપરનું આ તેનું લખવું ઠીક છે, પરંતુ જે 'પ્રમાણોની સાક્ષી' આપને મળી છે તે બરાબર નથી તેના કારણો

એટલા મોટા છે કે તેમાંથી પ્રમાણોના આધારોનો ઠીક ઠીક વિભાગ નથી થઈ શકયો

આગળ તેઓ લખે છે-" બૌદ્ધો શંકરાચાર્યના સમયમાં હિંદમાંથી હિજરત કરી ગયા અને બારેક સદીઓ પછી પાછા આવ્યા તે દરમિયાન તેઓ બૌદ્ધ તીર્થભૂમિઓને ભૂલી ગયા હતા જૈનો પણ એજ અરસામાં હિન્દમાંથી નહિ કિન્તુ પૂર્વ દેશમાંથી હિજરત કરી ગયા હતા અને મધ્યહિન્દ, પશ્ચિમહિન્દ તથા દક્ષિણમાં પહોંચી ગયા હતા.

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૩

સૌથી પહેલાં આપણે શંકરાચાર્યનો ઐતિહાસિક સમય તપાસીએ ઐતિહાસિકો ઈ સન્ ૭૮૮ થી ૮૨૦ સુધીના સમયને શંકરાચાર્યનો સમય માને છે બલદેવ ઉપાધ્યાય ઈ. સન્ ૬૮૮ થી ૭૨૦ માને છે. રાજેન્દ્રઘોષ શંકરાચાર્યની આયુષ્ય ૩૪ વર્ષ માને છે, જ્યારે બીજા લોકો ૩૩ વર્ષ માને છે. ઐતિહાસિક વિદ્વાનો શંકરાચાર્યનો ઉત્કર્ષ કાલ ૭૫૮ થી ૮૫૪ સુધીનો માને છે. શંકરાચાર્યે જૈનો અને બૌદ્ધોને હાંકી કાઢયા હતા, એ વાત કપોલ-કલ્પિત છે. 'શંકર-દિગ્વિજય'માં જે એ લખ્યું છે કે હિમાલયથી કન્યાકુમારી સુધી શંકરાચાર્યનો પ્રભાવ હતો, એ તો કેવલ કિન્તી માત્ર અને તેમની મહિમા વધારવા માત્રનો પ્રયાસ જ છે, એની કોઈ વાસ્તવિક કિંમત નથી

શંકરાચાર્યના વખતમાં ન તો ભારતમાંથી બૌદ્ધો ચાલ્યા ગયા અને ન તેઓએ પણ પૂર્ણ ભારતને છોડીને ભારતમાં પ્રયાણ કર્યું કારણ કે તે વખતે તો બૌદ્ધોની ભારતમાં પ્રબળતા હતી. તેનું એક પ્રબલ પ્રમાણ એ પણ છે કે કેટલાક વૈદિક ગ્રંથકારોએ સ્વયં શંકરાચાર્યને 'પ્રચ્છન્ન બૌદ્ધ'ની ઉપાધિથી વિભૂષિત કર્યા છે. શંકરાચાર્યની પછી પણ દસમી શતાબ્દિમાં અન્તિપાર ખ્રીસ્તના સમયમાં નાલન્દામાં બૌદ્ધોની વિશ્વ-વિદ્યાલય ચાલતી હતી. અને સન્ ૧૦૨૧માં બૌદ્ધ સમ્રાટ મહિપાલે નાલન્દા વિશ્વવિદ્યાલયને સહાયતા કરી હતી. આઠમીથી બારમી શતાબ્દિ સુધી પાલવંશી રાજાઓનું જ રાજ્ય હતું તેઓ મોટા ભાગે બૌદ્ધ ધર્મના જ અનુયાયી હતા. એથી એ ન કહી શકાય કે બૌદ્ધો ભારતવર્ષને છોડીને બહાર ચાલ્યા ગયા હોય. અને એ તો બીલકુલ અસંભવ છે કે તેઓ શંકરાચાર્યને કારણે ભારત છોડીને ક્યાંય હિજરત કરી ગયા હોય. આવી ભ્રાન્ત ધારણાઓને ઉત્પન્ન કરવાના કારણે જ 'શંકર-દિગ્વિજય' એક અપ્રામાણિક ગ્રંથની કોટીમાં આવી ગયો છે. તેથી તેની કોઈ પણ વાત અનૈતિહાસિક દૃષ્ટિએ સત્યના પુરાવા તરીકે સાબીત નથી થઈ શકતી. જેમ-

आसनारातुपागात्रर्वाग्दानादृदालम्बम् ।
न हन्ति य स हन्तव्या मृष्यानित्यमशामृषा ॥

—माधवीय शङ्करदिग्विजय १ ९६

અર્થાત—કન્યાકુમારીથી લઈને હિમાલય સુધીના બૌદ્ધોને મારી નાખવા જોઇએ પછી તે બાળક હોય કે વૃદ્ધ, જે આમ નહીં કરે તેને મારી નાખવામાં આવશે. એમ રાજાએ નોકરોને આજ્ઞા કરી.

હવે અમે નીચે કેટલાક પ્રસિદ્ધ ઐતિહાસિક ગ્રન્થોના અવતરણો આપીએ છીએ, જેનાથી એ સ્પષ્ટ જણાઈ આવશે કે ન કેવલ શંકરાચાર્યના વખતમાં જ પરન્તુ તેના પછી કેટલીય સદીઓ સુધી બૌદ્ધ-ધર્મનુ ભારતમાં અસ્તિત્વ રહ્યુ છે

१ (क) "नालन्दा विश्वविद्यालय विहारप्रदेशे अवस्थित हइलेउ वागालीरा ईहाके आपनार बलिया मने करितेन ए स्थाने बहु बांगाली छात्र ओ अध्यापक छिलेन। वगेर पालराजादिगेर शासनकाले विहार प्रदेश ताहादेर शासनाधीन छिल तखन ताहाराई नालदा मठेर अध्यक्ष नियुक्तकरितेन। राजा देवपालदेवेर राजत्वकाले आचार्यवीरदेव एवं नयनपालदेवेर राजत्वकाले दीपङ्कर श्रीज्ञाननालंदार संघस्थविर नियुक्त हन।"

—श्री शरतकुमार रायकृत 'बौद्धभारत' पृ. ९७

(ख) "चतुर्थशताब्दि हईते द्वादश शताब्दि पर्यन्त नालन्दा विहार विराजमान छिल।"

—श्री शरतकुमार रायकृत 'बौद्ध भारत' पृ १००

(ग) १ १८ खृष्टाब्दे दीपङ्कर तिब्बतगमन करिया संस्कार कार्ये ब्रती हइया छिलेन। त्रयोदशी शताब्दीर प्रारम्भे यखन बख्तियार खिलजि अवरोध करेन तखन मुसलमानेरा विक्रमशीला ध्वंस करे। पालवंशीय देवनरपति इन्द्रद्युम्नेर शासनकाले एइ घोषणीपत्रखाना लिखियाछिल। ए समये शाक्यश्री विक्रमशिलार प्रधानपुरोहित छिलेन।

—श्री शरत्कुमार रायकृत 'बौद्ध भारत' पृ १ ५

(घ) मुसलमानेर आक्रमणे बौद्धधर्म भारतवर्ष हइते विलुप्त हइया छिल। ए कथा बलिले सत्येर अपलाप करा हय। एइ देशे मुसलमान शासन प्रतिष्ठित हइबार बहुपरेओ उडिष्याय बौद्धधर्म प्रचलित छिल। मुसलमानदेर मगधजयेर परेओ काठि-यावाड़ गुजरात ओ राजपुतानाय बौद्धधर्म प्रचलित छिल।"

—श्री शरत कुमार रायकृत 'बौद्ध भारत' पृ ११६

There some inscriptions written in Nagari Chara ters indicat that J tavan remained a centre of Buddhism the 8th or 9th Century A D F en as late as the 12th Century the great Convent of J ta continued to be centre of B ddhist learn ng nd culture where lived a large community of Buddhist monks enjoying the royal fa ur of the king of Kanauj.

—Sravasti in Indian Literature M. A. S. I. No 50 (B. C. Law) Page 33

અર્થાત્ નાગરી લિપિના કેટલાક શિલાલેખોથી એ નિશ્ચિત થાય છે કે 'જેતવન-વિહાર' આઠમી અથવા નવમી શતાબ્દિમાં 'બૌદ્ધ-ધર્મનુ કેન્દ્ર હતો. બારમી શતાબ્દિ સુધી 'જેતવન'નો આ વિહાર બૌદ્ધ ધર્મ અને સંસ્કૃતિનું કેન્દ્ર-સ્થલ બની રહ્યો હતો. તેમાં કનોજના રાજાનો કૃપા-પાત્ર એક મોટો બૌદ્ધ ભિક્ષુ-સંઘ રહેતો હતો.

" हर्षवर्द्धन के बाद नालंदा महाविहारका संरक्षण प्रधानतः पालवंशी राजाओंद्वारा होता रहा। पालोंके आधिपत्यका सूत्र आठवीं ईसवी सदीके प्रारम्भमें होता है। उस समयसे बारहवीं सदी तक विश्वविद्यालय उन्हींके संरक्षणमें रहा।.. इस वंशके अंतिम राजा 'गोविन्दपाल' का नाम भी नालन्दासे सम्बद्ध है। 'अष्ट सादस्रिका प्रज्ञापारमिता' का एक प्रतिलिपि नालन्दा में गोविन्दपालके राज्यके चौथे वर्ष (इ. स. ११६५) में तैय्यार हुई थी।"

—द्विवेदी अभिनन्दनग्रन्थ, नालन्दा विश्वविद्यालय
लेखक-विश्वनाथ प्रसाद, पृष्ठ ३२०

४ " ईसवी पूर्व तसरो शताब्दिसे ई. स. की बारहवीं शताब्दि तक सारनाथ बौद्धधर्मका एक प्रधान केन्द्र बना रहा।"

—सारनाथका संक्षिप्त परिचय अवतरणिका पृष्ठ-१

५ " इत्येव नयरीए बुद्धायपण चिहइ जत्य समुद्दवंसीया

कराचश्च नरिंदकुलमेपमारायागो बुद्धमया महाबिंबियदेव पयस पुग्गो मरम्पञ्ज पञ्चाविय अर्भकिय तिपूसिमे महाहुरं गमे होमंति।

—जिनप्रभसूरिकृत-विविधतीर्थकल्प पृष्ठ [illegible]

અર્થાત – આ નગરીમાં બુદ્ધમંદિર છે જેમાં સમુદ્રના [illegible] નરેન્દ્રકુલભૂત બુદ્ધભક્ત રાજાઓ આજે પણ (જિનપ્રભસૂરિના સમયમાં—ચૌદમી શતાબ્દિમાં પણ) પોતાના દેવની આજ્ઞા મહાભક્તિથી જાણી [illegible] એવા મોટા મોટા પોતાને સમર્પણ કરે છે."

આ અમે થોડાક મન્દિરોના જ પ્રમાણો આપ્યા છે. આવી રીતે બીજા મંદિરોના પણ પ્રમાણો આપી શકાય છે. એનાથી એ નિર્વિવાદ સિદ્ધ થાય છે કે શંકરાચાર્યના સમયમાં અને તેમની પછી પણ કેટલીયે સદીઓ સુધી બૌદ્ધધર્મનું અસ્તિત્વ જ નહિ પરંતુ ઘણી મોટી સંખ્યામાં તેમના અનુયાયીઓ પણ ભારતવર્ષમાં રહ્યા હતા. ઉદાહરણ માટે જુઓ—

[illegible] પૃ ૧૨—૧૩

એક તરફ (શંકર દિગ્વિજય જેવા ગ્રન્થોના લેખકો તરફ)થી તો એ કહેવામાં આવે છે કે શંકરે બૌદ્ધોને ભારતમાંથી કાઢી મૂક્યા હતા જ્યારે બીજી તરફથી (અનેક ઐતિહાસિક વિદ્વાનો તરફથી) એમ એમના પછી પણ

ગૌડદેશ (વિહાર–બંગાલ)માં પાલ–વંશીય બૌદ્ધ રાજાઓનું પ્રચંડ પ્રતાપશાલી સામ્રાજ્ય ફેલાએલું જોઈએ છીએ અને તેજ વખતે ઉદન્તપુરી (વિહાર–શરીફ) અને વિક્રમશિલા જેવાં બૌદ્ધવિશ્વવિદ્યાલયોને સ્થાપિત થયેલાં જોઈએ છીએ. આજ વખતે ભારતીય બૌદ્ધોને અમે તિબ્બત પર ધર્મવિજય કરતાં પણ જોઈએ છીએ ૧૧ મી સદીમાં ઉપર્યુક્ત 'શંકર દિગ્વિજય'ની દંતકથાના આધારે કોઈ પણ બૌદ્ધ ન હોવો જોઈએ તે વખતે પણ તિબ્બતથી કેટલાય બૌદ્ધો ભારતમાં આવે છે અને તેઓ બધે ઠેકાણે બૌદ્ધ ગૃહસ્થો અને બૌદ્ધ સાધુઓને જોવે છે .ગૌડ રાજા તો મુસલમાનોના વિહાર–બંગાલ ઉપર વિજય પ્રાપ્ત કરવા સુધી બૌદ્ધધર્મ અને કલાના સંરક્ષક હતા અંતિમ સમય સુધી તેઓના તામ્રપત્રો બુદ્ધ ભગવાન્‌ના પ્રથમ ધર્મોપદેશ સ્થાન 'મૃગદાવ (સારનાથ) ના સૂચક' બે હરણોની વચમાં રાખેલાં ચક્રથી સુશોભિત હતાં

ગૌડદેશના પશ્ચિમમાં કાન્યકુબ્જ (કન્નૌજ) નુ રાજ્ય હતુ. જે યમુનાથી ગંડકી નદી સુધી ફેલાયેલુ હતું ત્યાંની પ્રજામાં અને રાજાઓમાં બૌદ્ધધર્મ પ્રત્યે અત્યન્ત માન હતુ આ વાત જયચંદના દાદા ગોવિન્દચન્દ્રે (ઈ સ. ૧૧૧૪–૧૧૪૫) જેતવન વિહારને આપેલા પાંચ ગામોના દાન-પત્ર ઉપરથી તથા તેમની રાણી કુમારદેવીએ બનાવેલા સારનાથના મહાબૌદ્ધમંદિરથી જણાય છે ગોવિન્દચન્દ્રના પૌત્ર જયચન્દની એક ખાસ રાણી

બૌદ્ધ ધર્માવલમ્બિની હતી. એના માટે લખવામાં આવેલી 'પ્રજ્ઞા પારમિતા'ની પુસ્તક હજુ પણ નેપાલ દરબારના પુસ્તકાલયમાં મોજૂદ છે, જુઓ પૃષ્ઠ ૧૭. શું એનાથી એ સિદ્ધ નથી થતું કે શંકર દ્વારે બૌદ્ધ ધર્મનો દેશનિકાલ એ કલ્પના માત્ર છે

શંકરાચાર્યનો જન્મ સમય ઈ સન ૭૮૮ (વિક્રમ સં ૮૪૫) માનવામાં આવે છે. તેઓએ તે વખતે દક્ષિણમાં શૃંગેરીમઠ, પશ્ચિમમાં દ્વારકામઠ, ઉત્તરમાં બદરી કેદારમઠ, અને પૂર્વમાં પુરીમાં ગોવર્ધન મઠની સ્થાપના કરી હતી. એથી જણાય છે કે એ વખતે એમનો પ્રભાવ ભારતની ચારે દિશામાં હતો. એવી સ્થિતિમાં સક્રિય રૂપના વૈભવનું એ કહેવું સર્વથા અનુચિત છે કે જૈનો પણ આઠમી સદીમાં પૂર્વદેશમાંથી ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ તરફ ચાલ્યા ગયા હતા. કારણ કે ઉપરની ત્રણ દિશાઓમાં પણ શંકરાચાર્યના મઠો હતા, અને તેમનો પ્રભાવ પણ વધેલો જ હતો. તેથી શંકરાચાર્યના નૂતન અદ્વૈતવાદના દર્શનને કારણે જૈનોનું પૂર્વ દિશાને છોડીને બીજી દિશાઓમાં જવું ન્યાય-સિદ્ધ નથી. કારણ કે જૈનોના અહિંસા, અપરિગ્રહ આદિ સિદ્ધાન્તો તેમજ અનેકાન્ત દર્શન એટલા પ્રબળ હતા કે તેઓ અદ્વૈતવાદની યુક્તિઓ આગળ બરાબર ટકી શકે તેમ હતા. બૌદ્ધ ધર્મનો લોપ કેવળ શંકરાચાર્યને લીધે નથી થયો. શંકરાચાર્યના પછી પણ ઘણા વખત સુધી બૌદ્ધ ધર્મ આ દેશમાં ટકી રહ્યો હતો.

જેમકે અમે આગળ લખી ચૂક્યા છીએ. એના છોડી જવાનું કારણ બીજું છે અને તેમ ખાસ કરીને મુસલમાનોનાં અજ્ઞાન-મૂલક ધર્મધ્વંસી આક્રમણો હતાં મુસલમાનોની ધર્માન્ધતા અને ક્રૂરતાના કારણે બૌદ્ધ ધર્મ ટકી ન શક્યો. બીજું હિન્દુ-ઓએ બૌદ્ધને વિષ્ણુનો અવતાર માનીને પોતાનામાં ભેળવી લીધા. જૈનો તો તે વખતે પણ આ દેશમાં ઉન્નત મસ્તકે ટકી રહ્યા હતા અને શંકરાચાર્યના અદ્વૈતવાદની તેમના ઉપર કંઈ પણ અસર ન થઈ હા, એટલી વાત જરૂર છે કે તેઓ પણ કેટલાક અંશે બૌદ્ધોની માફક હિન્દુ (વૈદિક) શાસકોના અત્યાચારના ભોગ બન્યા હતા.

આગળ લેખક લખે છે–" અને જમુઈથી પશ્ચિમમાં ૧૪ માઈલ દૂર નદી કાંઠે લછવાડ ગામ છે, જે લિચ્છવિઓની ભૂમિ હતી "

—ક્ષત્રિયકુંડ પૃ૪–૪

"ક્ષત્રિયકુંડ જતાં પહેલાં લછવાડ ગામમાં રહેવું પડે છે. આ નગર લિચ્છવિ રાજાઓની રાજધાની તરીકે પ્રસિદ્ધ છે."

—જૈન તીર્થોનો ઇતિહાસ પૃ૪ ૪૮૫

મુંગેર જિલ્લા ગેઝેટિયરના પૃ૪ ૨૨૮માં લખ્યુ છે કે–ઈ સ. ૧૮૭૪માં મુર્શિદાબાદવાળા રાય બહાદુર ધનપતસિંહજીએ અહીં દેરાસર અને ધર્મશાળા બંધાવ્યા હતા, ત્યારથી

લછુઆડથી ક્ષત્રિયકુંડ જવાનો આ માર્ગ શરૂ થયો છે એ પહેલાં લોધ મથુરાપુર થઈને ક્ષત્રિયકુંડ જતા હતા. જુઓ પ્રાચીન તીર્થમાળા સંગ્રહ ભાગ-૧ સંવત-૧૭૫ માં ૫ સૌભાગ્યવિજયજી રચિત તીર્થમાળા.

બીજું લિચ્છવિઓની રાજધાની વૈશાલી નગરી હતી. લછુઆડ નહિ. વૈશાલી અને લછુઆડને એક સમજીને તેમને આ ભ્રાન્તિ થઈ લાગે છે.

" —આકી વૈશાલી પાસે ગંડકી નદી હતી, એ નક્કર વાત છે" —ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૩૨, ૩૪ તેમણે વૈશાલી સમજીને આ વાત લખી છે પરન્તુ લિચ્છુઆડની પાસે ગંડકી નદી નથી, એ તો બહુઆર ( Bahuar ) નદી છે, જે લછુઆડમાં માત્ર આઠ-નવ માઈલ છે-(જુઓ માનચિત્ર ૭૨, શીટ ૧)

વળી આગળ જતાં તેમણે લખે છે કે-ગિરા પાસે વડ નદી છે."-ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૪૬ આ નદીનું સાચું નામ વડ નથી પરન્તુ બરનાર ( Barnar ) છે. (જુઓ માનચિત્ર ૭૨, શીટ ૫)

સિકન્દરાની ચકલાથી પૂર્વમાં ૬ માઈલ જતાં લોધાપાનીની નામનું સ્થાન આવે છે. આ ભૂમિ જ અસલમાં ભ૦ મહાવીરનું "જન્મસ્થાન" છે, એનું બીજું નામ ક્ષત્રિયકુંડ છે.—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ-૫

લેખકની માન્યતા પ્રમાણે જો 'લોધાપાની' ને જ અસલી 'ક્ષત્રિય–કુંડ'ની ભૂમિ માનવામાં આવે તો પણ તેમને વર્તમાન 'ક્ષત્રિય–કુંડ' સ્થાપના તીર્થ જ માનવુ પડશે. શ્રીજિનપ્રભસૂરિએ 'વિવિધ તીર્થકલ્પ'ની રચના કરી છે. તેમાં તો આ 'ક્ષત્રિયકુંડ'નુ નામ માત્ર પણ નથી. નીચેની તીર્થ-માલાઓમાં 'ક્ષત્રિયકુંડ'નું નામ આવે છે

સંવત ૧૫૬૫માં પં હસસોમે રચેલી 'પૂર્વદેશીય ચૈત્ય–પરિપાટી'

સવત ૧૬૬૪માં પં. જયવિજયજીએ રચેલી 'સમ્મેત-શિખર તીર્થમાળા'

સંવત ૧૭૧૭માં પં વિજયસાગરજીએ રચેલી 'સમ્મે-તશિખર તીર્થમાળા'

સવત ૧૭૪૬માંપં. શીલવિજયજીએ રચેલી તીર્થમાળા.'

સંવત ૧૭૫૦માં પ. સૌભાગ્યવિજયજીએ રચેલી તીર્થમાળા'

" ગિદ્ધોરના રાજા પોતાને રાજા નંદિવર્ધનના વંશ જ તરીકે ઓળખાવે છે અત્યારે એની રાજધાની પરધંડામાં છે"

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૯.

મહારાજ ગિદ્ધૌરના સબન્ધમાં 'મુંગેર–જિલ્લા–દર્પ
નામની પુસ્તકમાં પૃષ્ઠ ૪૫–૪૬માં નીચે પ્રમાણે લખ્યું છે–

'यहां एक बहुत पुराने घरानेके राजपूत जमींदार रहते हैं
इनके पूर्वज पहले बुन्देलखण्ड महोबा राज्यके स्वामी थे। इन
दिल्लीके अन्तिम हिन्दू राजा पृथ्वीराजने हराया था। मुस
मानोंके लड़के आने पर ये लोग मिर्जापुर आये। यहांसे वीर
विक्रमशाहने आकर मुंगेर जिलेमें अपना राज्य कायम किया
शुरूमें इन लोगोंने गिद्धौर पहाड़ीके पास अपना किला बनवाय
यहां अब भी उसके चिह्न मौजूद हैं।'

આ ઉપરના ફકરાપરથી એ જણાઈ આવે છે કે–વર્તમાન
ગિદ્ધૌર નરપતિના વંશજો બુન્દેલખંડના મહોબા રાજ્યથી
અનુક્રમે આવીને અહીં બિહારમાં રહ્યા હતા. આના રાજવ
નામ ગિદ્ધૌર વંશનું નામ ચન્દેલ અથવા ચંદ્રવંશી તથ
ગોત્રનું નામ ચન્દ્રાત્રેય હતું

[illegible] —હિંદુ [illegible] ક્ષિતિપતિ
[illegible]
[illegible]

બીજું આ નરેશ ભગવાનનું ગોત્ર કશ્યપ હતું એ
કલ્પસૂત્ર નીચેના અવતરણથી જણાઈ આવે છે

" नायाणं खत्तियाणं सिद्धत्थस्स खत्तियस्स कासवगुत्तस्स "

—શ્રી કલ્પસૂત્ર, સૂત્ર ૨૯, સન્ ૧૯૪૧ અમદાવાદ.

તથા વંશ 'જ્ઞાતૃવંશ' નો અર્થ આવશ્યકચૂર્ણિમાં 'વૃષભ સ્વામીના પરિવારના લોકો' કર્યો છે જે ઈક્ષ્વાકુવંશનું જ નામાંતર છે

णाता णाम जे उसभसामिस्स सयनिज्जगा ते णातवंसा।

—આવશ્યકચૂર્ણિ ભાગ–૧, પૃષ્ઠ ૨૪૫

શ્રી જિનપ્રભસૂરિએ કલ્પસૂત્રની 'સંદેહ વિષૌષાધ' વૃત્તિ (પૃષ્ઠ ૩૦, ૩૧)માં આજ અર્થ કર્યો છે, જે અમે નીચે આપીએ છીએ

"तत्र ज्ञाताः श्रीऋपभस्वजनवंशजाः इक्ष्वाकुवश्याः एव"
"ज्ञाता इक्ष्वाकुवंशविशेषाः।"

—कल्पसूत्र, संदेहविषौषधि, निर्मित सं.१३६४ अयोध्या

આ બધા પ્રમાણોથી એ જણાઇ આવે છે કે ભગવાન્ મહાવીરના પૂર્વજો પહેલા કોશલ દેશવાસી હતા જેમની રાજધાની અયોધ્યા હતી. તો પછી 'ગિદ્ધૌર રાજા નંદિવર્દ્ધન વંશના હતા' એનો મેળ કેવી રીતે બેસી શકે છે ?

લેખક લખે છે—

'સમીપમાં વૈશાલી પાસે વૈસાલ—માને છે

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૨૦૬

સમીપમાં વૈશાલી પાસે વૈસાલને માનતા નથી, પરન્તુ વૈસાલને / વૈશાલી માને છે મતલબ કે વૈશાલીને વૈસાલ જુદા જુદા નથી

આગળ લેખક લખે છે—

જો કે દિગમ્બર શાસ્ત્રોમાં પણ મહાવીર સ્વામીનો જન્મ કુંડપુરમાં જ બતાવ્યો છે

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૨૭

જેમ દિગમ્બરો વિદેહ દેશમાં આવેલા કુંડપુરને ભગવાનનું જન્મસ્થાન માને છે તેવી જ રીતે શ્વેતામ્બરોએ પણ આજ કુંડપુરને ભગવાનનું જન્મ સ્થાન માન્યું છે જુઓ કલ્પસૂત્ર-મૂલસૂત્ર-૧( ૧ ૦ ૧ ૧).

'આર્યદેશ અને ક્ષત્રિયકુંડ' આવું મથાળું લેખકે બાંધ્યું છે તે બીના એ બતાવે છે તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ અને વિહાર ભૂમિઓ બધી આર્યદેશમાં જ હોય છે, પછી એને વિવાદાસ્પદ કે પ્રમાણ બનાવીને એ જુદાઈ કર્યો કે- 'તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ અને પ્રાય વિહાર—

ભૂમિઓ ને દેશોમાં જ આવેલી છે, લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ તથા વૈશાલી પાસેનું વાસુકુંડ આર્યદેશમાં છે"

—ક્ષત્રિયકુંડ, પૃષ્ઠ ૨૮, ૨૯

બિલકુલ અનુચિત તેમજ અસ્થાને લાગે છે જે વાતમાં કોઈ વિવાદ જ નથી તે વાતને છેડીને તેનો નીવેડો લાવવો એમાં કોઈ નવીનતા નથી એવું કોણ કહે છે કે 'ક્ષત્રિયકુંડ' અથવા "વાસુકુંડ' આર્યદેશમાં નથી, તે સિવાય વિહારભૂમિઓને જે 'પ્રાય' વિશેષણ આપવામાં આવ્યુ છે, તે તો સાવ નિરર્થક છે કારણ કે વિહારભૂમિઓ આર્યદેશમાં જ હોય છે, બહાર નથી હોતી તેથી 'પ્રાય' શબ્દનો તો કંઈ અર્થ જ રહેતો નથી 'પ્રાય' નો અર્થ તો ત્યારે ઉચિત લેખાત કે જો એકાદ વિહારભૂમિ આર્યદેશની બહાર પણ હોત

બીજી વાત આ પ્રસગને લઇને આર્યદેશની સીમાઓને બાંધવાના વિષયમાં છે ભગવાને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી આર્યદેશોની સીમામાં જે ન્યૂનતા કરી અને એ નિશ્ચિત કર્યું કે-

"मगहा कोसंबिया, थूणाविसओ कुणालविसओ य।
एसा विहारभूमी, एतावताऽऽरियं खेत्तं।' नि. ३२६२

—બૃહત્કલ્પસૂત્ર ભાગ ૩ પૃષ્ઠ ૯૧૩

' શ્રી આત્માનંદ જૈન સભા (ભાવનગર) પ્રકાશિત

આને લઈને આપે પોતાના મનથી જે શંકા સમાધાન કર્યું તેને પણ અહિં આ કોઈ સ્થાન નથી. કારણ કે ભગવાને પોતાના સમયમાં આર્યદેશની જ મર્યાદા બાંધી લીધી હતી. તેમાં વળી પાછું આર્યદેશની અંદર જ તેમને 'ધર્મ-પ્રધાન ભૂમિ' કહેવી એનો કંઈ અર્થ નથી. ધર્મપ્રધાન ભૂમિ જ આર્ય ભૂમિ છે. ભગવાને પ્રતિપાદન કરેલ આર્ય-ભૂમિની બહારનો પ્રદેશ અનાર્ય જ છે. સમય સમય ઉપર આર્યદેશ અનાર્ય દેશ થઈ જાય છે અને અનાર્યદેશ આર્ય-દેશ થાય છે. સમ્રાટ્ સંપ્રતિના સમયમાં ભગવાને જે પ્રદેશને અનાર્ય ઘોષિત કર્યો હતો તે પણ આર્ય થઈ ગયો. જાતિ રચવા આર્ય દેશ કહેવાના એજ છે તેમાં ભગવાને પોતાને કેવલજ્ઞાન થયા બાદ કંઈક ઘટાડો કર્યો હતો અને સમ્રાટ્ સંપ્રતિએ તે રચ્યા આર્યદેશોની ભૂમિમાં પણ વિશેષ વધારો કર્યો હતો.

ભગવાને કેવલ-જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ આર્યદેશ અને વિહારભૂમિની સીમા બાંધી તેટલી જ તેમના સમયમાં આર્ય દેશ અને વિહારભૂમિઓ હતી. તે સિવાયના બધા અનાર્યદેશ અને અવિહાર ભૂમિઓ હતી. ભગવાને બતાવેલી ભૂમિઓને ધર્મ પ્રધાનભૂમિ કહીને તેની બહારની રચવા દેશોના અંદરની ભૂમિને આર્ય માનવી એ ઉચિત નથી. એ આર્ય જ 'આર્ય દેશ'ની કલ્પના કરવામાં આવશે તો પછી ભગવાને પોતાના સમયમાં આર્ય દેશ અને 'વિહાર-ભૂમિ'ની જ મર્યાદા બાંધી

તેનો કંઈ પણ અર્થ નથી જો ૨૫॥ આર્યદેશો જ બધા ઉત્તર-દેશો હતા, તો પછી ભગવાને બાંધેલી સીમાની અંદરના જ 'આર્યદેશ' માનવા અને તેટલીજ ' વિહાર-ભૂમિ ' બતાવવી નિરર્થક થઈ જશે તેથી આપનું એ લખવુ—"આથી સાડી પચ્ચીસ આર્યદેશો છે અને મધ્યના અમુક દેશો પ્રધાન ધર્મભૂમિ છે,એમ માનવું તર્ક સંગત સમન્વય છે ક્ષત્રિયકુંડ .

પૃષ્ઠ ૨૯. બિલકૂલ અસંગત છે

આજ સુધી ઇતિહાસ એ સાબીત નથી કરી શકયો કે ગગાના દક્ષિણમાં મલ્લોનું રાજ્ય હતુ 'મલ્લ' અને 'મલય' ને એક માનવા એ પણ અજ્ઞાનતાનું સૂચક છે કારણ કે 'મલ્લો'નુ રાજ્ય ગગાની ઉત્તરમાં હતુ "તેમ મગધ, અંગ, માળવા, સિન્ધુ, સૌવીર વગેરે એક હત્થુ સત્તાવાળા એક સત્તાક અનેક રાજ્યો પણ હતા."

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૩૧

સિન્ધુ-સૌવીર અલગ અલગ રાજ્યો ન હતા તેનો રાજા એક જ હતો

આગળ લેખક પૃષ્ઠ ૩૨ ઉપર પં કલ્યાણવિજયજી અને મારી વચ્ચે મતભેદનો ઉલ્લેખ કરે છે. સભવ છે પં કલ્યાણવિજયજી અને અમારી વચ્ચે કોઇ વિષયમાં મતભેદ હોય પરન્તુ ક્ષત્રિયકુંડ વૈશાલીની પાસે હતું એમાં તો જરાયે મતભેદ નથી

વૈશાલી અને વાણિજ્ય ગ્રામની વચ્ચે માત્ર જળમાર્ગ જ હતો સ્થળ માર્ગ કે પુલ ન હતો."

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૩૨

આ સમજણ યુક્તિસંગત નથી, કારણ કે વાણિજ્ય ગ્રામ જવાનો જેમ જળ માર્ગ હતો તેમ ક્ષત્રિયકુંડથી કર્મારગ્રામ થઈ, સન્નિવેશ થઈને વાણિજ્ય ગ્રામ જવાનો સ્થળમાર્ગ પણ હતો. કારણ કે ભગવાન જ્યારે વાણિજ્યગ્રામ પધાર્યા અને [illegible] ચૈત્યમાં ઊતર્યા ત્યારે શ્રી ગૌતમસ્વામી ભગવાનની આજ્ઞા લઈ વાણિજ્ય ગ્રામમાં ગોચરી ગયા અને પાછા વળતા પાસેના કોલ્લાગ-સન્નિવેશમાં જ્યાં આનંદ શ્રાવકે અનશન કર્યું હતું ત્યાં ગયા અને ત્યાંથી પાછા આવ્યા. એટલે વાણિજ્ય ગ્રામ આવવાના જળ માર્ગ અને સ્થળમાર્ગ (પુલમાર્ગ) એમ બન્ને માર્ગો હતા. ક્ષત્રિયકુંડ વૈશાલીની સમીપમાં હતું એ વાત તો હવે નિર્વિવાદ સિદ્ધ થઈ ગઈ છે.

મહાપંડિત રાહુલજી [illegible] 'દીઘનિકાયનો' જ એક ભાગ છે, એ વાત લેખકના ધ્યાનમાં નથી આવતી. તેથી 'ક્ષત્રિયકુંડ' પૃષ્ઠ ૩ ઉપર બન્નેને જુદા જુદા લખ્યા છે.

પણ આ વાત સૂત્ર નથી. કલ્પસૂત્રમાં ઉલ્લેખ છે કે મહાવીરે વૈશાલી નગરી અને વાણિજ્ય ગ્રામની નિશ્રાએ બાર ચોમાસાં કર્યાં.

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૩૩

ભગવાનના ચોમાસાનુ વર્ણન માત્ર કલ્પસૂત્રમાં જ આવે છે, આચારાંગ સૂત્રમાં નહીં

"વૈશાલી નાશ પામી છે, પણ આજે તેના સ્થાને વેસાડગઢ, જે પટણાની ઉત્તરે ૨૭ માઈલ દૂર છે"

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૩૪

વૈશાલીના સ્થાને 'વેસાડ ગઢ' નથી, પરન્તુ પ્રાચીન વૈશાલીને જ આજકાલ વેસાઢ બોલે છે. અને એની પાસે જ ગઢ છે. વૈશાલી પણ સર્વથા નાશ ન્હોતી પામી આગળ લખે છે·—

"કુંડપુરને બદલે વાસુકુંડ શબ્દ બને તેનો આધાર પાઠ પણ મળતો નથી" ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૩૫.

શહેરોના નામોમાં સર્વથા પલ્ટો કેમ આવે છે તે માટે હું તમને મારાજ ગામનુ ઉદાહરણ આપું. સનખતરાનું પહેલા નામ હેમનગર હતું જે ટોડરમલ રાજાના છોકરા હેમરાજના નામ ઉપરથી પડયું હતું પરન્તુ પાછળથી સનખતરા નામના સાધુ ઉપરથી તેનુ નામ સનખતરા પડી ગયું એટલે ગામના નામો પણ સર્વથા બદલાતા રહે છે

"પરન્તુ આ વેસાડ અને બનિયા વચ્ચે આજે તો નદી નથી એ વાત ચોક્કસ છે"

—ક્ષત્રિયકુંડ, પૃષ્ઠ ૩૫

—

આજકાલ વસાદ અને બનિયાની વચ્ચેમાં ગઢકોતરી નામે પરન્તુ નદીના તો અત્યારે ભાગમાં કરે છે. એવા અનેક દાખલાઓ છે અને તે વખતની અર્થાત્ ૨૫ વર્ષ પહેલાની વાતનો આજકાલના સમય સાથે મેળ મેળવવો એ કયાં સુધી ઉચિત છે

અને આસરૂ ગામ વગેરે શબ્દો વપરાયા છે. તેથી સમજાય છે કે કુકપુર નગર હતું તેના બે ભાગ હતા. ૧ પૂર્વમાં આસરકુકનગર અને ૨ પશ્ચિમમાં દક્ષિણકુકનગર."

—પ્રમિયાક પૃ ૨૧

આસરૂગામ તો ગજગૃહથી ચંપા જતાં માર્ગમાં આવતું હતું અને અત્રે કોઇ મન નથી કે જેમાં 'આસરૂકુક' ગામને આસરૂ ગામ સમજવામાં આવ્યું હોય. આસરૂ ગામમાં નંદ અને ઉપનંદ નામના બે ભાઈઓ રહેતા હતા. પરન્તુ તેમાં આસરૂ હતા એવું ક્યાંય નથી લખ્યું

આ આસરૂ ગામ તેજ આસરૂકુક ગામ હોય તો નક્કી છે કે કુકપુર ગામની દક્ષિણે હતું '

—સમિયાક, પૃ ૩૩, પંક્તિ ૨૨-૨૩

આ વાક્યથી એ જણાઈ આવે છે કે લેખક પોતે પણ આ વિષયમાં શંકાશીલ છે

"વૈશાલી પાસે દૂતિપલાશ ચૈત્ય હતુ      શાલ ઝાડ બહુ હોય એ હિસાબે પણ ત્યાં પહાડી કે ઊંચી નીચી ભૂમિ હોવાનું કલ્પી શકાય છે'

—ક્ષત્રિયકુંડ, પૃષ્ઠ ૩૮.

દૂતિપલાશ ચૈત્ય વૈશાલીની પાસે ન હતુ, પરન્તુ તે તો વાણિજ્ય ગામના ઈશાન (ઉત્તર પૂર્વ) ખુણામાં હતું

વૈશાલીની પાસે 'મહા-વન' હતું. ત્યાં કોઈ પહાડીની કલ્પના કરવી તે પણ અસગત છે

"Mahavana A wood near vesalı It was partly natural, partly man-made and extended up to the Hımalaya"

—Dı of Palı Proper Names ભાગ ૨, પૃષ્ઠ ૫૫૫

અર્થ—મહાવન નામનું વૈશાલી પાસેનું જંગલ જેનો કેટલોક ભાગ કુદરતી હતો અને કેટલોક ભાગ માણસોદ્વારા બનાવેલો હતો અને જે હિમાલય સુધી ફેલાયેલુ હતુ

એ કોઈ નિયમ નથી કે જ્યાં શાલના વૃક્ષો હોય ત્યાં પહાડ કે પહાડી હોવી જ જોઇએ

'ક્ષત્રિયકુંડ' પૃષ્ઠ ૩૨ ના 'વૈશાલીના ગામો' મથાળા નીચે 'સુત્ત-નિપાત'માં આવેલા ૧૬ જટાધારીઓના વિહા-

આ નગરોનું વર્ણન છે જે બીલકુલ અસંગત છે. કારણ કે મથુરા આપ્યું છે વૈશાલીના ગામો અને તેની નીચે વર્ણન આપવામાં આવ્યું છે, સુદૂરવર્તી ગામો અને નગરોનું તે દૂર રહેલા ગામો અને નગરોનો વિહાર-ક્રમ આ પ્રમાણે છે—

અસ્થિકગ્રામ નીકળી કૌશામ્બી ૧ સાકેત, ૨ (અયોધ્યા) શ્રાવસ્તી ૩ શ્વેતામ્બી ૪ કપિલવસ્તુ ૫, કુશીનારા ૬,(કુશીનગર) પાવા ૭ ભોગનગર ૮ વૈશાલી ૯, અને મગધપુર ૧૦

૧ (મો-દીર્ઘનિકાયની બુદ્ધચર્યા વિદ્યાપીઠની ટીકા ભાગ ૬, પૃષ્ઠ ૩ ૪

આ બધા ગામો અને નગરો પ્રાયઃ વૈશાલીથી ઘણા દૂર છે અસ્થિક પણ વર્તમાન બીરભાગાનું નામ છે. જ્યારે ઘણા આઘા રહેલા નગરો અને ગામોના નામો આપ્યા છે પછી એમને વૈશાલીના ગામો શા માટે કહ્યા? આ એક ઘણી જ મોટી અસંગતતા આ પુસ્તકમાં રહેલી છે, જેનો લેખકે જરાપણ વિચાર જ ન કર્યો. આવી જ રીતે મહાપરિનિબ્બાણ સુત્ત અન્તર્ગત રાજગૃહ અમ્બલટ્ઠિકા, નાલન્દા, પાટલિગામ (પટના) ભોગનગર, પાવા અને કુશીનારાના સંબન્ધમાં સમજવું આ પણ બધા વૈશાલીથી દૂર રહેલા નગરો અને ગામોનું વર્ણન છે.

બીજી આપત્તિ જનક વાત એ છે કે કુશીનારા અને મહિર આ બે અલગ અલગ નામ નથી પરન્તુ એક જ નગ-

રનુ નામ છે મૂલમાં છે "कुसीनार च मंदिरं।" 'મંદિર' શબ્દનો અર્થ 'નગર' પણ થાય છે. જેમ ...

"मन्दिरो मकरावासे मन्दिरं नगरे गृहे" ६२४ इति हैमानेकार्थ॥ "अगारे नगरे पुरम् ॥ १८३ ॥ मन्दिर च" इति अमरकोषः तृतीयकाण्ड, पृष्ठ २३५, संवत १९८६ આજ અર્થ 'नगरं मन्दिरं दुर्गं-' भोजकृत समराङ्गण सूत्रधार भाग-१, पृष्ठ ८६, गायकवाड ओरियन्टल सिरिझ માં પણ કર્યો છે.

मंदिर-घर, देवालय, नगर, शिबिर, समुद्र-बृहत् हिन्दीकोश पृष्ठ-९९२. ज्ञानमण्डल लिमिटेड बनारस.

'કુશીનારા' અને 'મન્દિર'ને જુદા જુદા ગણાવવાની ભૂલ 'બુદ્ધચર્યા'ના લેખક મહાપંડિત રાહુલ સાંકૃત્યાયનના અનુવાદનુ અનુકરણ કરવા થઈ છે. તેઓએ 'બુદ્ધચર્યા'ના પૃષ્ઠ ૩૫૨ ઉપર એનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે—

" सेतव्या, कपिलवस्तु, कुसीनारा और मन्दिर ॥ ३७ ॥ "

આવુ જ વગર વિચાર્યું અનુસરણ ચીની યાત્રી ફાહિયાનના લેખ-પ્રસંગમાં 'વૈશાલી અભિનન્દન ગ્રન્થ' પૃષ્ઠ ૧૫ ઉપરથી એક અશુદ્ધ શ્લોકનું ઉદ્ધરણ લેવામાં થયુ છે

" भगवान् वैशालीवन अविशरण दक्षिणेन ।
सर्वकार्येन नामावलोकितेन व्यवलोकयति" ॥

આમાં ઉત્તરાર્ધનો પાઠ આ પ્રમાણે હોવો જોઈએ—

"सर्वकायेन नागापलोकितेन व्यवलोकयति ।"

'सर्वकायेन'नो અર્થ છે "સમ્પૂર્ણ શરીરથી" અને 'नागापलोकितेन'નો અર્થ 'બુદ્ધચર્યા'ના હિન્દી અનુવાદ પૃષ્ઠ ૪૯૭ ઉપર 'નાગાવલોકન' (હાથીની જેમ આખા શરીરને ઘુમાવીને જોવું) આપ્યો છે, અને આજ અર્થ દીઘનિકાયમાં પણ કર્યો છે.

આ વખતે લેખક કાળ તથા સ્થાનના સંબંધમાં ઘણી ભૂલ કરી છે. આજ મોટી ભૂલનું પરિણામ—

'ચીની યાત્રી ફાહિયાન લખે છે કે બુદ્ધદેવ પોતાના શિષ્યો સાથે પરિનિર્વાણ માટે જતા હતા ત્યારે આમ્રપાલી વેશ્યાના આમ્રથી વૈશાલી પાસે જ આમ ગયા હતા. તેમની જમણી દિશામાં વૈશાલી હતી વગેરે"

આ ઉપરના લેખમાં સમય—વિષયક—ભૂલ એ છે કે પરિનિર્વાણ માટે જ્યારે બુદ્ધદેવ વૈશાલીના પશ્ચિમ દરવાજેથી નિકળ્યા ત્યારે તેમનો સંબંધ આમ્રપાલી વેશ્યાના બાગ સાથે જરાય ન હતો. તે બાગનું દાન આપવું વગેરે જ્યાં સંબંધ તો તેઓ વૈશાલીથી મહાપરિનિર્વાણ માટે નિકળ્યા તે પહેલાં ઘણા વખત પૂર્વે જ થઈ ચૂક્યો હતો. સ્થાનવિષયક ભૂલ એ છે

કે જે વખતે બુદ્ધદેવ પરિનિર્વાણ માટે વૈશાલીના પશ્ચિમ દરવાજાથી નિકળ્યા, તે વખતે આમ્રપાલી વેશ્યાનો બગીચો તો નગરના દક્ષિણમાં ૩ 'લી' ઉપર હતો, તે ત્યાં નો ત્યાં જ રહી ગયો તેનો વૈશાલીના પશ્ચિમ દરવાજા સાથે કોઈ સબન્ધ ન હતો. પછી એમ લખવુ કે "આમ્રપાલી વેશ્યાના બાગથી વૈશાલી પાસે થઈ ભંડગ્રામ ગયા હતા" કયા સુધી ઉચિત છે? વૈશાલીથી પશ્ચિમના દરવાજાથી ભડગ્રામ જતાં વચમાં રસ્તામાં આમ્રપાલી વેશ્યાનો બગીચો નથી આવતો તે તો એના દક્ષિણમાં જ રહી જાય છે વૈશાલીના પશ્ચિમની સાથે દક્ષિણનો શું સમ્બન્ધ? આવી રીતે ફાહિયાનના લેખનુ ઉદ્ધરણ પણ લેખકે ઉચિત રીતે નથી આપ્યુ તે આપવામાં તેમનાથી એકમાં કઈ બીજુ મેળવવા જેવી ભૂલ થઈ છે. જેથી એમ લાગે છે કે તેઓ એને સાચા અર્થમા નથી સમજી શકયા

આગળ તેઓ લખે છે કે—'પ્રાચીન કાલના વૈશાલી વાણિજયગ્રામ અને કોલ્લાગની સાથે અર્વાચીન વેસાડ, બનિયા અને કોલવાની માત્ર નામ સામ્યતા છે જયારે વેસાડ અને બનિયાની વચ્ચે ગડકી નદી નથી, ઈત્યાદિ ભિન્નતા પણ છે'

—ક્ષત્રિયકુંડ, પૃ૦ ૩૫

આ ઉપરની વાત પણ સાવ ખોટી છે લિછુઆડની પાસે માનેલી તમારી 'વૈશાલી' ની પાસે કદાચ નદી નહિ હોય, પરન્તુ વિદેહ-દેશમા રહેલી વૈશાલીની પાસે તો આજે પણ ગડક

નદી વહે છે કુંડ માત્ર એકેથી જ પડખો છે કે પહેલા (ભગવાન્ મહાવીરના સમયમાં) ગંડકી નદી વૈશાલી (વર્તમાન 'બસાઢ') અને વાણિજ્યગ્રામ (વર્તમાન 'બનિયા') ની વચમાં થઈને વહેતી હતી અને અત્યારે વાણિજ્ય ગામની પૈવે પાસ થઈને વહે છે. બીજું કારણ આ લિચ્છુઆડની પાસે વૈશાલી ન માનવાનું એ છે કે વર્તમાન વિદેહસ્થ વૈશાલીની પાસે કોલ્લાગ (વર્તમાન 'કોલ્હુઆ')માં અશોક સ્તંભ છે પરન્તુ આપના માનેલા લિચ્છુઆડની પાસેનું કોલ્લાગમાં નથી.

આગળ લખે છે કે—" પરન્તુ આ વેસાઢ અને બનિયાની વચ્ચે આજે તો નદી નથી એ વાત ચોક્કસ છે."

—ક્ષત્રિયકુંડ, પૃ ૨૫. ૬.

આજકાલ બસાઢ અને બનિયાની વચમાં ગંડકી નદી નથી. પરન્તુ નદીનો પ્રવાહ બદલાતો રહે છે. એનું વાન ચૈમ-કને નથી રહ્યું એના અનેક દ્રષ્ટાન્તો છે. જેમ અત્યારે સતલજ નદી 'ફરીદ પત્તન' સ્થળે બ્યાસ નદીમાં આવીને મળે છે આ મળવું ઈ. સન્ ૧૭૯૬ માં થયું આની પહેલાં લાખો દિ પત્તન ' સ્થળે આ નદી બ્યાસમાં મળતી હતી.

—જૂઓ Cunningham's Ancient Geography of India, New Edition 1924 Page 254 255

વળી ભગવાનના વિહારમાં (૧) વાણિજ્યગ્રામ પાસેનું કોલ્લાગ, (૨) ક્ષત્રિયકુંડ પાસેનું કોલ્લાગ અથવા કોલ્લાગ અને

(૩) નાલંદા પાસેનું કોલ્લાગ એમ ત્રણ કોલ્લાગ સન્નિવેશો મળે છે. ચંપા પાસે કાલાય ગામ હોવાનું પણ મળે છે.'

–ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૪૬

લેખક ૧૮ નંબરની નોટમાં ચંપા પાસેના કાલાયને પણ કોલ્લાગમાં ગણતરી કરી ચાર કોલ્લાગ ગણાવ્યા છે પરન્તુ વાસ્તવમાં બે જ કોલ્લાગ છે વાણિયા ગામ અને ક્ષત્રિયકુંડ પાસેનું કોલ્લાગ એ ભિન્ન ભિન્ન કોલ્લાગ નથી, પરન્તુ એક જ છે અને ચંપા પાસે 'કોલ્લાગ' નહિ પરન્તુ 'કાલાય' હતું જે લેખકે ભ્રાન્તિવશ ફૂટનોટમાં કોલ્લાગ તરીકે લખ્યું છે

'પ્રાચીન કાળની રાજધાનીઓ પહાડી ઉપર રહેતી હતી'

–ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૪૭

આ લખવું પણ ઠીક નથી રાજાએ પોતાની રાજધાની ક્યાં બનાવવી જોઈએ, આ પ્રશ્નનો ઉત્તર શ્રી એચ કે. મજૂમદારે નીચે પ્રમાણે આપ્યો છે :—

Capital–The King is directed to build his capital in a Fertile part difficult of access and unfit to support invading armies His fortress is to be in the centre, defensible, well furnished and brilliant, surrounded with water and trees."

અર્થાત્— રાજાએ પોતાની રાજધાની એવા મોરચામાં બનાવવી જોઈએ કે જ્યાં, અગમ્ય તેમજ આક્રમણકારી સેનાઓની મદદ ન પહોંચતી હોય. કિલ્લો પણ વસતિની વચમાં [illegible] બધા સાધનોથી યુક્ત, મજબૂત, તથા અન્ન તેમજ ધનથી ભરપૂર [illegible] હોવો જોઈએ.

T – H[illegible] History by A. K. Mazumdar
9 J Page 750

[illegible] આ[illegible]ના સ્થાન માટે 'પહાડ' અથવા [illegible] ઉચિત ગણ્યા નથી બતાવી. તેથી 'સર્વિશુદ્ધ' [illegible] એ સ્થેણુ અનુચિત છે શિલ્પશાસ્ત્રમાં [illegible] સ્થાન માટે પહાડ અથવા પહાડી હોવાનો [illegible] મોટા મોટા રહેછે [illegible] નદીઓના કાંઠા [illegible] [illegible]—વૈશાલી, પાટલુ, અયોધ્યા, [illegible] દેહલી, લાહોર, [illegible] બનારસ વગેરે

[illegible] ભિન્ન મતમાં [illegible] —

[illegible] नगर द्वारा रमलकी इच्छा से ईर्ष्णीपर पतन कर्। ऐसी जगह हुआ है जो स्वय सामद म हो, कर्मणीयों या पदार्थों न हो जहां किसी प्रकार (बाढ़, आग

लग्गी, चोर या शत्रुके आक्रमण इत्यादि ) का भय नहीं हो, जो और भी किसी दोषसे बची हो और जो बड़ी रमणीय हो। इसके बाद ऊंची नीची जगहको बराबर करवाता हो और ठूठ झाडीको कटवाकर साफ कर देता है। तब, शहरका नकशा तैयार करता है, सुन्दर, नाप जोखकर भाग भागमें बांट, चारों ओर खाई और हाता, मजबूत फाटक, चौकस अटारियाँ, किलाबन्दी, बीच बीचमें खुले उद्यान, चौराहे, दोराहे, चौक, साफ सुथरे और बराबर राजमार्ग, बीच बीचमें दुकानों की कतारें, आराम, बगीचे, तालाब, बावली, कुयें, देवस्थान, सुन्दर और सभी दोषोंसे रहित।

--मिलिन्द प्रश्न, अनु० भिक्षुजगदीश काश्यप पृष्ठ ४०१,

રાજધાનીઓ નદીને કાંઠે જ હોય છે, તેનુ એક જબ્બરદસ્ત પ્રમાણુ જૂઓ—

‘जबुद्दीवे भरहवासे दस रायहाणीओ प तं. चंपा, महुरा, वाणारसी, य सावत्थी, तहय सातेत हत्थिणउर, कंपिल्लं, मिहिला, कोसंबि, रायगिह।”

—ठाणांगसूत्र वृत्तिसहित पृष्ठ ४७७.

ઉપર બતાવેલી ચંપા, મથુરા, બનારસ, શ્રાવસ્તી, અયોધ્યા, હસ્તિનાપુર, કાંપિલ્ય, મિથિલા, કૌશામ્બી અને રાજગૃહ આ દસે રાજધાનીઓ નદીને કાંઠે જ હતી

'મૃગાંક ચરિત'માં નગરીનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે :—

तत्रास्ति नगरी रम्या वाराणसी जनाकुला ।
प्रासादवप्रपरिखा-वापीकूपसरोऽन्विता ॥ ६ ॥
विहारवर्णशालाढ्या-रामिवारणवाजिभिः ।
वणिग्-वार्षप्रमाण्डर्षैश्च परिशोभिता ॥ ७ ॥

અર્થાત્—ત્યાં મનુષ્યોથી વ્યાપ્ત વારાણસી નામની સુંદર નગરી છે જે ઉંચા કિલ્લાઓ, ખાઈ વાવડી, કુવા અને તળાવથી યુક્ત છે તથા મંદિરો અતિ, (ચારે વર્ણ) વાગ, હાથી ઘોડા, વાણિયા સાધુ-સમુદાય અને વૈપારી શોભે છે.

તેમાં વળી લખ્યું છે—

वापीवप्रविहारवर्णवनितावाग्मीवनं वारिका
वयो विप्रकलाविदादिविबुधा वेश्या वणिग्वाहिनी ।
विद्यार्थीनरविप्रचित्रविनयो वार्षपमा वर्णिका
वरवं वाग्मनाभिवमरावर राज्यं च वैः शोभनम् ॥ ८ ॥

અર્થ—વાવડી વપ્ર (કિલ્લો) વિહાર (મંદિર) વર્ણ (ચારજાતિ) વનિતા (સ્ત્રીઓ), વક્તા, વન, વેદ, વિપ્ર, વારિ (પાણી) વાદિ વિબુધ (પંડિત) વેશ્યા, વણિક, વાહિની

( નદી ગા સેના ), વિદ્યા, વીર, વિવેક, વિત્ત, વિનય, વાચંયમ ( સાધુ ), વેલ, વસ્ત્ર, વારણ ( હાથી ), વાજિ ( ઘોડા ), વેસર ( ખચ્ચર ), આ પ્રમાણે વવાઓથી રાજ્ય શોભે છે

ઉપરના બન્ને સ્થળે રાજ્યનુ વર્ણન કરતાં પર્વતનો ક્યાંય ઉલ્લેખ નથી જ્યારે નીચેના શ્લોકમાં 'વાહની' શબ્દથી નદીને શહેરની શોભા તરીકે ગણાવી છે બીજું રાજધાનીનુ વર્ણન "ઔપપાતિક સૂત્ર" ( ઉવવાઈ સૂત્ર )માં પણ આવે છે તેમાં અ ગદેશની રાજધાની ચમ્પાનુ વિસ્તારથી વર્ણન આપેલું છે તેમાં પણ પર્વતનો ક્યાય ઉલ્લેખ માત્ર નથી અને તે નદીના કિનારે હતી એમ બતાવ્યુ છે

—ઉત્તમગઢસાઓ—સ પા પી એલ વૈદ્ય પૃ ૧૧૯-૨૦ ઈ સન્ ૧૯૩૦

આવી જ રીતે 'ઉપમિતિ ભવ પ્રપ ચા કથા'માં પણ નગરીનુ વર્ણન આવે છે

કૌટિલીય અર્થશાસ્ત્રમા પણ રાજધાનીના નગર વસાવવાનુ જે વર્ણન આવે છે તે વાંચો—

'અથવા રાજાએ પોતાના રાજત્વના સ્થાન (સમુદયસ્થાન) તરીકે પોતાના રાજ્યના મધ્યભાગમા, કિલ્લેબ દીલાળુ એક, રાજધાનીનુ નગર (સ્થાનીય) રાખવુ; એને માટે કુદરતી રીતે ઉત્તમ ગણાય તેવા સ્થળમાં—એટલે કે નદીઓના સ ગમ આગળ,

નિરંતર વહેતા પાણીવાળા ઊંડા તળાવ કે સરોવરના કાંઠા ઉપર—એક ગોળાકાર કે લંબચોરસ કે સમચોરસ આકૃતિનો દુર્ગ બંધાવવો અને તેને ફરતી પાણીથી ભરેલી રહેતી એક કૃત્રિમ નહેર કરાવવી અને તેમાંથી આવજાવ કરવા માટે જળમાર્ગ અને ભૂમિમાર્ગ પણ બનાવવા.'

— કૌટિલીય અર્થશાસ્ત્ર ગુજરાતી અનુવાદ પ્રકરણ [illegible]

अपाय प्रसारे वा जनपदमध्ये समुदयस्थानं स्थानीयं निवेशयेत्। वास्तुकप्रशस्ते देशे नदी संगमे ह्रदस्य वा अविशोषस्याङ्के सरसस्तटाकस्य वा वृत्तं दीर्घं चतुरश्रं वा वास्तुकवशेन प्रदक्षिणोदकं पण्यपुटभेदनमंसपथवारिपथा-भ्यामुपेतम् ।

—कौटिलीय अर्थशास्त्र (संस्कृत) प्रकरण ११ पृष्ठ ५१

— ( [illegible] ) तृतीय अध्याय पृष्ठ ५

વસ્તુ કમસમુચ્ચય ભાગ–૧ પૃષ્ઠ ૨૧ ઉપર નગરનું જે વિસ્તારથી વર્ણન આપ્યું છે તેમાં પણ પર્વત ઉપર નગર હોવું જોઈએ, એવું સંકેત મળતું નથી.

વૈશાલીની પાસે મોટું શહેર ન હોઈ શકે" આ સમજણ તો માત્ર ભ્રમણા છે જુઓ કલકત્તાની પાસે હાવડા છે ને તેથી જ વૈશાલીની પાસે ક્ષત્રિયકુંડ, મોટી નગરીના રૂપમાં રહ્યું હોય તો એમાં કંઈ આશ્ચર્ય માનવા જેવું નથી.

"વર્ષો જતાં મગધરાજ કોણિક વૈશાલીને ભાંગે છે અને ગધેડાના હળથી ખેડાવી નાખે છે."

—ક્ષત્રિયકુંડ પૃ૦ ૪૯

કલ્પસૂત્રમા ૧૨૨ મા સૂત્રમાં ભગવાનના ચોમાસાઓનું વર્ણન કરતાં લખ્યુ છે કે—ભગવાને વૈશાલી નગરી અને વાણિજ્યગ્રામની સાન્નિધ્યમા બાર ચાતુર્માસ વીતાવ્યા એ બારે ચાતુર્માસાઓનો ક્રમ આ પ્રમાણે હતો

| ચાતુર્માસના વર્ષોની ક્રમ સખ્યા | ચાતુર્માસનુ સ્થાન |
|---|---|
| ૧૧ | વૈશાલી |
| ૧૪ | " |
| ૧૫ | વાણિજ્યગ્રામ |
| ૧૭ | " |
| ૨૦ | વૈશાલી |
| ૨૧ | વાણિજ્યગ્રામ |
| ૨૩ | " |
| ૨૮ | " |
| ૩૦ | " |
| ૩૧ | વૈશાલી |
| ૩૨ | " |
| ૩૫ | " |

ર મુ ચાતુર્માસ મિથિલામાં કર્યું અને તે જ વખતે મગધ અને વજ્જીઓમાં યુદ્ધ શરૂ થયું ૨૯ મા ચાતુર્માસ વખત આશ્રમશાનુ મ ણ થયુ અને યુદ્ધનો અ ત વાણિજ્ય ગામમા ગયવા ૩૦ મા ચોમાસાની વખતે થયો.

અહીં ખાસ ધ્યાન દેવા જેવી બાબત એ છે કે યુદ્ધ પૂરું થયા પછી તરત વાણિજ્ય ગામમાં એક અને વૈશાલીમાં બધુ ચાતુર્માસ ભગવાને કર્યા એમ કહેવામાં આવે છે તેમ જો વૈશાલી યુદ્ધના વખતે જ નષ્ટ થાય નષ્ટ થઈ ગઈ હોત તો ભગવાન ત્યાર પછીના બધુ ચોમાસા ત્યાં તે કેવી રીતે કર્યા? શું તે ચાતુર્માસ નગરની અને બહાર ઉપર કર્યા કે શહેરની સમીપમાં? જો શહેરની સમીપમાં કર્યા હતા, તો એનો અર્થ એ જ છે કે વૈશાલી પૂર્ણ રીતે નાશ હોતી પામી અને કદાચ નાશ પામી હતી તો તેને પછી વસાવવામાં આવી હતી બીજું મગધની નજરમા મગધ અને વજ્જીઓ વચ્ચે બે વખત લડાઈ થવાનું જણાય આવે છે એથી જણાઈ આવે છે કે એ મગધ અને વજ્જીઓની લડાઈ બાર વર્ષ સુધી ચાલી તે બરાબર બાર વર્ષ સુધી નિરંતર નહીં ચાલી પરન્તુ વચ-વચમાં બંધ પડી ગઈ અને પાછી ચાલતી રહી. અને એ કહેવતના રૂપમાં એવુ પ્રચલિત થઈ ગયું કે "લડાઈ કેટલા વર્ષ ચાલી તો કે બાર વર્ષ"

લડાઈઓમાં વિધ્વંસ અને પુનર્નિર્માણનું કાર્ય કેવી રીતે

કરવામાં આવે છે એનું ઉદાહરણ અમે ગત મહાયુદ્ધમાં સોવિયટ રૂસની જે હાલત થઈ હતી એનાજ ઉતારાથી સ્પષ્ટ કરીએ છીએ

## પહેલા નાશની સ્થિતિ તપાસો

"ખુશી અને પ્રસન્નતા અમારા જીવનનું અંગ બની ગયું હતું પરન્તુ લડાઈએ તે બધું નાશ કરી નાખ્યું અમે જે કંઇ બનાવ્યું અને રચ્યું હતું તે બધું ધૂળમાં મળી ગયું."

## હવે પુનર્નિર્માણની સ્થિતિ તપાસો

"આવી રીતે પોતાના પ્રયત્નોમાં કોઈ ઉણપ નથી રાખતા અને પોતાના રાજ્યની મદદનો ઉપયોગ કરીને અમે યુદ્ધની પછીના પહેલા ચાર વર્ષોમાં જ, યુદ્ધના પહેલાના બાર વર્ષો દરમિયાન અમે જે ચીજોની રચના કરી હતી, તે બધાને ફરીથી સ્થાપિત કરી લીધી. એટલું જ નહિ પરંતુ અમે એથી પણ વધારે આગળ વધીને અને અમારા જીવનનો માપદંડને યુદ્ધની પહેલાની અપેક્ષા તેથી પણ વધારે ઊંચો ઊઠાવી લીધો.'

—સોવિયટ ભૂમિ, પાક્ષિક પત્રિકા, નં ૧૫.
અગસ્ત ૧૯૫૨ પૃ૦ ૧૧

સિદ્ધાર્થ રાજાનો "વિદેહ તરીકે પરિચય મળતો નથી"

ક્ષત્રિય કુંડ પૃષ્ઠ ૫૦

વિદેહ શબ્દથી મિથિલાનો પણ બોધ થઇ શકે છે, એમ જનકનો ભાવ છે કેમ કે 'વિદેહના' અર્થ વિદેહવાસી એવો થાય છે.

ક્ષત્રિયકુંડના લેખકે ... સ્વામીના એ કથનને લઈને એ બતાવ્યું કે વૈશાલીમાં બૌદ્ધનું વર્ચસ્વ (પ્રભાવ) ન હતું. એ માત્ર એમનો નિતાન્ત ભ્રમ છે કારણ કે એ સ્વામીના કથનમાં કોઈ પ્રમાણ નથી. આગળ અમે એ સ્વામીના કથનનું પણ તેમના પુસ્તકથી ઉદ્ધરણ આપીએ છીએ. એનું ક્ષત્રિયકુંડના લેખકે અનુકરણ કર્યું છે તેમાં લખે છે કે —

[illegible] Cherished th memory of the [illegible] nd patron of the r prophet, to [illegible] ust ttribute the fact, that [illegible] tronghold of Jainism, while [illegible] the Buddhists as a seminary [illegible] d dissent

— [illegible] Part I Introduction P XIII.

અર્થાત્—જૈન લોકોએ તેમના ભગવાનના મામા અને સંરક્ષક (ચેટક) ની સ્મૃતિ બનાવી રાખી હતી. કારણ કે આ તે (ચેટક) ના જ પ્રભાવ હતો કે વૈશાલી જૈનધર્મનું ગઢ (Stronghold) બન્યું હતું જ્યારે બૌદ્ધોની નજરમાં તે માત્ર એક પાખંડીઓનો મઠ હતો.

ઉલટું વૈશાલીમાં બૌદ્ધોના પણ વર્ચસ્વનું નિમ્નલિખિત પ્રમાણ મળે છે

'ભગવાન્ બુદ્ધ વૈશાલીના લિચ્છવિયોની સરખામણી ત્રાયસ્ત્રિંશ લોકના દેવો સાથે કરી હતી

—'સંયુત્ત નિકાય' ભાગ-૧, ભૂમિકા, પૃષ્ઠ ૩

The Bhuddha once compared them to the gods of Tavatimsa

—Dictionary of Pali Proper Names Vol, 11–299

अषकोकन करो मिक्षुओ। लिच्छवियोंकी परिषद्को।
अवलोकन करो भिक्षुओ। लिच्छवियोंकी परिषद्को।
भिक्षुओ! लिच्छवि-परिषद्को त्रायस्त्रिंश (देव)-परिषद् समझो (उपसंहरथ)"

१–बुद्धचर्य्या—ई. सन् १९५२ पृष्ठ ४९४

२–दीघनिकाय अनुवाद ई. सन् १९३६ पृष्ठ १२९

According to the buddhist books, the Licchavis were devaut followeres of the Buddha and held him in the highest eteem

—Dictionary of Pali Proper Names Vol II 780

અર્થાત્ બૌદ્ધ ગ્રન્થો પ્રમાણે લિચ્છવિયો બુદ્ધના ભક્ત તેમજ અનુયાયીઓ હતા અને તેમનુ ઘણુ જ સન્માન કરતા હતા.

ક્ષત્રિયકુંડના લેખક પૃષ્ઠ ૫૩ ઉપર વૈશાલીમા બૌદ્ધધર્મનું

વર્ત્મન ન હોવામાં એક હેતુ એ પણ આપ્યો છે કે—
ગૌતમ બુદ્ધે વૈશાલીમાં એક જ ચોમાસું કર્યું હતું ” પરન્તુ આ વાત સાચી નથી. બુદ્ધે વૈશાલીમાં એક નહિ પણ બે ચોમાસા કર્યા હતા એક પાંચમું અને બીજું ૪૬ મું, અને તેઓ ત્યાં ઘણી વખત ગયા હતા. એથી કોઈએ એ સમજવાની તે ભૂલ ન કરવી જોઈએ કે ત્યાં ગૌતમબુદ્ધનો કોઈ પ્રભાવ જ ન હતો. તેમનો તો ઘણો પ્રભાવ હતો જ પરન્તુ સામે બીજાના પણ હતા.

ત્રીજી વાત ‘ સંક્ષિપ્ત-બુદ્ધ ’ના પૃષ્ઠ ૫૩-૫૪ પર લેખી આ લખી છે કે બુદ્ધે વૈશાલીને ‘પાંચ ડીઓનો એક મઠ ’ કહીને વર્ણવી છે આના ઉત્તરમાં અમારે એજ કહેવું છે કે આ વાત પણ—? સ્વયં બુદ્ધના મુખથી બોલાવરાવી છે અમને ઉચિત નથી લાગતી. કારણ કે જે બુદ્ધે લિચ્છવિઓને ‘ત્રાયસ્ત્રિંશ—દેવો’ ની ઉપમા આપી છે તે જ મહાત્મા બુદ્ધ વળી પાછા ક્યારેક તેજ લિચ્છવિઓના શરીરને પાંચ ડીઓનો મઠ કહે, એ વાત તો અમારી બુદ્ધિમાં નથી આવતી. પોતાની બુદ્ધિથી જરા પણ વિચાર કર્યા વિના બીજાનું આંધળું અનુકરણ કરવાથી પ્રાયઃ આવી ભૂલો થઈ જાય છે એમાં જરા પણ આશ્ચર્ય નથી.

[illegible] १ –१ [illegible] ११२

અહો આ ઉપવનનું કાલ્પનિક વન નામ પડવાનું કારણ એ છે કે ‘અંબ’ કહે છે સમૂહને. અને આ ‘વન’ શબ્દ લોમિનું

હોવાથી એને લોકોએ 'જ્ઞાતખંડ વન' એવુ નામ આપ્યુ છે એક જ પ્રકારના વૃક્ષો જેમાં હોય તે 'વન' કહેવાય છે.

આગળ પૃષ્ઠ ૬૨ માં લખે છે કે-ભગવાન્ મધ્યમ પાવામાં નિર્વાણ પામ્યા છે ત્યાંથી વૈશાલી લગભગ ૮ યોજન (૯૫ માઈલ) અને લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ લગભગ ૪ યોજન (૩૬ માઈલ) થાય છે'

પાવાપુરી ક્યાં હતી' એ પ્રશ્નનો ઉત્તર અમે પ્રસિદ્ધ પુરાતત્ત્વાન્વેષક શ્રી કનિંઘમના શબ્દોમાં નીચે આપીએ છીએ

" The distance between Kasia and Vaisali, by the route which I marched, is just 140 miles, but this was along the new straight lines which have been laid out by the British authorities By the old winding native tracks the distance would have been much greater, or Certain not less than ( 160 miles )"

Ancient Geography of India P 494

બુદ્ધના અંતિમ વિહારમા પાવા પછી કુશીનારા આવે છે, જેમકે– 'वैशालीसे कुशीनगरके लिये प्रस्थान किया। –उन्हें वैशालीसे क्रमशः भण्डग्राम, जम्बूग्राम, हस्तिग्राम, आम्रगाम, भोगनगर, पावा और कुशीनगर मिले थे।—

—कुशीनगरका इतिहास पृष्ट-१७

ડૉ કનિંઘમ અને રાહુલ સાંકૃત્યાયન પહેલા કુશીનાગ માને છે અને પછી પાવા આથી પરસ્પર વિરોધ ઉત્પન્ન થાય છે કે પહેલા પાવા કે પહેલા કુશીનારા'

આ પરસ્પર વિરોધ એટલા માટે ઉત્પન્ન થયો કે

કનિંઘમે વર્તમાન પડરૌનાને પાવા માન્યું છે જે કુશીનગરની ઉત્તર-પૂર્વમાં છે. રાહુલ સાંકૃત્યાયને પણ આનું જ અનુસરણ કર્યું છે જ્યારે કારલાઈલે પાવા હોવું એ કહેલ દક્ષિણ-પૂર્વમાં તો જ બુદ્ધના વિહારની સાથે એની સંગતિ બેસી શકે છે. આના સમાધાનમાં કાર્લાઈલે અને બૌદ્ધ ભિક્ષુ ધર્મરક્ષિત જે સ્થાન બતાવે છે તે જ વાસ્તવિક પાવા છે. જે કસિયા (કુશીનારા) થી પૂર્વ-દક્ષિણમાં લગભગ નવ માઈલ દૂર છે. એને અત્યારે સઠિયાંવડીહ કહે છે. સઠિયાંવડીહથી ફાજિલ-નગર ઉત્તર-પૂર્વમાં અઢી માઈલ દૂર છે.

ડૉ. કનિંઘમે કુશીનારા અને વૈશાલી વચ્ચેનું પ્રમાણે અંતર માન્યું છે સીધે રસ્તે ૧૪ માઈલ અને ચાલવાના રસ્તે ૧૬ માઈલ. સીનાગ્રાથી પાવા ૮ માઈલ છે. તેથી નિષ્કર્ષ એના એ છે કે વૈશાલીથી પાવા સીધે રસ્તે ૧૩૧ માઈલ અને ચાલવાના રસ્તે ૧૫૧ માઈલ હતી.

દીઘનિકાય ભાષાંતરમાં જે માનચિત્ર આપવામાં આવ્યું છે તે પણ ઠીક નથી. એમાં પડરૌના કુશીનારા બતાવ્યું છે અને પછી પાવા વિશે ક્રમ એનો આ સ્થિતિ પણ બરાબર નથી. રાહુલ સાંકૃત્યાયને આ જે માનચિત્ર દોર્યું છે, તે પપઉરને પાવા માનીને દોર્યું છે, તેથી તે પણ ઠીક નથી.

ડૉ. વિમલચરણ લૉએ જ્યોગ્રાફી ઑફ અર્લી બુદ્ધિઝમમાં જે માનચિત્ર આપ્યું છે, તેમાં વૈશાલી, પાવા અને કુશીનારા બતાવ્યાં છે તે બરાબર ઠીક છે.

અને કુશીનારાથી પાવા (દક્ષિણ-પૂર્વમાં) વર્તમાન માઈલના હિસાબે ૮ા માઈલ ઉપર હતી (કુશીનગરનો ઇતિહાસ પૃ ૨૪) આ હિસાબથી વૈશાલીથી પાવા સીધે રસ્તે ૧૩૧$\frac{3}{4}$ માઈલ અને ફેરવાળા રસ્તે ૧૫૧ ૩/૪ માઈલ હતી. આજ પુસ્તકના પૃષ્ઠ ૨૫ ઉપર પાવાનગરનું યથાર્થસ્થાન આ પ્રમાણે આપ્યુ છે

"સઠિયાંવડીહ જ જૂનુ પાવાનગર છે જે કે કુશીનગરથી ૧૦ માઈલ દૂર પૂર્વ-દક્ષિણમાં છે સઠિયાંવથી અડધો માઈલ ઉત્તર-પૂર્વમાં ફાજિલ-નગર છે, જે સઠિયાંવનો જ એક ભાગ છે"

-(કુશીનગરનો ઈતિહાસ પૃષ્ઠ ૨૫)

આજ પુસ્તકના પૃષ્ઠ ૨૦ ઉપર પાવાનુ અન્યત્ર હોવામાં નીચે પ્રમાણે આપત્તિ બતાવી છે "આવી રીતે પાવા જૈનોનુ મહાતીર્થ છે પરન્તુ જૈનો આને ભૂલી ગયા છે તેઓ અત્યારે વિહાર-શરીફથી આગ્નેય (દક્ષિણ-પૂર્વ ખૂણામા) સાત માઈલ દૂર પાવાની સ્થિતિ બતાવે છે અમને 'કલ્પસૂત્ર' થી જણાય છે કે પાવામાં જ્યારે મહાવીર-સ્વામી નિર્વાણ પામ્યા ત્યારે મલ્લોએ તેઓના સમ્માનમાં દીવાલી મનાવી હતી. જો વિહાર-શરીફની પાસે 'પાવા' માનવામા આવે તો મલ્લો દ્વારા દીવાળી માનાવાનો કોઈ મેળ જ ખાતો નથી બૌદ્ધ ગ્રન્થો પ્રમાણે પણ આ ઠીક નથી લાગતુ.

—કુશીનગરનો ઇતિહાસ પૃઠ ૨૦.

પાવા જૈનો (નિગંઠો–નિર્ગ્રન્થો)નું કેન્દ્રસ્થાન હતું એ એની પુષ્ટિ માટે જૂઓ–

Para was also a centre of the Niganthas and, at the time mentioned above, Nigantha Nathputta had just died at Para.

—Dictionary of P li proper Names Vol. II
Page 194

આજ ગ્રન્થના પહેલા ભાગના પૃષ્ઠ ૬૫માં વૈશાલી કુશીનારાથી ૧૯ યોજન (૧ યોજન લગભગ ૮ા માઈલ બરાબર) અને પાવાપુરીથી ૧૮ યોજન આવી જતાની છે. તેથી લછુઆડ પાસેનું ક્ષત્રિયકુંડ અસલી નથી, માત્ર સ્થાપના–તીર્થ છે. વર્તમાન પાવાપુરી તીર્થ પણ અસલી નથી. કારણ કે વર્તમાન પાવા મગધમાં છે જ્યારે ઉપરની (પ્રમાણોથી પ્રસિદ્ધ) પાવાપુરી મલ્લદેશમાં છે. ભ. મહાવીરના નિર્વાણ વખતે તે સમયના ચેટક મહારાજના ૧૮ ગણ રાજાઓ (૯ મલ્લકી અને ૯ લિચ્છવી) ઉપરની પાવાપુરીમાં ભેગા થયા હતા. (જૂઓ કલ્પસૂત્ર, ૧૨૮) તેમાં લખ્યું છે કે— "नव मल्लई नव लेच्छई कासीकोसलगा अट्ठारसवि गणरायाणो"

મગધરાજ કુણિકનું વીર–નિર્વાણ કલ્યાણકમાં નહિ આવવું પણ એ વાતને પુષ્ટ કરે છે કે જો મગધની અંદર આવેલી વર્તમાનમાં મનાતી પાવાપુરી જ ભગવાનની નિર્વાણ–પુરી હોત તો મગધરાજ કુણિક સ્વયં નિર્વાણ–કલ્યાણક વખતે

હાજર થાત અથવા પોતાના પ્રધાનોને પ્રતિનિધિ બનાવીને મોકલત પરન્તુ એવુ કોઈ પણ ગ્રંથમાં જોવામાં કે સાંભળવામાં નથી આવ્યુ. ઉલટુ તે વખતે જે ૧૮ ગણરાજાઓ હાજર હતા અને જેઓએ ભૌતિક દિવાળી મનાવીને નિર્વાણકલ્યાણકનો ઉત્સવ કર્યો હતો તે બધા મલ્લી અને વજ્જી દેશના લિચ્છવિઓ હતા.

આગળ લેખક લખે છે કે–" તેથીજ ભ. મહાવીર સ્વામીના નિર્વાણના સમાચાર રાજા નંદિવર્ધનને જલદી સવારે જ મળી ગયા હતા

—ક્ષત્રિયકુંડ પૃ. ૨૧

તેથી આ સંબંધમાં અમારુ કહેવુ એ છે કે–અહીં પાસે અને દૂરનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો કારણ કે જ્યારે ભગવાન્ અમાવાસ્યાની રાત્રિએ પ્રાતઃકાળમા ચાર ઘડી રાત બાકી રહી ત્યારે નિર્વાણ પામ્યા ત્યારે એ સમજવાની જરૂર છે કે તેમની પાસે કેટલા રાજાઓ હાજર હતા બીજુ તો કંઈ નહિ પરન્તુ એટલુ તો નિશ્ચિત છે કે જે સ્થળે ભગવાને નિર્વાણ–પ્રાપ્ત કર્યું, તે સ્થળનો રાજા તો તેમનો જ ભક્ત હતો અને એ પણ નિશ્ચિત છે કે રાજાઓની પાસે બધા પ્રકારના સાધનો હોય છે તેઓ ઘોડેસ્વારોથી પણ ટપાલ મોકલી શકે છે અને તેમાં સમય પણ કેટલો લાગે ? મુહમ્મદ બિન તુગલકના વખતમાં (૧૪ સદીમાં) ટપાલ લઇ જનારા ઘોડાઓ ૧૫ માઈલ અને મનુષ્યો ૭ માઈલ એક કલાકમાં ભાગતા હતા

—જુઓ પશુઓની ગતિના સંબંધમાં અમે નીચેનું પ્રમાણ આપીએ છીએ.

૧— 'અમારા જાનવરો' પૃષ્ઠ ૨૪ પુરાતન વૈષ્ણવના મત પ્રમાણે ઘોડો કલાકે ૪૦ માઇલ ચાલી શકે છે. રેસની એક માઇલની રેસમાં ૧ મિનિટ અને ૪૨ સેકન્ડ લાગે છે જેથી રેસના ઘોડાની ગતિ કલાકે ચાલીસ માઇલ જેટલી છે.

૨— 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર (ગુજરાતી) પૃષ્ઠ ૧૬૬ થી એ જણાય છે કે સ્થાયલ એક દિવસમાં ૬ ૯ ૧૨ યોજન સુધી અને પૃષ્ઠવાહ (ભાર ઉપાડનારા ઘોડાઓ) ૫, ૮, ૧ યોજન સુધી જાય છે. સન્દેશો લઈ જનાર કબૂતરોનું વર્ણન અર્થશાસ્ત્રમાં આવે છે અને આજ કાલ પણ કબૂતરો ૬૫ માઇલ સુધી પણ ઉડતા જોવામાં આવે છે

—જુઓ હિન્દુસ્તાન સાપ્તાહિક' ૯ ફેબ્રુઆરી, ૧૯૫૫

૩— વિમલ પ્રબન્ધ, લાવણ્યસમય કૃત, (સંવત–૧૫૬૮) પૃષ્ઠ ૨૨૦ માં લખ્યું છે કે—

सायिइ मांहि पञासी पेप
पहिया मायण आइ येप ॥ ६८ ॥

અર્થાત્—સાથે જ સાંઢણી આવી તેની ગતિ ૨૪ મિનિટમાં ૮ માઇલ હતી એટલે કે એક કલાકમાં ૨૦ માઇલ.

Pattan has two forts, one of stone and of brick. It lies in long. 117 10' lat. 23 30' It ,

produces fine oxen that will travel 50 kos in half a day

A in-1- Akabari vol II, page 249

અર્થાત્—પાટણ (ઉત્તર–ગુજરાત) માં એવા સુંદર બળદો થતા હતા કે તે અડધા દિવસમાં ૫૦ ગાઉ ચાલતા હતા, સમ્રાટ અકબરની પાસે પણ લગભગ ૨૦ હજાર સંદેશ–વાહક કબુતરો હતા

૫ "શત્રુની કે અરણ્યવાસી જાતિઓની ચળવળના સંબન્ધમાં (રાજાને) ખબર આપવાને અર્થે તેમણે રાજાથી પળાયેલા (કબૂતરો ગૃહ–કપોતો) તે ચિઠ્ઠીઓ સહ (મુદ્રા-યુક્ત) કરીને ઉડાડી મૂકવા, અથવા તો ધમાડો તથા અગ્નિની પરંપરા અનુક્રમ પૂર્વક ગોઠવીને તે દ્વારા ખબર પહોંચતા કરવા.

—કૌટિલીય અર્થશાસ્ત્ર (ગુજરાતી અનુવાદ) અનુવાદક જયસુખરાય જોશીપુરા એમ એ પ્રકરણ ૩૪મુ પૃષ્ઠ. ૨૧૧

—કૌટિલીય અર્થશાસ્ત્રમ્ (સંસ્કૃત) પૃષ્ઠ ૧૪૧

— „ „ (બંગલાનુવાદ) ખંડ ૧, પૃ ૧૭૭

કહેવાનો મતલબ એ છે કે—આજની માફક પૂર્વ સમયમા પણ સન્દેશ–વાહક પશુ–પક્ષિઓ દ્વારા દૂર દેશમાં પણ જલદી ખબર પહોંચાડી શકાતી હતી તો પછી જલદી સમાચાર મળવાથી અમુક સ્થાન પાસે હોવું જોઈએ, એ યુક્તિ નિ:સાર છે

" આચાર્ય વિજયેન્દ્રસૂરિ મહારાજ દીઘનિકાયમાં બતાવેલ વૈશાલી, ભંડગ્રામ, હસ્તિગ્રામ અને જમ્બૂગ્રામમાંના હસ્તિગ્રામને અસ્થિકગ્રામ તરીકે માને છે, જે ચોકખો શબ્દભ્રમ જ છે "

—અસ્થિકગ્રામ પૃષ્ઠ ૪૮.

લેખક ઉપર જેને ચોકખો શબ્દ ભ્રમ લાગે છે તેજ વાત લેખકના ઉતાવળાપણાને કારણે બુદ્ધિ વિભ્રમને જણાવે છે. જો એમને બુદ્ધિ વિભ્રમ ન થયો હોત તો તેઓ આવું ન જ લખત.

કાગસૂરિ—જેમ મે મારી 'વીર-વિહાર-મીમાંસા' નામક પુસ્તકમાં પૃષ્ઠ ૪ ઉપર લખ્યુ છે તેમ—" यही हत्थिगाम सम्भवतः अस्थिकग्राम है। बौद्ध ग्रन्थों में वर्णित हत्थिगाम और जैन साहित्य में वर्णित अस्थिक ग्राममें थोडासा उच्चारण भेद है। परन्तु दोनों साहित्योंमे इस विदेहदेशके अन्तर्गत तथा वैशाली के निकट होना बताया है।

ઉપરોકત પુસ્તકના ત્રીજા પૃષ્ઠ ઉપર વળી લખ્યુ છે કે— सोमवंशी सम्प्रगुप्त प्रथमके ताम्रपत्रमें जो हस्तिपद नामक स्थान आया है वह भी सम्भवतः हस्तिग्राम है।"

આજ વાતની પુષ્ટિમા શ્રીદિનેશચન્દ્ર સરકાર અને પી. સી. ૨૧ 'ઇંડિયન હિસ્ટોરીકલ ક્વાર્ટરલીના ભાગ ૨, અંક ૩ પૃ. ૬ ૨૪૧ ઉપર લખે છે કે—

Hastipada is mentioned in a number of records as the original home of some Brahmana families Its identification is uncertain, but it reminds one of the Celebrated Hastigram near Vaisali (modern Research in the Muzaffarpur district, North Bihar)

આ હસ્તિપદ અથવા હસ્તિગ્રામનુ અસ્તિત્વ ઈ સનની નવમી શતાબ્દિ સુધી હતું. કારણ કે શૈલેન્દ્ર વંશીય રાજા બાલપુત્રદેવના કહેવાથી દેવપાલ રાજાએ નાલન્દા વિશ્વવિદ્યાલયને જે પાચ ગામો ભેટ આપ્યા હતા તેમાં હસ્તિ (હસ્તિગ્રામ) પણ એક હતુ. દેવપાલનો રાજ્યકાળ ઈ સન્ ૮૧૦–૮૫૦ છે અને પોતાના રાજ્યકાળ દરમિયાન જ તેમણે પાંચ ગામો ભેટ આપ્યા હતા. અને તે પાચ ગામોમાંથી નાતિકા અને હસ્તિ (હસ્તિગ્રામ)નો તામ્રપત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કરે છે

જુઓ–હિસ્ટ્રી ઓફ બેગાલ વોલ્યુમ ૧ સ પા. આર સી મજૂમદાર પૃ'ઠ ૧૨૧, ૧૭૬

ડાક્ટર શ્રીયુત વિશ્વનાથ પ્રસાદ મિશ્ર, બ્રહ્મનાલ કાશીથી પોતાના એક પત્ર તા ૨૫–૮–૪૬ના લખે છે કે–

"બૌદ્ધ ગ્રન્થોનુ 'હત્થિગ્રામ' અને જૈનવાઙ્મયનું 'અસ્થિગ્રામ' એક જ છે વાસ્તવમાં ઉચ્ચારણ ફરકને લીધે જ 'અસ્થિક'નુ 'હત્થિ' થઈ ગયુ છે ભાષા વિજ્ઞાનના આધારે આ પૂર્ણતયા પ્રમાણિત છે સસ્કૃત 'अस्थि' શબ્દનુ પહેલાં

'ગઢી' થાય છે અને પછી હુડી બની જાય છે. શરૂઆતમાં આવેલા 'અ'ને ઠેકાણે 'હ' બોલાતો હવે ઠેકાણે એવામાં આવે છે 'ઓષ્ઠ'નું 'હોઠ' થઇ જાય છે 'અભીર'નું 'હમીર' થઈ જાય છે."

આથી એ સ્પષ્ટ જણાઈ આવે છે કે હસ્તિગ્રામ અને અસ્તિકગ્રામ જુદા જુદા નથી પરન્તુ એક જ ગામના નામ છે.

"हस्तिग्राम बिहार मान्तके हपुवासे ८ मील पश्चिम भिगुरखेठीके पास था । आजकल उसके नष्टावशेषको हाथीसाल कहा जाता है । कुछ काल में यह हस्तिग्राम बज्जीदेशमें पड़ता था ।

कुशीनगरका इतिहास १३-१४

હાથીઆવ એ વજ્જી દેશમાં નથી કારણ કે વજ્જી દેશ પશ્ચિમમાં ગંડકી નદી સુધી જ છે. જ્યારે આ હાથીઆવ તો પશ્ચિમ દિશામાં ગંડકી નદીથી બાહીસ માઈલ દૂર છે. એટલે ઉપરના બન્ને લેખોનું લખવું ઠીક નથી. બીજી વાત હાથીઆવ તો કોશલ-દેશમાં હતું અને હસ્તિગ્રામ વજ્જી દેશમાં હતું એટલે એ બન્ને—હાથીઆવ અને હસ્તિગ્રામની શી તુલના?

"તમ્બારથી અગ્નિખૂણે ૨ માઈલ પર ભટ્ટર ગા અને ૨૫ માઈલ પર (અસ્ટુટી) ગામો છે"

—[illegible] પૃ ૬

" કદાચ કલ્પના કરીએ તો પણ કુંડગ્રામને સ્થાને વાસુકુંડ બન્યું છે, એમ માનવા કરતાં વૈશ્યગ્રામને સ્થાને વાસુકુંડ બન્યું છે, એમ માનવું વધુ તર્ક-સંગત છે. "

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૨૫

" ક્ષત્રિયકુંડ અને વાસુકુંડ એ બન્નેમાં 'કુંડ' શબ્દનું સામ્ય છે, પરન્તુ ઈતિહાસ સિદ્ધ અને પ્રસિદ્ધ એવા કુંડપુર કે ક્ષત્રિયકુંડને સ્થાને વાસુકુંડ એવું નામ પડે એ કોયડો અણઉકેલ બની જાય છે વાસુકુંડ તે ક્ષત્રિયકુંડ નહિ પણ વૈશ્યગામ હોય એ વસ્તુ વધુ તર્ક સંગત છે "

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૪૫

" લચ્છવાડથી અગ્નિખૂણામા બસણુદ્દી ગામ છે, તેને વૈશાલીના બનિયા ગામ સાથે સરખાવી શકાય સંભવ છે કે તે એક સમયે વૈશ્યપટ્ટન હશે

—ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૪૭

અહીં આ લેખક ખરેખર ભીંત ભૂલ્યા છે લેખક લછવાડને વૈશાલી કલ્પીને આ બધા કલ્પનાઓના ઘોડા દોડાવ્યા છે. પરન્તુ લછવાડ લિચ્છવિઓની રાજધાની ન હતી એનો પ્રતિવાદ તો અમે પહેલાજ કરી આવ્યા છીએ કે લિચ્છવિઓની રાજધાની વૈશાલી હતી. વૈશાલી (વર્તમાન બસાઢ) થી લચ્છુઆડ લગભગ ૯૧ માઇલ દૂર છે અને બસાઢ (વૈસાલી) થી ગંગા લગભગ ૨૫ માઇલ દૂર છે બીજી વાત ગંડકી નદી

હિમાલયના ધવલગિરિ નામના શિખરની પશ્ચિમે રહેલા દામોદર કુડમાંથી નિકળે છે અને સાત ગડકી પણ કહે છે. ગડકી નદીના પ્રાચીન નામો નારાયણી, શાલિગ્રામ અને સદાનીરા છે અને એની લબાઇ ૧૯૨ માઈલ છે. એથી લચ્છુઆડની પાસે આપની માનેલી ગડકી નદી નથી પરન્તુ મહુઆર નામની નાની છે એની લબાઈ આઠ—નવ માઈલ છે.

ત્રીજી વાત બસઢુકી ગામને તેઓ વૈશાલી પાસેના બનિયા ગામ સાથે સરખાવે છે પરન્તુ બનિયા ગામ તો ગડકી નદીની પશ્ચિમમા હતુ જ બાલાઈ જનાથી એની પૂર્વમાં આવી ગયુ છે આ પ્રવાહો કેવી રીતે બદલાઈ જાય છે એનુ વિવેચન અમે રહેલા કરી ચુકયા છીએ. પછી લચ્છુઆડની પાસે આ બનિયા ગામ કેવી રીતે આવી શકે ? ચોથી વાત અમે એમ નથી કહેતા કે ક્ષત્રિયકુડમાંથી વાસુકુડ નિકળ્યુ છે પરન્તુ ક્ષત્રિયકુડન સ્થાન વાસુકુડ નામ પ્રચલિત થઈ ગયું છે નામોમાં કેવી રીતે રૂપાન્તર થઈ જાય છે તે માટે મે મારી જ જન્મભૂમિનુ ગામ જે રહેલા હેમનગરના નામથી ઓળખાતુ હતુ ખ્સનગન । નામમાં કેવી રીતે પરિવર્તિત થઈ ગયુ એનુ દૃષ્ટાન્ત પહેલા લખી આવ્યા છીએ. એટલે લેખકે લચ્છુઆડને વૈશાલી, બહુઆર નામની નદીને ગડકી, વૈરગામને વાસુકુડ, ક્ષત્રિયકુડને વરયમાગને અને બસઢુકીને બનિયાગામ માનીને જે એવી ભ્રમ ઉભી કરી છે તેમા સત્ય કેટલુ છે અને ગોરખ

ધધામાં પડી ગયા છે આ રીતે જો લેખકનુ ચાલત તો તેઓ આખા વિદેહ દેશને લગ્છુઆડમાં લાવીને મૂકી દેત અને ઐતિહાસિકોમાં પોતાનુ નામ ‘ અમર ’ બનાવી દેત

વળી લેખક આગળ લખે છે—

“ તેની અને કોલવાની વચ્ચે કર્મારગામ, નદીનો જળ-માર્ગ અને સ્થળમાર્ગ હોવા જોઈએ તે નથી, માત્ર સ્થળ-માર્ગ છે ”

—ક્ષત્રિયકુડ પૃષ્ઠ ૬૭

“ तत्र च पथद्वयम्—एको जलेन, अपरः स्थल्या तत्र भगवान् स्थरया गतवान्, गच्छश्च दिवसे मुहूर्तशेपे कर्मार-ग्राममनु प्राप्तः हारिभद्रीय टीका —पृष्ट १८८

—ક્ષત્રિયકુડ, પૃષ્ઠ ૮૯

ગામનુ સાચુ નામ કોલવા નહી પરન્તુ કોલુઆ છે.

બીજી વાત એ છે કે– અઢીહજાર વર્ષ પહેલાની વાતની સાથે આજની વાતને બધ બેસતી કરવી એતો સાવ નિરર્થક છે. નદીના વ્હેણો કેવી રીતે બદલતા રહે છે, એનુ પ્રતિપાદન અમે પહેલા જ કરી ચુક્યા છીએ બનારસથી રામનગર જવા માટે જેમ બે માર્ગો છે એક પાણી રસ્તે નાવ દ્વારા અને બીજો પુલ ઉપર થઈને તેવીજ રીતે કોટા અને કનાડી ગામ વચ્ચે પણ જળમાર્ગ અને પુલમાર્ગ એમ બે રસ્તાઓ છે.

તેવીજ રીતે કલકત્તા અને હાવડાની વચ્ચે પણ જળમાર્ગ અને પુલમાર્ગ છે એમ તે વખતે પણ કર્મારગ્રામ જવા માટે બે માર્ગ હતા એક જળ માર્ગ અને બીજો પુલદ્વારા સ્થળમાર્ગ એટલે બુદ્ધિથી વિચાર કરીએ તો આજ અર્થ વધારે ઉચિત લાગે છે. જેમ આજે પુલો બંધાય છે તેમ તે વખતે પણ પુલો બંધાતા હતા. જેઓ પાઠ મળે તેવોજ અર્થ કરશે તે ઉચિત નથી. પરન્તુ પ્રકરણને અનુરૂપ સંગત પાઠનો અર્થ કરવો. આમાં ટીકાકારની બુદ્ધિમત્તા ઝળકે છે એટલે અમે અહીં એનો બંધ બેસતો પાઠ અને તેનો અર્થ આપીએ છીએ જે સુસંગત છે.

कर्मारग्रामममानयति वाक्यमसार । तत्र च पयसायम् पक्षो मन्नापर पाल्या । तत्र च भगवान् पाल्या गच्छन्, गच्छन् दिवस मुहूर्तशेष कर्मारग्रामममनु प्राप्तः तत्र च प्रति-मायां स्थित ।

—मलयगिरीय आवश्यक टीका भाग १ पत्र २६७।१।

અર્થાત્— કર્મારગ્રામ જવા માટે આરંભ કારણ એટલું ત્યાં જવા માટે બે માર્ગ છે એક પાણીથી અને બીજો પુલ થઈ. પછી સ્વામી ભગવાન્ પુલ ઉપર થઈને ગયા. જ્યાં જતા જ્યારે મુહૂર્ત જેટલો દિવસ બાકી રહ્યો ત્યારે કર્માર ગામમાં પહોંચ્યા અને ત્યાં નિશ્ચલ બની ધ્યાનમાં સ્થિર થઈ ગયા.

કેટલીક પ્રતિઓમાં પાલ્યા ને ઠેકાણે સ્પલ્યા એવો પાઠ

મળે છે, પરન્તુ पाल्या પાઠ ઠીક લાગે છે. અમારી પાસે જે હસ્તલિખિત 'હરિભદ્રીય આવશ્યક વૃત્તિ'ની પ્રતિ છે, તેમા ' पाली ' લખ્યુ છે, એવી જ રીતે અમારી ' આવશ્યક નિર્યુક્તિ અવચૂર્ણિ 'ની હસ્તલિખિત પ્રતિના ૨૩મા પત્રમાં પણ ' पाली ' જ લખ્યું છે

હરિભદ્રસૂરિની છપાયેલી ટીકામાં स्थल्या પાઠ છે, પરન્તુ અમારી પાસે હરિભદ્રીય આવશ્યક વૃત્તિની પ્રતિ છે તેમાં पाली લખ્યુ છે એવી જ રીતે અમારી આવશ્યક નિર્યુક્તિ અવ ચૂર્ણીની હસ્તલિખિત પ્રતિના ૨૩મા પત્રમાં પણ पाली જ લખ્યુ છે

શબ્દકોષો પ્રમાણે હવે અમે ' पाली 'નો અર્થ આપીએ છીએ:—

१—पाल्या–सेतौ—'अभिधानचिन्तामणि' भाग १, पृष्ठ ३८५

२—पाली–सेतौ—शब्दार्थचिन्तामणी भाग ३, पृष्ठ १४२

३ पालि—Bridge-Sanskrit–English Dictionary by Monier–Williams page 633, Sanskrit Eng Dict, by APTE Page 615

४ पाली—Bridge pali–End Dictionary, page 78.

૫—પાણી-શોષ પુલ 'ભારત હિન્દી કોષ' પૃષ્ઠ ૭૮૮

૬—પાણી-નદી વગેરેની પાલ શબ્દરત્નમહોદધિ'
ભાગ-૨ પૃષ્ઠ ૧૩૫૭

આ ગ્રંથના લેખક લખે છે કે 'જુઓ શ્રીમતી સ્ટીવન્સનનું ધી હાર્ટ ઓફ જૈનિઝમ' પૃષ્ઠ ૨૧-૨૨"

ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૭૪

ઉપર જે પુસ્તકનું નામ આપવામાં આવ્યું છે, તે ઠીક નથી તે આ પ્રમાણે છે ધી—હાર્ટ ઓફ જૈનિઝમ'

ગામોના નામો સંબંધમાં ઘણું લેખકે ઘણો ગોટાળો કર્યો છે તેના શુદ્ધાશુદ્ધિ અમે નીચે આપીએ છીએ.

અશુદ્ધ નામ શુદ્ધ નામ

કાવકોલા (ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૭) કોઆકોલ—
જુઓ માનચિત્ર ૭૨ ઔમ-૧૩ (નવા જિલાદર્પણ પૃષ્ઠ ૪૫)

કુમારનામ (ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૮) કુમાર ગામ—
—જુઓ માનચિત્ર ૭૨—એચ—૧

કોવાકુનામ—(ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૮) કોઆકોલ—
જુઓ માનચિત્ર ૭૨—એચ—૧

કોનાગ—(ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૯) કાકડના—
મહરાગ—(ક્ષત્રિયકુંડ પૃષ્ઠ ૮) મહરામા—

—ક્રમશઃ આગળની પાસે

બીજુ બસબુકી ગામ તમારી માનેલી ગડકી નદીથી પૂર્વ દિશામાં પડે છે જ્યારે વાણિયાગ્રામ મૂળ ગડકી નદીની પશ્ચિમ-દિશામાં છે. એટલે એ રીતે પણ બસબુકી અને વાણિયાગ્રામની કોઈ સામ્યતા નથી

ક્ષત્રિયકુડના નકશામા લેખકે જે ભૂલ કરી છે તે આ છે– તેમાં દેવસ્થાન પર્વતના શિખરની ઊચાઈ સમુદ્રતલથી જે ૧૨૬૬ ફૂટ લખી છે, તેને બદલે ૧૨૬૮ ફૂટ જોઇએ અને શિખરનુ નામ પણ ઈરખાર નહી પરન્તુ એરઆર જોઇએ.

—જુઓ માનચિત્ર ૭૨–એલ એ

શાસ્ત્રોના આધારે આપણે વિચાર કરીએ તો–કલ્પસૂત્રના સુત્ર ૬૬મા એકવાર ૧૦૦મા બે વાર ૧૦૧માં એકવાર અને ૧૧૫માં એકવાર એમ પાચ સ્થળોએ કુંડપુરનો ઉલ્લેખ આવે છે એવી જ રીતે આવશ્યક ચૂર્ણિ– જિનદાસ ગણિ મહત્તરે બનાવેલી છે તેમા પણ અનેક સ્થળોએ કુડગામનો ઉલ્લેખ થયેલો છે તે માટે નીચેનો પાઠ ખાસ ધ્યાન દેવા યોગ્ય છે– जेट्ठा कुंडगामे वद्धमाणमामिणो जेट्ठस्स नदिवद्धणस्स दिण्णा पू. आवश्यक चूर्णि उत्तरार्ध पृष्ठ १६४। અર્થાત્ ચેટક રાજાની જયેષ્ઠા પુત્રીને કુડગ્રામ રહેલા શ્રીવર્ધમાન સ્વામીના મોટા ભાઈ નદિવર્ધનને આપી. આ કુડપુરનો નામાન્તર 'ક્ષત્રિયકુડ' હતો અને કુડપુર વિદેહ દેશમાં આવ્યુ હતુ એમ દિગમ્બરોએ ઘણુ સ્પષ્ટ લખ્યુ છે અને આપણે ત્યાં તો છે જ

તેઓ એમ કહે છે કે 'ભગવાન્ મહાવીર પછી દિગમ્બરીય ચારિત્ર–ગ્રન્થોનો પ્રારમ્ભકાલ દોઢેક હજાર વર્ષ પછી શરૂ થાય છે તેમને ખરી રીતે દિગમ્બરીય ચારિત્ર ગ્રન્થોના સમયનું જ્ઞાન જ નથી એમ કહી શકાય. દાખલા તરીકે દિગમ્બરીય આચાર્ય પૂજ્યપાદે વિક્રમની પાંચમી શતાબ્દિમાં 'દશ-ભક્તિ' નામનો ગ્રન્થ બનાવ્યો છે જેમાં 'કુંડપુર' શબ્દનો ઉલ્લેખ આવે છે એવી જ રીતે આચાર્ય જિનસેન અને આચાર્ય ગુણભદ્ર કે જેઓ વિક્રમની આઠમી શતાબ્દિમાં થયા છે, અને જેઓએ ક્રમશ: હરિવંશપુરાણ અને ઉત્તરપુરાણ નામના ગ્રન્થો બનાવ્યા છે જેમાં કુંડપુરનો ઉલ્લેખ કરેલ છે પછી તમે ક્યા આધારે દિગમ્બરીય ચારિત્ર ગ્રન્થોનો પ્રારમ્ભકાલ દોઢેક હજાર વર્ષ પછી માનો છો? ઉપરોક્ત દિગમ્બર–ચારિત્ર ગ્રન્થો નથી શું? અથવા આ ઉતાવળીયું અનુમાન તમારી શાસ્ત્રપ્રવૃત્તિ પ્રકટ નથી કરતી શું?

બીજી વાત નેમિચન્દ્રસૂરિ જેઓએ પ્રાકૃતમાં મહાવીર ચરિય રચ્યું છે, તેઓ શ્વેતામ્બર છે અને આપે પણ આપના બનાવેલા જૈન ન પરાનો ઇતિહાસ પૃષ્ઠ ૪૧ ઉપર તેમનો ઉલ્લેખ કર્યા છતાં અહિં આરે એમને દિગમ્બર ક્યાંથી બનાવી દીધા? કેટલીક અમ મનિઓ આ ગ્રન્થ લખાણમાં સ્થળે સ્થળે જોવાય છે જે લખવા જોગ છે.

માહણકુંડગામને પણ 'કાણે' બ્રાહ્મણગામ તરીકે લખ્યું

નથી. જ્યાં જ્યાં શાસ્ત્રોમાં એનો ઉલ્લેખ આવ્યો છે ત્યાં માહ-ણકુંડગ્રામ તરીકે જ આવેલો છે અને પં સૌભાગ્યવિજયજી પણ પોતાની તીર્થમાળામાં 'માહણકુંડગ્રામ' જ લખે છે અને સાથે લખે છે કે હાલમાં તે ગામ નથી જ વર્તમાનમાં તમે જે 'માહણા'ને માહણકુંડગ્રામ કહો છો અને તેને બ્રાહ્મણ ગ્રામનો આશ્રય લઈને ક્ષત્રિયકુંડની સાથે ભેગવી ઘો છો તે ક્યાં સુધી ઉચિત છે? અને તમારા માનેલા માહણા તમારા માનેલા ક્ષત્રિયકુંડથી કઈ દિશામાં છે? તેનો જરા અભ્યાસ કરી લેશો.

અન્તમાં—મારા આ કાર્યમાં એક યા બીજી રીતે જે જે મહાનુભાવોએ મદદ કરી છે, તેમને ધન્યવાદ આપવો પણ નહીં ભૂલી શકું. સૌથી પ્રથમ મહામહિમ ડા. રાજેન્દ્રપ્રસાદજીનો આભારી છું કે જેઓએ હિન્દી આવૃત્તિમાં અમુલ્ય અભિપ્રાય આપી પુસ્તકનો ગૌરવ વધાર્યો છે પ્રેસકોપી કરવામાં અને પ્રૂફ સુધારવામાં પંડિત શ્રીયુત અમૃતલાલ તારાચંદ દોસી, જરૂરી પુસ્તકો મેળવવામાં અને બાકીના બધા કાર્યોમાં નિરંતર સહાયતા કરનાર શ્રીયુત કાશીનાથ સરાક, પુસ્તક છપાવવામાં આર્થિક સહાય કરનાર વેરાવળ નિવાસી ઉદારદિલ શ્રેષ્ઠિવર્ય શ્રીયુત હરિદાસ સૌભાગ્યચંદ તથા તે તે મહાનુભાવો અને સંસ્થાઓને જેઓએ પુસ્તક લખવામાં તેમજ પુસ્તકો વડે સહાયતા કરી છે તેમને અંતઃકરણથી આશીર્વાદ આપું છું તેમજ શ્રીયુત ડો વાસુદેવ શરણ એમ એ. પી એચ ડીને

પણ નહી ભૂલી શકું કે એમણે હિન્દી 'વૈશાલી' પુસ્તકની પ્રસ્તાવના લખી આપી પુસ્તકની શોભામાં વધારો કર્યો હતો.

એ કહેવાની ભાગ્યેજ જરૂર છે કે આ પુસ્તક હિન્દી વૈશાલી ના પરિવર્દ્ધિત બીજા સંસ્કરણની આવૃત્તિ છે.

અન્તે હું વાચકોને એ અનુરોધ કરીશ કે તેઓ પુસ્તક વાચતા જે કંઈ ત્રુટિ જુએ તે મને લખી મોકલશે જેથી હું તેને બીજી આવૃત્તિમાં સુધારી શકું. હું જે કંઈ લખું છું તે બધું ત્રુટિ રહિત જ છે એમ હું નથી માનતો. એટલે મારા લખવામાં જે કંઈ સ્ખલનાઓ જોવામાં આવે તે તરફ મારું ધ્યાન દોરે. હું તેઓની સૂચનાઓ ઉપર ખાસ ધ્યાન આપીશ. કારણ કે હું પણ છદ્મસ્થ છું. શાસનની સેવા કરવી મારો ધર્મ છે એ ભાવનાથી જ મેં આ પુસ્તક લખ્યું છે.

: સ્થળ
શેઠ ભોગીલાલ લહેરચંદ
ટોપીવાલા બંગલો મર્જબાન રોડ
અંધેરી મુંબઈ નં ૪૧
સંવત્ ૨ ૧૪ ફાલ્ગુન શુદિ પૂર્ણિમા
ધર્મ સંવત્ ૩૬

વિજયેન્દ્રસૂરિ



# બે બોલ

ઇતિહાસ તત્ત્વ મહોદધિ જૈનાચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આજે લગભગ ૬૦ વર્ષથી જૈન-શાસન અને જૈન-સાહિત્યની મહાન્ સેવા કરતા આવ્યા છે સમાજ તેમની આ મહાન્ સેવાઓથી સુપરિચિત નથી એ આશ્ચર્યની વાત છે તેનુ એક કારણ એ પણ છે કે તેમની એ સેવાઓને તેઓશ્રીએ પોતાના ગુરુદેવના નામે ચડાવી છે પોતાના મહાન્ વ્યક્તિત્વને તેમણે ગુરુની સેવામા જ સમાવી દીધુ હતુ જગત્ પૂજ્ય શાસ્ત્રવિશારદ મહાત્મા વિજય ધર્મ સૂરિજીએ તે વખતે જૈન સમાજના સર્વ ક્ષેત્રોમા જે અપૂર્વ ક્રાન્તિ લાવ્યા હતા, અને પાશ્ચાત્યના પ્રકાંડ વિદ્વાનોને જૈનધર્મ પ્રતિ આકર્ષિત અને અનુરાગી બનાવ્યા હતા તેમાં ખાસ પીઠબળ તેમના આ પ્રધાન-શિષ્ય આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિજી મહારાજનુ જ હતુ અને પોતાની બધી શક્તિઓને ગુરુની સેવામા સમર્પણ કરીને શિષ્ય તરીકેનુ એક ઉજ્જવલ ઉદાહરણ તેમણે જગત્ સમક્ષ મૂકયુ છે

અન્તમાં ગુરુદેવની કૃપાથી વર્તમાનમાં પણ શાસનની સેવામાં નિરતર લાગી રહ્યા છે આચાર્યશ્રીજી લગભગ પચાસ વર્ષોથી સસ્થાઓનુ પણ કાર્ય કરતા આવ્યા છે અન્તમાં વિશેષ લાભનો અભાવ જોઈ ઉદાસીન થઈને માત્ર સાહિત્યિક કાર્યમા જ તેમણે હમણા પોતાનુ બધુ લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે એ દૃષ્ટિથી તેમનુ આ પહેલુ કાર્ય થશે. પ્રારભમાં એમના હૃદયમા એ મહાન્ ઇચ્છા હતી કે શિવપુરીની સસ્થા જગતમા પોતાની યોગ્યતાના કારણે પ્રથમ નબરની સસ્થા બને પરન્તુ સહાયકોની સમજવાની અશક્તિ, પ્રબન્ધકોની અવ્યવસ્થા અને અલ્પજ્ઞતાને લીધે આચાર્યશ્રીજીએ પોતાની ભાવનાને બીજી તરફ વાળીને લગાવી દીધી ખરી રીતે જોવામાં આવે તો આચાર્યશ્રીજીએ સસ્થાને આગળ લઈ જવા માટે કોઇ

પાન ખાઈ ન શકી પોતાના સાહિત્યિક કામને પણ [illegible] નીચું સ્થાન [illegible] માટે [illegible] ગણ્યો, પરન્તુ આ [illegible] પ્રત્યક્ષ પરિણામ નહીં આવવાથી આ માર્ગ [illegible].

એ [illegible] પ્રારંભિક [illegible] પણ ન હતા તેમને પણ [illegible] ઐતિહાસિક વિદ્વાન [illegible] જણાવ્યા છે કે આગમ [illegible] (૧) [illegible] અને [illegible] સ. ૧ (૨) [illegible] અને (૪) જૈન [illegible] તથા [illegible] અનુમાન કરી [illegible] છે કે આગમ [illegible] પ્રતિ [illegible] જ [illegible] રાખી. [illegible] અને [illegible] તેમને [illegible] પ્રો. [illegible] ડૉ. [illegible] પ્રો. [illegible] પ્રો. [illegible] પ્રો. [illegible] પી. એમ. [illegible] (શ્રીમતી [illegible]) [illegible] વિદ્વાન પણ [illegible] છે [illegible] માટે અમે [illegible] છે. [illegible] જૈન [illegible] પ્રમાણે છે —

[illegible] જૈન [illegible] અને [illegible] કરી [illegible]

પૂજ્યપાદ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી ધર્મવિજયજીસૂરિ, જે ભારત વર્ષના પ્રમુખ વિદ્વાનોમાં છે અને જેઓ બનારસની શ્રી યશોવિજયજી જૈન પાઠશાલાના સ્થાપક છે ન કેવળ પોતાના શિષ્ય પ હરગોવિન્દદાસ અને પ બેચરદાસ દ્વારા જ સારા ગ્રન્થો સસ્તી કિંમતે પ્રકાશિત કરાવી ભારતીય ભાષા વિજ્ઞાનની મહાન્ સેવા કરી રહ્યા છે આપ તેઓ પોતે સ્વય પણ હેમચન્દ્રાચાર્યની પોતાની બનાવેલી ટીકા સહિત યોગશાસ્ત્રના ઉત્તમ-સસ્કરણ જેવા ગ્રન્થો પ્રકાશિત કરી રહ્યા છે અને જૈનોની સભ્યતા તેમજ ખાસ કરીને સાહિત્યમાં અનુરાગ રાખનાર યુરોપિયન વિદ્વાનોને હસ્તલિખિત પ્રતિઓ જે યુરોપમાં મળવા બીલકુલ અસભવ માનવામા આવે છે એ કામ ઘણુ જ ઉપયોગી અને દીર્ઘ દૃષ્ટિતાનુ છે એવુ જ એમના સુયોગ્ય પ્રધાન શિષ્ય મુનિ ઇન્દ્રવિજયજી કરે છે હાર્વર્ડ ઓરિયન્ટલ સિરીઝના બારમા ભાગમાં મે આ પ્રસિદ્ધ વિદ્વાનોનુ મારા ઉપર કેટલુ ઋણ છે, એ પ્રસન્નતા પૂર્વક બતાવ્યુ છે અને મારુ ભારતવર્ષના કથાનક શાસ્ત્રમાં અન્વેષણ કરતા રહેવુ, તેમજ એ સિદ્ધ કરવુ કે 'ભારત વર્ષ ભરનો પ્રાય બધો જ કથા-સાહિત્ય વિભાગ જૈનોની કૃતિઓ છે અને જેટલા ગદ્યમાં રચેલા છે, તે બધા એવી સસ્કૃત ભાષામાં લખેલા છે, જે ખરી રીતે બોલી-ચાલીની સસ્કૃત ભાષા હતી. પરતુ તેની વાસ્તવિક પરિસ્થિતિના સબધમા ઘણી જ ગેરસમજ ફેલાયેલી છે અને તેના અભ્યાસ તરફ વિદ્વાનો યોગ્ય રીતે ઉપેક્ષા સેવે છે એઓની જ કૃપાનુ ફલ છે હુ હમેશા ધન્યવાદ પૂર્વક એ સ્વીકાર કરીશ કે-મારા કાર્ય માટે પરમ આવશ્યક સામગ્રી આજ એ મહાત્માઓએ પૂરી પાડી છે'

આ સિવાય સુપ્રસિદ્ધ હિન્દી માસિક પત્રિકા 'સુધા'માં શ્રીયુત કન્નોમલજી એમ એ ચીફજજ ધોલપુર સ્ટેટ આચાર્યશ્રીના સબધમાં જે વચનો ઉચ્ચાર્યા હતા તે પણ અમે અહી આપીએ છીએ

શ્રી જિન ધર્મ પ્રતિબોધ સભા દ્વારા શ્રી શ્રીમદ્ [illegible] તરીકે એમના સુપ્રસિદ્ધ શિષ્ય શ્રી જિનેન્દ્રસૂરિ બિરાજમાન થયા. એઓ આ સભામાં રહે છે. આપણા આદિથી ભિન્ન ભિન્ન રચનાઓમાં ધર્મોપદેશ કરે છે. તેઓ હિન્દી, ગુજરાતી સંસ્કૃતના ઉચ્ચ વિદ્વાન છે અને અર્ધમાગધી તથા પ્રાકૃતમાં પણ સુપ્રસિદ્ધ છે.

શ્રી જિનેન્દ્રસૂરિજી મહારાજ એમ આજે આપણ ઉપર જે જૈન ધર્મના એક આગમ ચાલુ છે આપણી ઉપર હોવા છતાં પણ તેઓને અહંકાર અને અભિમાન તો સ્પર્શ્યાં પણ નથી એવું મને માલુમ છે જે તેઓને મળીને પ્રસન્ન અને પ્રફુલ્લિત ન થઈ આવ [illegible] કરતા જ તેમની પવિત્ર, પ્રસન્ન અને શિષ્ટતાના ભાવ ઉપર પ્રભાવ પડી જાય છે તેઓ ઘણુ જ મિલન કર છે જેના કેવો ઉપર જ તેમનો પ્રભાવ નથી. અને હિન્દુ મુસલમાન, ઈસાઈ આદિ બધા ધર્મના લોકો ઉપર છે. તેમનું સન્માન સૌ કરે છે તેમના ધર્મ અને લોકો જ નથી [illegible] તેની નથી નજીક આવે [illegible] કે તમે કોઈ પણ વિષય ઉપર વાતચીત કરો તે જ તમને તરત ઉત્તર મળશે.

આચાર્યશ્રી એ અનેકવિધ ગ્રંથો આદિ પ્રકાશ [illegible] ના [illegible] તથા સંપાદન કર્યા છે

૧ [illegible] ની [illegible]
ની [illegible] મીમાંસા (હિન્દી)
[illegible] (હિન્દી)
[illegible] (સંસ્કૃત) સંપાદિત
[illegible] (સંસ્કૃત) સંપાદિત
[illegible] (ગુજરાતી)

૭ અશોકના શિલાલેખો ઉપર દૃષ્ટિપાત ( ગુજરાતી )

૮ પ્રાચીન ભારતવર્ષનું સિંહાવલોકન ( ગુજરાતી )

૯ મહાક્ષત્રપ રાજા રુદ્રદામા ( ગુજરાતી )

૧૦ મથુરાનો સિંહ ધ્વજ ( ગુજરાતી )

૧૧ જગત્ ઔર જૈન દર્શન ( સંસ્કૃત-હિન્દી )

૧૨ Reminiscences of Vijay Dharmsuri ( English )

કેશરીઆજી, કુમાર શ્રી બાહુબલિ (ગોમટેશ્વર) વગેરે ઉપર પણ આચાર્યશ્રીજીએ સમય સમય ઉપર લેખો લખ્યા છે

આ ઉપરાન્ત હિન્દી-ગુજરાતીની ઊંચી માસિક પત્રિકાઓમાં પણ આપના મહત્ત્વપૂર્ણ લેખો પ્રકટ થતા રહ્યા છે અત્યારે આપનો બધો સમય સાહિત્યના લેખનમાં તેમજ મનનમાં જ વ્યતીત થાય છે અને આપની હંમેશા એ ભાવના રહે છે કે હજુ બીજા પણ સારા સારા ગ્રન્થો લખું અને પ્રગટ કરાવું

આચાર્યશ્રીજી અત્યારે ૭૮ વર્ષની મોટી ઉંમરે પહોંચ્યા છે. લગભગ ૨૫ વર્ષોથી એમના મનમાં એક ભાવના ઘોળાયા કરતી હતી કે આધુનિક જગતને સંતોષી શકે એવું ઐતિહાસિક પ્રમાણ પુરસ્સર ઉત્તમ મહાવીર ચરિત્ર લખું તે ભાવનાને જીવનના અંતે મૂર્ત સ્વરૂપ આપવાની હમણાં તેઓએ શરૂઆત કરી છે જે તેમની સ્વય નિર્ભર શક્તિનું મહાન પ્રમાણ છે જેમાં લગભગ ત્રણ વર્ષ લાગશે તેમના જ એક અંશ રૂપે હિન્દી બીજી આવૃત્તિના પરિવર્દ્ધિત સંસ્કરણ જે ગુજરાતીમાં વૈશાલી (બસાઢ) ને પ્રકાશિત કરી રહ્યા છીએ એમાં ક્ષત્રિયકુંડના અસલી સ્થાનની નૂતન સ્થાપના વૈશાલીની પાસે કરવામાં આવી છે જેથી વાચકોને એ સારી રીતે જણાઈ આવશે કે સાચી વસ્તુ સ્થિતિ શું છે ! અને અંતઃકરણ પૂર્વક ઇચ્છીએ છીએ કે આચાર્યશ્રી ભગવાન મહાવીરનું ઐતિહાસિક જીવન-ચરિત્ર

વર્ષોને જનતાની ખાતર [illegible] એવી જગત્ એને ઓળખીને ભગવાન મહાવીરને મિત્ર સમા સ્થાપ્યાં [illegible].

આચાર્યશ્રીએ આજ સુધી પરોક્ષ રીતે જન-સમાજની જે સેવા કરી છે હવે તેને જનતાની આગે [illegible] છે એથી જૈન-સમાજને તેમના અપરિમિત જ્ઞાનનો લાભ મળે અને સંસાર એ જાણે કે કેવી રીતે એક વિભૂતિએ જ્ઞાનને મેળવ્યું પચાવ્યું અને આજે કેવી રીતે એનું દાન સંસારને વહેંચી રહ્યા છે હું આજે [illegible] વર્ષથી તેમની સેવામાં રહું છું અને હંમેશા મેં તેમને નિષ્કામ રહેતા જ જોયા છે — આજે એમને જે ૬૫ મા [illegible] મળ્યું છે તે ખાસ સુભાગ્ય જ છે. [illegible] ૬૫ નથી.

હવે તો મારો જૈન-સમાજને એ અનુરોધ છે કે તેઓ પણ વિપુલ સેવા આ [illegible] જ્ઞાનનો લાભ લે અને તેઓ લાભ ઉઠાવે અને તેમના આ મહાન કાર્યમાં સહાયક બનીને જૈન સમાજની ઉન્નતિ સાધી બને, એ જ મારી ઇચ્છા.

—પ્રકાશક

ॐ

॥ जगत्पूज्य–शास्त्रविशारद–श्रीविजयधर्मसूरिगुरुभ्यो नमः ॥

# વૈશાલી

વેસાલી અથવા વૈશાલી એ ઘણુ જ જૂનુ શહેર છે. એની સાથે ભારતના ભિન્ન ભિન્ન ધર્મોનો ઊંડો સંબંધ છે. ભગવાન્ મહાવીરસ્વામીના 'વૈશાલિક' નામ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે તેમનો આ નગરની સાથે ખાસ સબંધ હતો અને તેમની જન્મભૂમિ કુડપુર (ક્ષત્રિયકુડ) આની જ પાસે હતી તેથી અહી એમની સ્થિતિ વગેરેના સબધમાં વિચાર કરીએ છીએ

## આર્યક્ષેત્ર

આર્યાવર્ત અથવા મધ્યદેશ જૈનો, બૌદ્ધો અને વૈદિકોની દૃષ્ટિથી કયો હતો ? આ ત્રણેય ધર્મોના અનુસારે તેમના શાસ્ત્રોમાં એની વ્યાખ્યા આ પ્રમાણે કરવામા આવી છે

### ક. જૈન દૃષ્ટિએ

બૃહત્ કલ્પ–સૂત્ર વૃત્તિ સહિત, વિભાગ ૩, પૃષ્ઠ ૯૧૩ (સપાદક—આગમ પ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી) માં

[illegible] જનતાની આગળ મૂકે તેથી જગત્ એને [illegible] મહાવીરને એના સાચા સ્વરૂપમાં ઓળખે.

આગમ-ગ્રંથોની આજ સુધી પરોક્ષ રીતે જૈન-ધર્મની જે સેવા થઈ છે હવે તેને જગતની સામે મૂકવાની જરૂર છે. એથી જન-સમાજને તેના અપરિચિત જ્ઞાનનો લાભ મળે, અને વધારે એ [illegible] કે એવી રીતે એક [illegible] જ્ઞાનને મેળવવું, પચાવવું અને [illegible]? એવી રીતે એનું ફળ [illegible] વધારેને મળ્યું છે. હું આજે [illegible] વરસથી તેમની સેવામાં છું અને [illegible] મેં તેમને [illegible] જોતાં સમજ્યો છું કે—'આચાર' અને [illegible] એ [illegible] આ [illegible] આવું છે તે માત્ર [illegible] જ ફળ છે. ત્યારે [illegible] નહિ.

હવે તો મારો જન-સમાજને એ અનુરોધ છે કે તેઓ આગમ [illegible] જેવા આ આગમગ્રંથોના જ્ઞાનનો [illegible] અને તેઓ લાભ ઉઠાવે અને તેમના આ [illegible] [illegible] જૈન સમાજની ઉન્નતિમાં લાગી જાય, બસ એજ ઇચ્છા.

—પ્રકાશક



| | |
|---|---|
| ૧૧ સૌરાષ્ટ્ર | દ્વારવતી |
| ૧૨ વિદેહ | મિથિલા |
| ૧૩ વત્સ | કૌશામ્બી |
| ૧૪ શાંડિલ્ય | નન્દિપુર |
| ૧૫ મલય | ભદ્દિલપુર |
| ૧૬ મત્સ્ય | વૈરાટ |
| ૧૭ અત્સ્ય ( અચ્છ ) | વરુણા |
| ૧૮ દશાર્ણ | મૃતિકાવતી |
| ૧૯ ચેદિ | શુક્તિમતી |
| ૨૦ સિન્ધુ–સૌવીર | વીતભય |
| ૨૧ શૂરસેન | મથુરા |
| ૨૨ ભગી | પાવા |

---

તેમનુ આ માનવુ યથાર્થ નથી તેઓ નાગોરને નાગપુરનુ વાચક માનીને અને અહિચ્છત્રાનો પણ તે જ અર્થ થવાથી આ સમાનાર્થક દૃષ્ટિથી બન્નેને એક માને છે, પરન્તુ સમાનાર્થકને કારણે કોઈ વસ્તુ એક નથી થઈ શકતી

અમે કુરુ–જાંગલનુ જે સ્થાન બતાવ્યુ છે તે રામાયણના અયોધ્યાકાડના ૬૮ મા સર્ગના ૧૩ મા શ્લોકમા, મહાભારતના આદિ પર્વના ૧૦૯ મા સર્ગના ૧ તથા ૨૪મા શ્લોકમા તથા વનપર્વના ૧૦ મા સર્ગના ૧૧ મા શ્લોકમા અને ૫ મા સર્ગના ત્રીજા શ્લોકમા આવ્યુ છે

આર્યદેશ અને તેમની રાજધાનીઓ આ પ્રમાણે બતાવવામાં આવી છે

| આર્યદેશ | રાજધાની |
|---|---|
| ૧ મગધ | રાજગૃહ |
| ૨ અંગ | ચમ્પા |
| ૩ વંગ | તામ્રલિપ્તિ |
| ૪ કલિંગ | કાંચનપુર |
| ૫ કાશી | વારાણસી |
| ૬ કોશલ | સાકેત |
| ૭ કુરુ | ગજપુર (હસ્તિનાપુર) |
| ૮ કુશાર્ત | સૌરિક (સૌરિપુર) |
| ૯ પાંચાલ | કાંપિલ્ય |
| ૧ જંગલ (જાંગલ) | અહિચ્છત્રા |

૧ જાંગલ દેશનો અર્થ છે જળમાં વગરનું નગર અથવા સ્થાન (Worst Land). તે જે દેશની સમીપમાં આવ્યું તે નામથી ઓળખાતું, જેમ કુરુ–જાંગલ કે માદ્રેય જાંગલ. ઉત્તર પાંચાલ દેશ અને ગંગાની વચમાં કુરુ–જાંગલ નામનો દેશ વસેલો હતો અને તેમાં કામ્યક નામનું વન હતું કુરુક્ષેત્ર પણ આગળ વધેલો હતો–કુરુ, કુરુક્ષેત્ર અને કુરુ જાંગલ મહાભારત પ્રમાણે 'અહિચ્છત્રા ઉત્તર પાંચાલની રાજધાની હતી. કેટલાક અહિચ્છત્રપુર અથવા અહિચ્છત્રાન વગેરે નાગોર (નાગપુર)' માને છે. પરન્તુ

ક્ષેત્રની મર્યાદા નીચે પ્રમાણે હતી

" कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा पुरत्थिमेणं जाव अंगमगहाओ एत्तए, दक्खिणेणं जाव कोसम्बीओ, पच्चत्थिमेणं जाव थूणाविसयाओ, उत्तरेण जाव कुणालाविसयाओ एत्तए। एताव ताव कप्पइ। एताव ताव आरिए खेत्ते। णो से कप्पइ एत्तो बाहिं। तेण परं जत्थ नाण-दंसण चरित्ताइं उस्सप्पंति त्ति बेमि ॥५०॥

—बृहत्कल्पसूत्रवृत्तिसहित, विभाग ३, पृष्ठ ९०५-६,

अस्य व्याख्या-कल्पते निर्ग्रन्थाना वा निर्ग्रन्थीनां पूर्वस्या दिशि यावदङ्ग-मगधान्। 'एतुं' विहर्तुम्। अङ्गा नाम चम्पाप्रतिबद्धो जनपदः। मगधा राजगृहप्रतिबद्धो देशः। दक्षिणस्या दिशि यावत् कौशाम्बीमेतुम्। प्रतीच्यां दिशि स्थूणाविषयं यावदेतुम्। उत्तरस्या दिशि कुणालाविषयं यावदेतुम्। सूत्रे पूर्वदक्षिणादिपदेभ्यस्तृतीयानिर्देशो लिङ्गव्यत्ययश्च प्राकृतत्वात्। एतावत् तावत् क्षेत्रमवधीकृत्य विहर्तुं कल्पते। कुतः। इत्याह एतावत् तावद् यस्मादार्यं क्षेत्रम्। नो "से" तस्य निर्ग्रन्थस्य निर्ग्रन्थ्या वा कल्पते 'अतः' एवंविधाद् आर्यक्षेत्राद् बहिर्विहर्तुम्। "ततः पर" बहिर्देशेषु अपि सम्प्रतिनृपतिकालादारभ्य यत्र ज्ञान-दर्शन-चारित्राणि 'उत्सर्पन्ति' स्फातिमासादयन्ति तत्र विहर्तव्यम्। 'इति' परिसमाप्तौ। ब्रवीमि इति तीर्थकर-गणधरोपदेशेन, न तु स्वमनीषिकयेति सूत्रार्थः।

—बृहत्कल्पसूत्रवृत्तिसहित विभाग ३, पृष्ठ ९०७,

| | |
|---|---|
| ૨૩ વત્ત | માસપુરી |
| ૨૪ કુણાલ | શ્રાવસ્તી |
| ૨૫ લાઢ | કોટિવર્ષ |
| ૨૫॥ કેકય અર્ધદેશ | શ્વેતવિકા |

આ ૨૫॥ આર્યદેશો કહેવાય છે. આનો ઉલ્લેખ પ્રજ્ઞાપના સૂત્ર [illegible] ની ટીકા પ્રવચન સારોદ્ધાર વગેરેમાં પણ [illegible] અને ભગવતી સૂત્રના ૧૫મા શતકનું સૂત્ર ૫૫૪માં [illegible] ૧૬ [illegible] જનપદ [illegible] છે, જેમના નામ આ છે — ૧ અંગ, [illegible] મગધ, ૪ મલય, ૫ માલવ, ૬ અચ્છ, ૭ વચ્છ, [illegible] પાઢ, ૧૦ લાઢ—રાઢ, ૧૧ વજ્જી (વજ્જ) [illegible] મોલિ [illegible] ૧૩ કાશી, ૧૪ કોશલ, ૧૫ અબાહ અને ૧૬ [illegible]—સંભોત્તર. આમાં 'મહાજનપદ' શબ્દ [illegible] અને ભગવાન મહાવીર સ્વામીના સમયમાં આર્ય

निगमो, तस्म अपरेन महासाला, ततो परं पच्चन्तिमा जनपदा ओरतो, मज्झे पुव्वदक्खिणाय दिमाय सललवती नाम नदी, ततो पर पच्चन्तिमा जनपदा ओरतो मज्झे, दक्खिणाय दिसाय सेतकण्णिक नाम निगमो, ततो पर पच्चन्तिमा जनपदा ओरतो मज्झे, पच्छिमाय दिसाय थून नाम ब्राह्मणगामो, ततो परं पच्चन्तिमा जनपदा ओरतो मज्झे, उत्तराय दिसाय उसीरद्धजो नाम पब्बतो, ततो परं पच्चन्तिमा जनपदा ओरतो मज्झेति एवं विनये वुत्तो पदेसो ।

—जातकट्ठकथा—भारतीयज्ञानपीठकाशी द्वारा प्रकाशित, पृष्ठ २८

૩—મધ્યદેશની પૂર્વદિશામાં કજગલ (વર્તમાન કંકજોલ, જીલ્લો સથાલપરગણુ (બિહાર) નામનુ મોટુ ગામ છે તેની આગળ મોટુ શાલવૃક્ષોનુ વન છે, અને પછી આગળ સીમાન્ત દેશો વચમા સલલવતી (વર્તમાન સિલઈ નદી, હજારીબાગ અને મેદનીપુર જિલ્લો) નામની નદી છે તેની આગળ સીમાન્ત દેશો છે દક્ષિણ-દિશામાં સેતકણ્ણિક નામનો કસ્બો છે તેની પાછળ સીમાન્ત દેશો છે પશ્ચિમ દિશામાં થૂન (થાનેસર) નામના બ્રાહ્મણોનુ ગામ છે, તેની પછી સીમાન્ત દેશો છે ઉત્તર દિશામા ઉશીરધ્વજ નામક પર્વત છે; તેના પછી સીમાન્ત દેશો છે

—બૌદ્ધચર્યા પૃષ્ઠ ૧

આ ઉપર બતાવેલા બૌદ્ધોના મધ્યદેશમા ૧૬ મહાજન પદ હતા તે આ છે —

1

ઉપરના પાઠના આધારે આર્યક્ષેત્ર પૂર્વદિશામાં મગધ અને અ ગની સીમા સુધી, દક્ષિણમાં કૌશામ્બીની સીમા સુધી, પશ્ચિમમાં સ્થણા ( કુરુક્ષેત્ર )ની સીમા સુધી અને ઉત્તરમાં કુણાલદેશની સીમા સુધી હતું. આ જ આર્યક્ષેત્રમાં સાધુઓને અને સાધ્વીઓને વિહાર કરવાનો આદેશ હતો.

## અ—બૌદ્ધોની માન્યતા પ્રમાણે મધ્યદેશ નીચે પ્રમાણે હતો.

The boundaries of the Buddhist Majjhimadesa ... the Mahavagga (Vol V P P 12 13) may be described as having extended in the east to the town of Kajangala beyond which ... the ... of M ... the south east to the ... Sal ... (Sara ...) the south to the town of Satak ... k ... the west to the Brahmin district of Thuna in the north to the Usi ... dhaj ... mount

—Geography of ... Buddhism Page 1-2

મહાવગ્ગના અનુસારે મધ્યદેશ પૂર્વદિશામાં કજંગલ સુધી, દક્ષિણ પૂર્વ ( આગ્નેય ) માં સલલવતી ( સરસ્વતી ) સુધી દક્ષિણમાં સતકણ્ણિક સુધી, પશ્ચિમમાં થૂનના બ્રાહ્મણ પ્રદેશ ( કુરુક્ષેત્ર ) સુધી અને ઉત્તરમાં ઉશીરધ્વજ પર્વત સુધી હતો.

૨ मज्झिमदेसो नाम पुरत्थिमदिसाय कजंगलं नाम

૨ મનુએ મધ્યદેશનુ પ્રમાણ ઉત્તરમાં હિમાલય સુધી, દક્ષિણમાં વિન્ધ્ય સુધી, પશ્ચિમમાં વિનશન સુધી અને પૂર્વમાં પ્રયાગ સુધી બતાવ્યું છે

हिमवद्विन्ध्ययोर्मध्यं यत्प्राग्विनशनादपि ।
प्रत्यगेव प्रयागाच्च मध्यदेशः प्रकीर्त्तितः ॥

—मनुस्मृति २–२१

૩ બૃહત્સંહિતાના ૧૪ મા અધ્યાયમાં મધ્યદેશની અંદર નીચેના પ્રદેશો બતાવ્યા છે

भद्रारिमेदमाण्डव्यसाल्वनीपोज्जिहानसङ्ख्याता ।
मरुवत्सघोषयामुनसारस्वतमत्स्यमाध्यमिकाः ॥२॥
माथुरकोपज्योतिषधर्मारण्यानि शूरसेनाश्च ।
गौरग्रीवोद्देहिकपाण्डुगुडाश्वत्थपाञ्चालाः ॥३॥
साकेतकङ्ककुरुकालकोटिकुकुराश्च पारियात्रनगः ।
औदुम्बरकापिष्ठलगजाह्वयाश्चेति मध्यमिदम् ॥४॥

અર્થાત્ - ભદ્ર, અરિમેદ, માડવ્ય, સાલ્વ, નીપ, ઉજ્જિહાન, સખ્યાત મરુ, વત્સ, ઘોષ, યમુના અને સરસ્વતીને લગતો પ્રદેશ, મત્સ્ય, માધ્યમિક, મથુરા, ઉપજ્યોતિષ, ધર્મારણ્ય, શૂરસેન, ગૌરગ્રીવ, ઉદ્દેહિક, પાણ્ડુ, ગુડ, અશ્વત્થ, પાચાલ, સાકેત, કઙ્ક, કુરુ, કાલકોટિ, કુકુર, પારિયાત્રપર્વત, ઔદુમ્બર, કાપિષ્ઠલ અને હસ્તિનાપુર

| | |
|---|---|
| ૧ કાશી | ૯ કુરુ |
| ૨ કોશલ | ૧૦ પંચાલ |
| ૩ અંગ | ૧૧ મચ્છ ( મત્સ્ય ) |
| ૪ મગધ | ૧૨ શૂરસેન |
| ૫ વજ્જી | ૧૩ અસ્સક ( અશ્મક ) |
| ૬ મલ્લ | ૧૪ અવન્તી |
| ૭ ચેતિય ( ચેદિ ) | ૧૫ ગન્ધાર |
| ૮ વંશ ( વત્સ ) | ૧૬ કમ્બોજ |

મ. વૈદિક ગ્રન્થોના અનુસારે મધ્યદેશ અથવા આર્યાવર્ત નીચે પ્રમાણે હતો

I l l harmasutra or Baudhayana, Ary- or Country of the Aryans (which n p tic ll ndentical with the country later on k M dh adea ) described as lying t e on whe the river sarasvati l t e x the kalakavana or Bla Fores (Iden t ol th tract some where near l a ) t the north of Pariyatra and to the t x H mala a

ph r l ul Boddhism Page 1.

અર્થાત્ — આર્યાવર્ત અથવા મધ્યદેશ સરસ્વતીનદીના પૂર્વ સુધી કાલક વનના પશ્ચિમ સુધી, પારિયાત્રના ઉત્તર સુધી અને હિમાલયના દક્ષિણ સુધી ફેલાયેલો હતો.

૨ મનુએ મધ્યદેશનુ પ્રમાણ ઉત્તરમા હિમાલય સુધી, દક્ષિણમાં વિન્ધ્ય સુધી, પશ્ચિમમાં વિનશન સુધી અને પૂર્વમાં પ્રયાગ સુધી બતાવ્યું છે

हिमवद्विन्ध्ययोर्मध्यं यत्प्राग्विनशनादपि ।
प्रत्यगेव प्रयागाच्च मध्यदेशः प्रकीर्त्तितः ॥

—मनुस्मृति २–२१

૩ બૃહત્સંહિતાના ૧૪ મા અધ્યાયમા મધ્યદેશની અંદર નીચેના પ્રદેશો બતાવ્યા છે

भद्रारिमेदमाण्डव्यसाल्वनीपोज्जिहानसंख्याता ।
मरुवत्सघोषयामुनसारस्वतमत्स्यमाध्यमिकाः ॥२॥
माथुरकोपज्योतिषधर्मारण्यानि शूरसेनाश्च ।
गौरग्रीवोद्देहिकपाण्डुगुडाश्वत्थपाञ्चालाः ॥३॥
साकेतकङ्ककुरुकालकोटिकुकुराश्च पारियात्रनगः ।
औदुम्बरकापिष्ठलगजाह्वयाश्चेति मध्यमिदम् ॥४॥

અર્થાત્– ભદ્ર, અરિમેદ, માંડવ્ય, સાલ્વ, નીપ, ઉજ્જિહાન, સંખ્યાત મરુ, વત્સ, ઘોષ, યમુના અને સરસ્વતીને લગતો પ્રદેશ, મત્સ્ય, માધ્યમિક, મથુરા, ઉપજ્યોતિષ, ધર્મારણ્ય, શૂરસેન, ગૌરગ્રીવ, ઉદ્દેહિક, પાંડુ, ગુડ, અશ્વત્થ, પાંચાલ, સાકેત, કંક, કુરુ, કાલકોટિ, કુકુર, પારિયાત્રપર્વત, ઔદુમ્બર, કાપિષ્ઠલ અને હસ્તિનાપુર

## વિદેહ

આ મધ્યદેશ અથવા આર્યાવર્તમાં વિદેહ નામનો પ્રાંત હતો. જેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે આના સંબંધમાં જૈન, બૌદ્ધ અને વૈદિક ગ્રન્થોમાં ઘણું લખ્યું છે.

ક—જૈન માન્યતા પ્રમાણે વિદેહ નામનો જનપદ (દેશ) હતો અને તેની રાજધાની મિથિલા[1] હતી.

[1]— "इहेव भारहे वासे पुव्वदेसे विदेहा नाम जणवओ, संपइ काले तीरहुत्तिदेसो त्ति भण्णइ। जत्थ पत्तेयं महुरमंजुल फलभारनमियाणि कयलीवणाणि दीसंति। पहिया य चिविडयाणि दुद्धसिद्धाणि पायसं च भुंजंति। पए पए वावीकूवतलायनईओ अ महुरोदगाओ पागयजणा वि सक्कयभासाविसारया अणेगसत्थपसत्थनिउणा य जणा। तत्थ रिद्धित्थिमियसमिद्धा मिहिला नाम नयरी हुत्था। संपयं जगइ त्ति पसिद्धा। एयाए नाइदूरे जणयमहारायस्स भाउणो कणयस्स निवासट्ठाणं कणयपुरं वट्टइ।

—विविधतीर्थकल्प पृ ३२

---

૧ આ જ નગરીમાં મલ્લિનાથ ભગવાન્ શ્રી નમિનાથ ભગવાન અકંપિત ગણધર અને નમિ નામના પ્રત્યેકબુદ્ધ આદિ થયા છે અને ભગવાન મહાવીરસ્વામીએ ૬ ચોમાસાં અહીં કર્યાં

અર્થાત્– આજ ભારતવર્ષમાં પૂર્વ દેશમાં વિદેહ નામનો દેશ છે જે ગ્રન્થકારના સમયમાં તિરહુતના નામથી પ્રસિદ્ધ હતો. જ્યાં પ્રત્યેક ઘરમાં મીઠા સુંદર ફલોના ભારથી નમેલા કેળના વનો દેખાય છે મુસાફરો દૂધમાં પકાવેલા પાંઆ અને ખીરને ખાય છે સ્થાને સ્થાને મીઠા પાણીવાળી વાવડીઓ, કૂઆઓ, તળાવો અને નદીઓ છે સામાન્ય માણસો પણ સંસ્કૃત–ભાષામાં દક્ષ છે અને અનેક પ્રશસ્ત આધ્યાત્મિક શાસ્ત્રોમાં નિપુણ છે ત્યાં અનેક ઋદ્ધિઓથી સમૃદ્ધ એવી મિથિલા નામની નગરી છે અત્યારે ' જગઈ ' નામથી પ્રસિદ્ધ છે એની પાસે જનક મહારાજાના ભાઈ કનકનુ નિવાસ–સ્થાન કનકીપુર છે

२–' मिहिल विदेहा य '–मिथिलानगरी विदेहाजनपदः ।

—प्रवचन सारोद्धार वृत्ति सहित, पृष्ट ४४६

એજ પ્રમાણે પ્રજ્ઞાપનાસૂત્ર, સૂત્રકૃતાંગ ટીકા, ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર–પર્વ-૨ ઈત્યાદિમાં વિદેહ દેશનો ઉલ્લેખ મળે છે

ખ–બૌદ્ધ ગ્રન્થો પ્રમાણે વિદ્વાનોએ વિદેહના સંબંધમાં નીચે પ્રમાણે પ્રકાશ પાડયો છે

૧–વિદેહ દેશ ૩૦૦ યોજન વિસ્તારવાળો અને એની રાજધાની મિથિલા સાત યોજન વિસ્તારવાળી હતી એ વિદેહ દેશમાં ૧૬૦૦૦ ગામો, ૧૬૦૦૦ કોઠારો અને

૧૯ • નામનારી એકરીએ હતી. મિથિલાથી આ મા સુધી એક સડક હતી, એની લ બાઈ સાઠ યોજન હતી. વિદેહને પડખે અંગ અને કોશલ નામના બે દેશો હતા.

જુઓ—ભંધાર અનંક (૪૦૬) પગાનુવાદ ખ ડ–૩ પૃષ્ઠ ૨ ૮ નોંધ Dictionary of Pali proper names Part II Page 635 & 879

M th la wa the Capital of the Videhas and is celebrated the Epics as the land of king Jan ka At the t me of Buddha the Videha cou try was one of the eight constituent principa l ties of the V jjan confederacy of these eight pri nc pal tie of the L cchavis of Vesal and the Vid ha of M thil wer however the most importa t

—eogr phy of Ea ly Buddhism. Page 30

અર્થાત્—મિથિલા વિદેહની રાજધાની હતી. મહાત્મા બુદ્ધના સમયમા વ જ્જી સઘના આઠ પ્રમુખ સ ઘોમાંની તે એક હતી. અ–વૈદિક સ ઘોમા

૧ શત પથ બ્રાહ્મણના પ્રથમ કાંડ [ અ , ૧ ભા] ના અનુસારે વિદેહ નામ એટલા માટે પડ્યુ કે આને વિદેહ માથવે વસાવ્યુ હતુ

1 The videhas are mentioned in the Brahmana port on of the vedas as peopl in very adva-

" सहोवाच । विदेहो माथव क्वाहं भवानीत्यत एव हे प्राचीन भुवनमिहि होवाच । मैषा तर्हि कोशलविदेहानां मर्यादा तेहि माथवाः ।१७।

(૨) શક્તિ સગમ–તંત્રમાં લખ્યુ છે કે–

गण्डकीतीरमारभ्य चम्पारण्यान्तकं शिवे ।
विदेहभूः समाख्याता तीरभुक्त्याभिधो मनुः ॥

ગડકી નદીથી લઈને ચમ્પારણ્ય સુધીનો પ્રદેશ વિદેહ અથવા તીરભુક્તિ [તિરહુત] નામથી પ્રસિદ્ધ છે

---

nced stage of civilisation The part of the country where they lived appears to have been known by the name of Videha even in the still more ancient times of the Samhitas, for the Yajurveda Samhitas mention the cows of Videha which appeare to have been particulary, famous in ancient India

–Tribes in Ancient India Page 235

બ્રાહ્મણ ગ્રન્થોમાં વિદેહોને ઉચ્ચ સસ્કૃતિ અને સભ્યતામાં શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે વિદેહ નામ સહિતાઓ કરતાં પણ પ્રહેલાનુ જણાય છે. કારણ કે યજુર્વેદ સહિતામાં વિદેહની ગાયોનો ઉલ્લેખ કરેલો છે, જે કે પ્રાચીન ભારતવર્ષમાં વિશેષરૂપે પ્રસિદ્ધ હતી

૩ બૃહદ્વિષ્ણુપુરાણના મિથિલા ખંડમાં નીમિનો સંદેહ છે. તેમાં પારાશર અને મૈત્રયના સંવાદમાં વૈદેહી તથા મિથિલાનુ વર્ણન છે

यथा तु मिथिला राजन विष्णुसायुज्यकारिणी ।
वसती तु स्वयं यस्मात् सा तु ग्रन्थिविमोचिनी ॥

બીજુ પદ્ય—

गङ्गाहिमवतोर्मध्ये नदीपञ्चदशान्तरे ।
तैरभुक्तिरिति ख्यातो देशः परमपावनः ॥
कौशिकीं तु समारभ्य गण्डकीमधिगम्य वै ।
योजनानि चतुर्विंशद् व्यायामः परिकीर्तितः ॥
गङ्गाप्रवाहमारभ्य यावद्धैमवतं वनम् ।
विस्तारः षोडशः प्रोक्तो देशस्य कुलनन्दन ! ॥
मिथिला नाम नगरी तत्रास्ते लोकविश्रुता ।
पञ्चभिः कारणैः पुण्या विख्याता जगतीत्रये ॥

આ શ્લોકના અર્થ પ્રમાણે વિદેહના પૂર્વમાં કૌશિકી (આધુનિકનુ કોશી) પશ્ચિમમાં ગંડકી, દક્ષિણમાં ગંગા અને ઉત્તરમાં હિમાલય . . . દિશાથી પશ્ચિમની તરફ ૧૮ માઇલ (૨૪ યોજન) અને ઉત્તર દિશાથી દક્ષિણની તરફ ૧૨૫ માઇલ [૧૬ યોજન] છે. આ તરભુક્તિ અથવા વિદેહમાં મિથિલા નામની નગરી . . .

—

૪ આજ બૃહદ્‌વિષ્ણુ પુરાણના મિથિલાખંડમાં મિથિલાના બાર નામો ગણાવ્યા છે.

मिथिला तैरभुक्तिश्च, वैदेही नैमिकाननम् ।
ज्ञानशीलं कृपापीठ, स्वर्णलाङ्गलपद्धतिः ।
जानकी जन्मभूमिश्च, निरपेक्षा विकल्मषा ।
रामानन्दकुटी, विश्वभावनी नित्यमङ्गला ॥
इति द्वादश नामानि मिथिलायाः ॥
सदा भुवनसम्पन्नो नदी तीरेषु संस्थितः ।
तीरेषु भुक्तियोगेन तैरभुक्तिरिति स्मृतः ॥

નદીના કાંઠા ઉપર આવેલ હોવાથી આ પ્રાન્ત (ભુક્તિ)નુ નામ 'તીરભુક્તિ' ગખવામા આવ્યુ છે જેનુ આધુનિક રૂપ 'તિરહુત' છે આનાં બાર નામો ઉપર ગણાવવામાં આવ્યા છે

(૫) गङ्गायाः उत्तरतः विदेहदेश । देशोऽय वेदोपनिषत्पुराणगीयमानाना जनकाना राज्यम् । अस्यैव नामान्तरं मिथिला । राज्यस्य राजधान्या अपि मिथिलैव नामधेयं वभूव । सम्प्रति नेपालदेशसन्निकृष्टा जनकपुरी नाम नगरी जनकानां राजधानी सम्भाव्यते । मिथिलानाम्ना नृपत्तिना स्थापित मिथिलाराज्यमिति पुराणानि कथयन्ति ।

—ભારત—ભૂગોળ પૃષ્ઠ ૩૭

અર્થાત—ગગાના ઉત્તરમાં વિદેહ દેશ છે આનુ જ બીજુ નામ મિથિલા છે આની રાજધાની પણ મિથિલા હતી હાલની

૩ બૃહદ્‌વિષ્ણુપુરાણના મિથિલા ખંડમાં નીચેનો શ્લોક છે. જેમાં પારાશર અને મૈત્રેયના સંવાદમાં વૈદેહી તથા મિથિલાનું વર્ણન છે

एषा तु मिथिला राजन् विष्णुसायुज्यकारिणी ।
नगरी तु स्मर्य यस्मात् सद्यस् ग्रन्थिविमोचिनी ॥

બીજું પદ્ય—

गङ्गाहिमवतोर्मध्ये नदीपञ्चदशान्तरे ।
तैरभुक्तिरिति ख्यातो देशः परमपावनः ॥
कौशिकीं तु समारभ्य गण्डकीमधिगम्य वै ।
योजनानि चतुर्विंशद् व्यायामः परिकीर्तितः ॥
गङ्गाप्रवाहमारभ्य यावद्धैमवतं वनम् ।
विस्तारः षोडशः प्रोक्तो देशस्य कुलनन्दन ॥
मिथिला नाम नगरी तत्रास्ते लोकविश्रुता ।
पञ्चभिः कारणैः पुण्या विख्याता जगतीत्रये ॥

આ શ્લોકના અર્થ પ્રમાણે વિદેહના પૂર્વમાં કૌશિકી (આજકાલનું કોશી) પશ્ચિમમાં ગંડકી, દક્ષિણમાં ગંગા અને ઉત્તરમાં હિમાલય છે. પૂર્વદિશાથી પશ્ચિમની તરફ ૧૮ માઈલ (૨૪ યોજન) અને ઉત્તરદિશાથી દક્ષિણની તરફ ૧૨૫ માઈલ [૧૬ યોજન] છે. આ તૈરભુક્તિ અથવા વિદેહમાં મિથિલા નામની નગરી છે

લેખોમાં એક ઠેકાણે ' ભુક્તિ ' શબ્દ વાપરેલો છે, જેનો અર્થ પણ પ્રકરણ પ્રમાણે જોતા ભુક્તિનો અર્થ પ્રાન્ત થાય છે મતલબ કે આર્યાવર્તનો એક પ્રાન્ત વિદેહ હતો, અને તે પ્રાન્તની રાજધાની મિથિલા હતી.

## વૈશાલી

આ વિદેહ દેશની રાજધાની પાછળથી મિથિલામાંથી બદલાઈને વૈશાલીમાં ગઈ હતી વૈશાલીના સમ્બન્ધમાં ત્રણ મુખ્ય ધર્મોની માન્યતા નીચે પ્રમાણે હતી:

### ક બૌદ્ધ દૃષ્ટિકોણ

1 The Vajjis, like the Licchavis, are often associated with the city of Vesali which was not only the Capital of the Licchavi clan, but also the metropoli's of the entire confederacy ' A Buddhist tradition quoted by Rockhill ( Life of the Buddha, P 62 ) mantions the city of Vesali as consisting of three districts. these districts were probably at one time the seats of three different clans.

—G of Early Buddhism Page 12

અર્થાત્–વૈશાલી કેવલ લિચ્છવિઓની જ રાજધાની ન હતી, પરંતુ સંપૂર્ણ વજ્જીસ ધેની રાજધાની હતી. વૈશાલીમા ત્રણ ગઢ હતા

જનકપુરી એજ પ્રાચીન રાજધાની હતી. પુરાણોમાં લખ્યું છે કે—મિથિલા નામના રાજાએ આ મિથિલા રાજધાની સ્થાપના કરી હતી.

૬ ભવિષ્યપુરાણ પ્રમાણે નિમિના પુત્ર મિથિએ મિથિલા નગરી વસાવી હતી.

निमेः पुत्रस्तु तत्रैव मिथिर्नाम महान् स्मृतः ।
पूर्वं भुजबलैर्येन तैरहुतस्य पार्श्वतः ॥
निर्मितं स्वीयनाम्ना च मिथिलापुरमुत्तमम् ।
पुरीजननसामर्थ्याज्जनकः स च कीर्तितः ॥

શ્રીમદ્ ભાગવતમાં નિમિના પુત્ર જનક મિથિલા અથવા વિદેહ નામાભિધાનો ઉલ્લેખ છે

अराजकभयं नॄणां मन्यमाना महर्षयः ।
देहं ममन्थुः स्म निमेः कुमारः समजायत ॥
जन्मना जनकः सोऽभूद् वैदेहस्तु विदेहजः ।
मिथिलो मथनाज्जातो मिथिला येन निर्मिता ॥

ઉપના ઉદાહરણોથી એ સ્પષ્ટ થાય છે કે વિદેહ નામનો એક પ્રાન્ત હતો. એના ચાર નામોમાં તીરભુક્તિ પણ એક નામ છે ભુક્તિનો અર્થ થાય છે પ્રાન્ત. ભુક્તિ શબ્દનો પ્રાન્ત અર્થ એક તો ઉપર આપેલા શક્તિસંગમતંત્રના શ્લોકથી નક્કી થાય છે અને બીજું ઉદાહરણ—ગુપ્તકાલીન શિલા—

લેખોમાં એક ઠેકાણે ' ભુક્તિ ' શબ્દ વાપરેલો છે, જેનો અર્થ પણ પ્રકરણ પ્રમાણે જોતા ભુક્તિનો અર્થ પ્રાન્ત થાય છે મતલબ કે આર્યાવર્તનો એક પ્રાન્ત વિદેહ હતો, અને તે પ્રાન્તની રાજધાની મિથિલા હતી

## વૈશાલી

આ વિદેહ દેશની રાજધાની પાછળથી મિથિલામાંથી બદલાઈને વૈશાલીમા ગઈ હતી વૈશાલીના સમ્બન્ધમાં ત્રણ મુખ્ય ધર્મોની માન્યતા નીચે પ્રમાણે હતી:

### ક બૌદ્ધ દૃષ્ટિકોણ

1 The Vajjis, like the Licchavis, are often associated with the city of Vesali which was not only the Capital of the Licchavi clan, but also the metropoli's of the entire confederacy ' A Buddhist tradition quoted by Rockhill ( Life of the Buddha, P 62 ) mantions the city of Vesali as consisting of three districts. these districts were probably at one time the seats of three different clans

—G of Early Buddhism Page 12

અર્થાત્–વૈશાલી કેવલ લિચ્છવિઓની જ રાજધાની ન હતી, પરંતુ સંપૂર્ણ વજ્જીસ ધની ગજધાની હતી. વૈશાલીમાં ત્રણ ગઢ હતા

ગતના પ્રમાણ માટે અમે અહીંયા 'અતકટ્ઠ-કથા'નું (પાલીપિ સાપીલ કાથી) એક ત્રુજુ અતક' પૃષ્ઠ ૩૧૬નુ ઉદ્ધરણ આપીએ છીએ. "वेसालिनगरं गावुतगावुतन्तरे तीहि पाकारेहि परिक्खित्त तीसु ठानेसु गोपुरट्टालकोट्ठकयुत्तं।"

અર્થાત્– વૈશાલી નગરમાં ત્રણે પ્રાકાર (गावुतगावुत) પછી એક એક ગઢ હતો અને તેમાં ત્રણ સ્થાનો ઉપર અગાસીઓ સહિત પ્રવેશદ્વાર બનેલાં હતાં. આવી જ રીતે, પૌમ હંસ અતક' પૃષ્ઠ ૨૮૩માં પણ લખ્યું છે કેમા—

' वेसालियं तिण्णं पाकारानं अन्तरे......।"

Ajatasattu is called Vedehiputto or Vaidehiputra goes to how that king Bimbisara established matrimonial lliance with the Licchavis by marrying Licchavi princess

— G. of Early Buddhism page–13

અજાતશત્રુને વૈદેહીપુત્ર કહેવામાં આવે છે એથી સ્પષ્ટ છે કે બિમ્બિસારે (શ્રેણિકે) લિચ્છવી રાજકુમારી સાથે લગ્ન કરીને લિચ્છવિઓ સાથે વૈવાહિક સન્ધિ-સંબંધ બાંધ્યો હતો

૨ વિદેહનો રાજા ક [illegible] જનક ત્યુ કામી હતો અને એક કન્યા ઉપર બળાત્કાર કરવાને કારણે પ્રજાએ તેને મારી નાખ્યો હતો. પણ કરીને કરાલ વિદેહનો છેલ્લો રાજા હતો. પ્રાય તેની કથા પછી જ ત્યાં રાજસત્તાનો અંત આવી ગયો

અને સંઘ-રાજ્ય સ્થાપિત થયું. સાતમી-છઠ્ઠી શતાબ્દિ ઇ. પૂ. માં વિદેહની પાડોશમાં વૈશાલીમાં પણ સંઘ રાજ્ય હતું; ત્યાં લિચ્છવી લોકો રહેતા હતા. વિદેહો અને લિચ્છવીઓના જુદા જુદા સંઘો આપસમાં મળીને એક જ સંઘ ક્રમાનુરૂપે બની ગયા હતા અને તેનું નામ વૃજિ (કે વજ્જિ) ગણ હતું. આખા વૃજિસંઘની રાજધાની પણ વૈશાલી જ હતી. એની ચારે તરફ ત્રણ ગઢ હતા. જેમાં ઠેકાણે ઠેકાણે મોટા મોટા દરવાજા અને પહેરા ભરવાના મીનારાઓ બનેલા હતા.

—ભારતીય ઇતિહાસની રૂપરેખા ભાગ ૧, પૃ. ૩૧૦-૩૧૧

## ખ. વૈદિક દૃષ્ટિકોણ

૧. રામાયણના બાલકાંડમાં સર્ગ ૪૭માં લખ્યું છે કે—

इक्ष्वाकोऽस्तु नरव्याघ्रपुत्रः परमधार्मिकः ।
अलम्बुषायामुत्पन्नो विशाल इति विश्रुतः ॥
तेन चासीदिह स्थाने विशालेति पुरीकृता । ११-१२ ।

ઇક્ષ્વાકુ રાજાની રાણી અલંબુષાના પુત્ર વિશાલે વિશાલા નગરી વસાવી

૨ ભાગવત પુરાણના નવમા સ્કન્ધ અ. ૨, શ્લોક ૩૩માં વિશાલે વૈશાલી નગરી વસાવી, એવું વર્ણન છે

" विशालो वंशकृद् राजा वैशालीं निर्ममे पुरीम् ।"

The seat of the central government shifted from Janakapura in the Nepal Tarai to Vaisali (Modern Basarha in the district of Muzaffarpur) *which came into prominence in the 6th century B. C.*
—History of Tirhut By S. N. Singh, page-34-35

અર્થાત્—જનકપુર (મિથિલા) ની કેન્દ્રીય શાસન અહીંથી ઊઠીને વૈશાલી (આધુનિક બસાઢ, મુઝફ્ફરપુર જીલ્લાની અંદર આવેલ) માં આવી ગઈ હતી.[1]

૫. જૈન ઇતિહાસ

इतश्च वसुधावध्वा मौलिमाणिक्यसन्निभा ।
वैशालीति श्रीविशाला नगर्यस्त्यमरीयमी ॥१८॥
आखण्डल इवाखण्डशासन: पृथिवीपति ।
चेटक इति विख्यात: [illegible] ॥१९॥

—त्रिषष्टि शलाका पुरुषचरित्र–१ पृष्ठ ७७

અર્થાત — ધનધાન્યથી ભરપૂર વિશાલ વૈશાલી નામની નગરી હતી. [illegible] ચેટકનું શાસન હતું.

तए णं से कूणिए राया तेत्तीसाए दन्तिसहस्सेहिं तेत्तीसाए आससहस्सेहिं तेत्तीसाए रहसहस्सेहिं तेत्तीसाए मणुस्सकोडीहिं

---

1. [illegible] સમયે વિદેહની રાજધાની મિથિલા [illegible] વૈશાલી [illegible] હતી.
—જુઓ બુદ્ધિસ્ટ [illegible] પૃષ્ઠ ૨૧

सद्धिं संपुरिवुडे सव्विड्ढीए जाव रवेणं सुभेहिं वसईहिं सुभेहिं पायरासेहिं नाइविगिट्ठेहिं अन्तरावासेहिं वसमाणे वसमाणे अंगजणवयस्स मज्झं मज्झेणं जेणेव विदेहे जणवए जेणेव वेसाली नयरी, तेणेव पहारेत्थ गमणाए

—निरयावलियाओ, पृष्ठ—२६

અર્થાત્- ત્યારે રાજા કોણિક ૩૩ હજાર હાથીઓ સાથે, ૩૩ હજાર ઘોડાઓ સાથે, ૩૩ હજાર રથો સાથે અને ૩૩ ક્રોડ મનુષ્યો સાથે-બધી સુલભ સામગ્રીઓ સાથે અગ[1] જનપદની વચ્ચેથી નિકળી વિદેહ જનપદની રાજધાની વૈશાલી નગરી તરફ પ્રયાણ કર્યું.

## વૈશાલી અથવા આધુનિક બસાઢ

રાજા વિશાલે વસાવી હોય તે કારણે આનુ નામ વિશાલા અથવા વૈશાલી પડયુ હોય કે પછી ભીતોને ત્રણ વાર દૂર ખસેડીને આને વિશાલ કરવાને લીધે આનુ નામ વૈશાલી પડયુ હોય પરન્તુ આ એક વિશાલ નગરી જરૂર હતી. આજ કાલ

---

૧ ડો. ત્રિભુવનદાસે 'પ્રાચીન ભારતવર્ષ' નામના પોતાના પુસ્તકમા અગ દેશને મધ્યપ્રદેશના નામથી ઓળખાવ્યો છે આજ પુસ્તકના ભાગ પહેલો પૃષ્ઠ ૪૬ ના નકશા પ્રમાણે જો કૂણિક રાજાના માર્ગની શોધ કરવી હોય તો રાજા કૂણિકને મગધદેશની વચમાં થઈને વિદેહ જવુ પડયુ હશે ઉપર બતાવેલા 'નિરયાવલિયાઓ'ના પાઠ પ્રમાણે અગથી વિદેહમાં જવા માટે વચમા કોઇ દેશ ન્હોતો પડતો. તેથી ડો. સાહેબની માન્યતા કેવલ માત્ર કલ્પના જ છે

આ સ્થાન 'બસાઢ' ના નામથી પ્રસિદ્ધ છે બસાઢની આસપાસ માઈલો સુધી ફેલાયેલા જુના ખંડેરો આ વાતની સાક્ષી પૂરે છે અત્યારે જે સ્થાનો ઉપર બસાઢ, બનિયા, કોલ્હુઆ, કૂમનછપરાગાછી અને વાસુકુંડ વસેલા છે તે પોતાના પૂર્વવર્તી પ્રાચીન નગર વૈશાલી, વાણિજ્યગ્રામ, કોલ્લાગ સન્નિવેશ, કમારગ્રામ અને કુંડપુરની સૂચના માત્ર આપે છે

પ્રાચીન વજ્જી[1] ગણતંત્રની રાજધાની વૈશાલી હતી. આ દેશના શાસક લિચ્છવી[1] ક્ષત્રિયો હતા, અને તેઓ ગંગાના ઉત્તર વિદેહદેશમાં વસતા હતા. એના પ્રમાણો અમે નીચે આપીએ છીએ આ પ્રમાણોના આધારે વાચકો પોતાની બુદ્ધિથી એ વાતનો નિર્ણય કરે કે જેઓ લછુઆડ (મુંગેર જીલ્લો—મોઘગિરિ) ને લિચ્છવિઓની ભૂમિ અથવા રાજધાની હતી એમ માને છે તેઓની ધારણા કેટલી ભ્રાન્ત અને અનર્થમૂલક છે

---

૧ લિચ્છવિ [illegible] મૂળ નામ 'લચ્છઈ' હતું [illegible] [illegible] [illegible] [illegible] [illegible]ની ટીકામાં [illegible] [illegible] [illegible] [illegible]। અર્થાત્ 'લચ્છઈ' [illegible] નામ છે. [illegible] નામ લિચ્છવિ છે.

[illegible] પૃષ્ઠ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] 'વજ્જી' અને [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે એમ [illegible]

—"Vesali-a city, capital of the Licchavis"

—Dictionary of Pali proper Names Part II
page-940

અર્થાત્-વૈશાલી લિચ્છવિઓની રાજધાની હતી.

વૈશાલી લિચ્છવિઓની રાજધાની હોવાને લીધે તે મગધ કે અંગ દેશમાં ન હોઈ શકે કારણ કે ત્યાં લિચ્છવિઓનુ ક્યારેય રાજ્ય ન હતુ તેમનુ રાજ્ય વિદેહદેશમાં ગંગાની ઉત્તરમાં હતુ.

૫- 'વજ્જી (લિચ્છવી અને વિદેહોનુ રાષ્ટ્ર) અને મગધ જનપદોની વચ્ચે ગંગા નદીની સીમા હતી"

—બુદ્ધ નિર્દેશ ભૂમિકા પ્રથમ ભાગ, પૃષ્ઠ ૩

---

૩૫ ટીકાકારોએ કરેલા પ્રમાણે 'લેચ્છકી' છે કુલ્લૂકભટ્ટ અને રાઘવાનન્દ નામના બંગાળી ટીકાકારોએ આને 'નિચ્છિવિ' રૂપે લખ્યુ જે જે ઘણુ કરીને પ્રાચીન બંગલા ભાષામાં લકાર અને નકારને સમાન માનવાને કારણે ભ્રમથી થઈ ગયુ લાગે છે 'મનુસંહિતા'માં જોલી અને બુલર બન્નેએ 'લિચ્છવ' પાઠ રાખ્યો છે (જુઓ-ટાઈમ્સ ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પૃષ્ઠ ૨૯૪ થી ૨૯૬) કુલ્લૂકભટ્ટથી મેધાતિથિ ૬૦૦ વર્ષ પહેલા અને ગોવિન્દરાજ ૩૦૦ વર્ષ પહેલા થઈ ગયા છે આ બન્નેએ 'લિચ્છિવિ' પાઠ આપ્યો છે. 'પાઇઅસદ્દ મહણ્ણવો'માં 'લિચ્છવી' અને 'લેચ્છઈ' બન્ને પર્યાયવાચી છે અને લેચ્છઈનું સંસ્કૃત રૂપ 'લેચ્છકી' છે

(૪) We are told that king Bimbisara had the road all the way from Rajagaha to the Ganges decorated with flags and garlands, and that the Licchavis too had decorated the road from the Ganges to Vesali

—Geography of Early Buddhism, page 10

અર્થાત્—રાજગૃહથી લઈને ગંગા સુધીનો આખો રસ્તો બિંબિસારે ધ્વજ પતાકાઓથી શણગારી રાખ્યો હતો. અને તેજ પ્રમાણે લિચ્છવિઓએ ગંગાથી વૈશાલી સુધીનો માર્ગ શણગાર્યો હતો

(૫) North of the Magadhas and on the other side of the Ganges were tribes of Vajjis (chief town of Vesali) and still farther north the Mallas

—The Life of Buddha by E J Thomas, page-13

---

લિચ્છવિ અને મલ્લ (વ જ્જિ) ઓળખાય છે (જૈન યુગ જો બિંબિસાર, પૃષ્ઠ ૩૧૧)

મનુએ લિચ્છવિઓને વ્રાત્ય કહ્યા છે (મનુસ્મૃતિ અધ્યાય ૧૦ શ્લોક ૨૨) અર્થાત્ લિચ્છવિ મનુના મતે ક્ષત્રિય ક્ષત્રિયો હતા પરન્તુ લિચ્છવિ ક્ષત્રિયો ન હતા આ લોકો બ્રાહ્મણ ધર્મના અનુયાયી ન હોવાથી તથા મહાવીર અને બુદ્ધ (નિગ્રંથ) ની પૂજા કરતા હતા તેથી મનુએ આ લોકોને વ્રાત્ય તરીકે ગણ્યા હશે છે. આવું વર્ણન આચારાંગમાં પણ મળે છે

અર્થાત—મગધના ઉત્તરમાં અને ગંગાની પેલે પાર વજ્જીઓની જાતિ હતી [મુખ્ય નગર વૈશાલી] અને તેનાથી પણ ઉત્તરની તરફ મલ્લો રહે છે

"The City of Vaisali (Basarh in the Muzaffarpur district of Bihar) the Capital of powerful Licchavi clan, was a strong hold of Buddhism in the early days"

—2500 years of Buddhism, page-320

અર્થાત્ લિચ્છવિવંશની શક્તિશાલી રાજધાની વૈશાલી (બિહારના મુજફ્ફરપુર જિલ્લાનુ બસાઢ) નગર શરૂઆતના દિવસોમાં બૌદ્ધધર્મનો એક કિલ્લો હતો

જૈનગ્રન્થોમાં ૬ આર્ય જાતિઓનુ વર્ણન છે તે જાતિઓનાં નામ આ પ્રમાણે હતા:-૧ ઉગ્ર, ૨ ભોગ, ૩ રાજન્ય, ૪ જ્ઞાત[1], ૫ કુરુ,અને ૬ ઈક્ષ્વાકુ રત્તી પરગણામા બસાઢ ગામ છે.

---

૧ જ્ઞાતને માટે પ્રાકૃતમા નાય, નાત અને નાય શબ્દોનો પ્રયોગ થયેલો છે જ્ઞાત્ શબ્દનો પ્રયોગ પણ ઘણે સ્થળે થયેલો છે

— જુઓ બૃહત્કલ્પસૂત્ર વૃત્તિ સહિત વિભાગ-૩, પત્ર ૯૧૨-૧૪

અહીં જ્યરિયા મેળા રહે છે. શુંગ સંપ્રદાયના મતાનુસાર આજ પ્રાચીન જ્ઞાતૃિ છે આજ આ ગણતંત્રના શાસક અને તીર્થંકર ભગવાન મહાવીરના જન્મદાતા હતા. આ જ્ઞાતિમાં જન્મ લેવાને લીધે ભગવાન મહાવીર નાતપુત્ત,' જ્ઞાતપુત્ર અથવા જ્ઞાતપુત્ર' કહેવાય છે.

ગુપ્તના સમયમાં ગયાથી બસાઢ અથવા વૈશાલી ૩ યોજન (૨૪ માઈલ) દૂર હતી. આજકાલ પટણાથી ૨૭ માઈલ અને હાજીપુરથી ૨ માઈલ ઉત્તરમાં મુઝફ્ફરપુર જિલ્લામાં બસાઢ ગામ છે. બસાઢથી બે માઈલ દૂર બખરાની પાસે અશોક સ્તમ્ભ છે આનું પ્રથમ નિરીક્ષણ સેંટ માર્ટિન અને જનરલ કનિંગહામે કર્યું હતું આજ વૈશાલિ બસાઢના પ્રાચીન ખંડેરો તરફ ધ્યાન ખેંચ્યું હતું ૧૯ ૩-૪માં ડૉ બ્લોકની દેખરેખ નીચે ખોદકામ થયું હતું ત્યાર પછી ૧૯૧૩-૧૪માં ડૉ.સ્પૂનરે ખોદકામ કરાવ્યું હતું ખાસ કરીને મોહરો અને માટીના અનેક પદાર્થો મળ્યા છે

આ સ્થાન આજકાલ ગઢવિશાલને ગઢ ના નામથી પ્રસિદ્ધ છે આ વિસ્તૃતમાં છે કે ત્યાંથી સૌથી વધુ સ્થાન છે. આનો ન ની ભગભગ એક માઈલ છે. ઉ. બ્લોકના માપના હિસાબે આ ગઢ ઉત્તરમાં ૭૨૭ ફીટ દક્ષિણમાં ૭૮૦ ફીટ, પૂર્વમાં ૧ ૫૫ ફીટ તથા પશ્ચિમમાં ૧૬૫ ફીટ લાંબો છે. આજુબાજુના ખેતરો કરતાં ખંડેરોની ઉંચાઈ લગભગ

૮ ફીટ છે આની ત્રણ બાજુ–દક્ષિણ દિશાને છોડીને એક ખાઈ જાતુ છે આ અત્યારે ૧૨૫ ફીટ પહોળી છે પરતુ કનિઘામે આની પહોળાઈ ૨૦૦ ફીટ લખી છે. જેથી ગઢના ત્રણ તરફ તળાવ હોવાનુ અનુમાન થાય છે. વર્ષા ઋતુમાં અને શિયાળામા દક્ષિણ બાજુ થઈને ગઢ ઉપર જઈ શકાય છે

ગઢની પાસે લગભગ ૩૦૦ ગજ દૂર દક્ષિણ–પશ્ચિમમા એક સ્તૂપ છે આ ઇટોનો બનેલો છે અને આજુબાજુના ખેતરોથી ૨૩ ફીટ અને ૮ ઈચ ઊચો છે ધરતી ઉપર એનો વ્યાસ ૧૪૦ ફીટ છે આ સ્તૂપની ચર્ચા ચીનીઓએ નથી કરી. અહીઆ સ્તૂપની પાસે ખોદાઈ કામ કરતાં મધ્યકાલીન યુગના બે સુદર કોતરેલા પથ્થરના થાભલાઓ મળ્યા છે

ગઢની પશ્ચિમે બાવન તળાવોની ઉત્તરીય ટેકરા ઉપર એક ન્હાનુ એવુ આધુનિક મદિર છે. ત્યાં કેટલીએ મધ્યકાલીન ખડિત બુદ્ધ, બોધિસત્ત્વ, વિષ્ણુ, હર–ગૌરી, ગણેશ, સપ્તમાતૃકા તેમજ જૈન તીર્થંકરોની પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે અહીઆ સૌથી વધારે મહત્ત્વપૂર્ણ જે ચીજો મળેલી છે, તે મહારાજાઓ મહારાણીઓ તથા બીજા અધિકારીઓની પોતાના નામથી અકિત સેકડો મોહરો છે તે મોહરો ઉપર જે કઈ લખેલુ છે તેના કેટલાક નમૂનાઓ નીચે આપીએ છીએ

१ महाराजाधिराजश्रीचन्द्रगुप्त–पत्नी महाराजश्रीगो-

विन्दगुप्तमाता महादेवी श्री ध्रुवस्वामिनी

અર્થ – મહારાજાધિરાજ શ્રીચન્દ્રગુપ્તની પત્ની, મહારાજ શ્રી ગોવિન્દગુપ્તની માતા મહાદેવી શ્રી ધ્રુવસ્વામિની.

२ युवराजभट्टारक-पादीय कुमारामात्याधिकरण ।

અર્થ – ભગવાન યુવરાજના મંત્રીની ઓફીસ

३ श्री परमभट्टारक पादीय कुमारामात्याधिकरण ।

અર્થ – રાજાની નજીકમાં હોય તે કુમારના મંત્રીની ઓફીસ,

४ दण्डपाशाधिकरण ।

અર્થ – પોલીસના વડાની ઓફીસ.

तीरभुक्त्युपरिकाधिकरण ।

અર્થ – તિરહુત (તીરભુક્તિ)ના રાજ્યપાલનું કાર્યાલય.

तीरभुक्तौ विनयस्थितिस्थापकाधिकरण ।

અર્થ – તીરભુક્તિના સમાચાર–સંશોધકનું કાર્યાલય.

७ वैशाल्यधिष्ठानाधिकरण ।

અર્થ – વૈશાલી નગરીના રાજ્ય–શાસનનું કાર્યાલય.

અનિયા અને મહસ્તમહામ

બસાઢ ગઢથી ઉત્તર–પશ્ચિમમાં લગભગ ૧૪ માઈલ દૂર અનિયાગામ છે. એને પશ્ચિમે [illegible] મહસ્તમહામ છે. એમ.

બી. ડબ્લ્યૂ ગૈરિક અહી બે પત્થરની મૂર્તિઓ હોવાનો ઉલ્લેખ કર્યો છે એ ૨" ૨ "× ૧૪ "× ૩ " અને ૧ " ૧૦ " × ૧" ×૩ " હતી. અહી આ કેટલાક માટીના પદાર્થો, મૂર્તિઓ અને સિક્કાઓ મળેલા છે માટીનો બનેલો દીવો (દીવેટ) પણ તેમાં એક છે ગળામાં પહેરવાની કેટલીક ચીજો પણ મળેલી છે. ગઢ અને ચક્રામદાસની વચ્ચે લગભગ અડધો માઈલ લાંબુ એક તળાવ છે જે ઘોડદોડ નામથી પ્રસિદ્ધ છે ચક્રામદાસના દક્ષિણ પશ્ચિમમાં કેટલાક ઊંચા સ્થળો છે જેના ઉપર પ્રાચીન ખંડેરો મળેલા છે

કોલ્હુઆ

ગઢથી ઉત્તર-પશ્ચિમમા બે માઈલ ઉપર કોલ્હુઆમાં અશોક સ્તમ્ભ, [ બખરાથી દક્ષિણ-પૂર્વ દિશામાં ૧ માઈલ ] સ્તૂપ અને મર્કટહ્રદ (આધુનિક નામ રામકુંડ) છે વૈશાલીના સંબંધમાં હુએનસાંગે જે વર્ણન કર્યું છે, તે બરાબર આને મળતુ આવે છે હુએનસાગે વૈશાલીના ગજપ્રાસાદનો ઘેરાવો ૪-૫ લી બતાવ્યો છે અને ગઢનો ઘેરાવો ૫૦૦૦ ફીટથી કંઈક ઓછો છે. આ બન્ને બાબતો એક બીજાને ઘણી જ મળતી આવે છે આ ચીની પરિવ્રાજકે લખ્યુ છે કે—' ઉત્તર પશ્ચિમમાં, અશોકે બનાવેલો એક સ્તૂપ હતો અને ૫૦ કે ૬૦ ફીટ ઉંચો એક થાંભલો હતો, જેના શિખર ઉપર સિંહ કોતરેલો હતો થાંભલાની દક્ષિણે એક તળાવ હતુ. જ્યારે બુદ્ધ આ ઠેકાણે રહેતા

હતા ત્યારે તેમના વપરાશને માટે આ ખોદવામાં આવ્યું હતુ તળાવડાથી કંઈક દૂર પશ્ચિમમાં એક બીજો સ્તૂપ હતો. આ તે સ્થાને બનેલો હતો કે જ્યાં વાનરસમૂહોએ બુદ્ધને મધ આપ્યુ હતુ તળાવડાના ઉત્તર પૂર્વ ખૂણામાં વાંદરાની એક મૂર્તિ હતી.'

આજકાલ આની સ્થિતિ નીચે પ્રમાણે જોવા મળે છે— કોલ્હુઆમા એક થાંભલો છે જેના ઉપર સિંહની આકૃતિ છે. આના ઉત્તરમાં અશોકે બનાવેલો એક સ્તૂપ છે. સ્તૂપના દક્ષિણ તરફ રામકુંડ નામથી પ્રસિદ્ધ એક તળાવ છે. જે બૌદ્ધ-ઇતિહાસમાં મર્કટહ્રદ ના નામથી પ્રસિદ્ધ છે

અશોક સ્તમ્ભ 'ભીમની લાઠી'ના નામથી અહીં પ્રસિદ્ધ છે. આ જમીનથી ૨૧ ફીટ ૯ ઈંચ ઊંચુ છે. થાંભલાનો ઉપરનો ભાગ ૨ ફીટ ૧ ઈંચ ઊંચો છે અને ઘડીના આકારનો છે આના ઉપર પત્થરની શિલા છે જેના ઉપર ઉત્તરાભિમુખ સિંહ બેઠો છે. જનરલ કનિંઘમે ૧૪ ફીટ નીચે સુધી આનું ખોદકામ કરાવ્યુ હતું અને તે પાયો નીચે સુધી એવો જ ચીકણો જણાયો હતો, જેવો ઉપર છે થાંભલાથી ઉત્તરમાં ૨ ગજ દૂર એક તૂટેલો સ્તૂપ છે આ ૧૫ ફીટ ઊંચો છે જમીન ઉપર આનો વ્યાસ ૬૫ ફીટ છે અને આમાં લાગેલી ઈંટોનું માપ ૧૨" × ૯½" × ૨½" છે સ્તૂપની ઉપર એક આધુનિક મંદિર છે. તેમાં ભિક્ષુઓની

નીચે ભૂમિસ્પર્શ મુદ્રામા બેઠેલી બુદ્ધની એક વિશાલ મૂર્તિ છે. જે મુગુટ હાર અને કાનના આભૂષણ સહિત છે. બુદ્ધના મસ્તક-ની બન્ને બાજુએ મુગુટ અને આભૂષણ પહેરેલી બે બેઠેલી મૂર્તિઓ છે તેમના હાથો એવી રીતે રહેલા છે કે જાણે તેઓ પ્રાર્થના ન કરી રહ્યા હોય આ બન્ને ન્હાની મૂર્તિઓની નીચે નીચેની પંક્તિઓ નાગરી લિપિમાં લખેલી છે --

१ देयधर्म्मोऽयम् प्रवरमहायानयायिनः करणिकोच्छाहः (=उत्साहस्य) मा (ि) णक्य–सुतस्य.

२ यदत्रपुण्यम् तद् भवत्वाचार्योपाध्याय–मातापितोरात्म-नश्च पूर्व्वंगमम (कृ)—

३ त्वा सकल–स(त्) त्वराशेरनुत्तर–ज्ञानावाप्तयैति ।"

અર્થાત્ – માણિક્યના પુત્ર લેખક અને મહાયાનના પરમ અનુયાયી ઉત્સાહે ધર્મપૂર્વક કરેલુ આ દાન છે આનાથી જે કંઈ પુણ્ય ઉપાર્જન થાય તે આચાર્ય, ઉપાધ્યાય, માતા–પિતા અને પોતાનાથી લઈને સમસ્ત પ્રાણીમાત્રના અનંત કલ્યાણની પ્રાપ્તિ માટે થાઓ "

સ્તમ્ભથી ૫૦ ફીટ દૂર રામકુંડ અથવા મર્કટહ્રદ છે. જેના કાંઠા પર કૂટાગારશાલા હતી કૂટાગારશાલામાં જ બુદ્ધે આનન્દને પોતાના નિર્વાણની સૂચના આપી હતી ખોદકામ કરતાં પૂર્વથી પશ્ચિમ તરફ જતી એક મોટી ભીંત મળી છે જે

પાકી ઈંટોની બનેલી છે ઈંટો ૧૫½" × ૯½" × ૨" છે. ચીતના પશ્ચિમ છેડે એક ન્હાના સ્તૂપના અવશેષો મળ્યા છે આ સ્તૂપની પાકી ઈંટો આમતેમ પડેલી છે. સવા સાત ઈંચના વ્યાસવાળી એક ગોળ ઈંટ હતી એનો ઉપરનો ભાગ ગોળ હતો. આના વચમાં એક ગોળ કાણું હતું કનિંગહામનું માનવું છે કે આ ઈંટ સ્તૂપના શિખર પરની હશે

કોલ્હુઆ, બનિયા અને બસાઢની પશ્ચિમમાં 'ન્યારી નાલા' નામની નદીનો પટ ઘણે દૂર સુધી ફેલાયેલો છે અત્યારે આમાં ખેતી થાય છે

અહીં આ એક એવી લોકોક્તિ ચાલે છે કે પ્રાચીન વૈશાલીની ચારે તરફ ખૂણાઓમાં ચાર શિવલિંગો હતાં પરન્તુ આનો કોઈ આધાર મળતો નથી અને એની સાબીતી માટે ન કોઈ પ્રમાણ છે ઉત્તર-પૂર્વી 'મહાદેવ' જે કમનછપરાગાછીમાં છે તે વાસ્તવમાં બુદ્ધની મૂર્તિ છે. જે ચતુર્મુખ છે. ઉત્તર-પશ્ચિમમાં એક આરસપહાણનું લિંગ બનેલું છે જે બિલકુલ આધુનિક છે અહીંના લોકો આ બન્નેને મહાદેવના રૂપમાં ખૂબ જ ભક્તિ-ભાવથી પૂજે છે

## વૈશાલીમાં ચીનીયાત્રી

વૈશાલીમાં ફાહિયાન અને હ્યુએનત્સાંગ વગેરે ચીની યાત્રીઓ આવ્યા હતા એ બંનેએ પોતાના પ્રવાસ-વર્ણનોમાં એનું વર્ણન કર્યું છે

ફાહિયાને લખ્યુ છે કે–' વૈશાલી નગરના ઉત્તરમાં રહેલા 'મહાવન'માં કૂટાગારવિહાર છે કે જે બુદ્ધદેવનુ નિવાસ-સ્થાન છે આનદનો અર્દ્ધાંગ સ્તૂપ છે શહેરમાં અ બપાલી નામની વેશ્યા રહેતી હતી. તેણે બુદ્ધદેવનો સ્તૂપ બનાવરાવ્યો, તે હજુ સુધી તેવો જ છે શહેરના દક્ષિણમાં ત્રણ 'લી' ઉપર અ બપાલી વેશ્યાનો બગીચો છે, જે તેણે બુદ્ધદેવને દાનમાં આપ્યો કે તેઓ આમાં રહે બુદ્ધદેવ પરિનિર્વાણને માટે જ્યારે શિષ્યો સાથે વૈશાલીના પશ્ચિમ દરવાજે થઈને નિકળ્યા તો જમણી તરફ વૈશાલી નગરને જોઈને શિષ્યોને કહ્યુ કે આ મારી છેલ્લી વિદાય છે, પછી લોકોએ ત્યાં સ્તૂપ બનાવરાવ્યો

અહીથી પશ્ચિમ તરફ ત્રણ ચાર 'લી' ઉપર એક સ્તૂપ છે બુદ્ધદેવના પરિનિર્વાણ પછી સો વર્ષ બાદ વૈશાલીના ભિક્ષુકોએ વિનય દશ-શીલની વિરુદ્ધ આચરણ કર્યું હતુ.

આ સ્થળેથી ચાર યોજન આગળ ચાલીને પાંચ નદીઓના સગમ ઉપર પહોચ્યા આનન્દ પરિનિર્વાણ માટે મગધથી વૈશાલી ગયો દેવતાઓએ અજાતશત્રુને ખબર આપી અજાતશત્રુ તરત જ સેના સાથે રથ ઉપર ચડીને નદી ઉપર પહોંચ્યો વશાલીના લિચ્છવિઓએ પણ આનદનુ આગમન સાંભળ્યુ અને સત્કાર કરવા નદી ઉપર જઈ પહોચ્યા આનન્દે વિચાર્યું કે આગળ જઈશ તો અજાતશત્રુને ખોટુ લાગશે અને પાછો વળીશ તો લિચ્છવિઓ રોકશે પરિણામે તેઓએ નદીની વચમાં

' તથોદકસિત્ત'[1] (તેલ કુમ્ભ) સમાધિવડે પરિનિવૃ [illegible] આમ કહ્યું. શરીરને બે ભાગોમાં વિભક્ત કરી એક એક ભાગ બન્ને કાંઠાઓ ઉપર પહોંચાડ્યો અને બન્ને રાજાઓને અર્પી [illegible] શરીરનો ભાગ બન્યો. તેઓએ તે વર્ગને પાછા વળી [illegible] અને રાજધાનીના ભાગે સ્તૂપ બનાવરાવ્યા.

હુએનત્સાંગે પોતાના યાત્રા-પ્રકરણમાં લખ્યું છે કે— "આ [illegible] નું વિસ્તાર લગભગ પાંચ હજાર લી છે—ભૂમિ [illegible] અને ઉત્તમ છે. [illegible] અને ફળ ખૂબ થાય છે, [illegible] કરીને [illegible] અને [illegible], અને [illegible] એનો ઉપયોગ પણ ખૂબ કરે છે. હવા—પાણી સ્વાભાવિક અને અનુકૂળ આવે એવાં છે, અને મનુષ્યોના આચરણ શુદ્ધ અને પવિત્ર છે. અહીંના લોકોની [illegible] અને વિદ્યાની ખૂબ જ કદર કરનારા છે.[2] [illegible] અને બૌદ્ધ બન્ને મળીને રહે છે. કોઈ સેંકડો સંઘારામો અહીં હતા પરન્તુ તે [illegible] થઈ ગયા છે. કોઈ બે—ચાર

---

૧ [illegible]

બુદ્ધચર્યા – પૃષ્ઠ ૫૮૩

[ ૨ ] [illegible]

બાકી છે પરન્તુ તેમાં સાધુઓ નથી. કોઈ ઠેકાણે છે તો બહુ જ થોડા દસ વીસ મન્દિરો દેવતાઓના છે, જેમાં અનેક મતાનુયાયીઓ ઉપાસના કરે છે. જૈનધર્મને માનનારાઓ મોટી સખ્યામાં છે

વૈશાલીનુ પ્રધાન શહેર બીલકુલ ઉજ્જડ છે આનું ક્ષેત્રફલ ૬૦થી૭૦ લી સુધી અને રાજમહેલનો વિસ્તાર ચાર કે પાંચ 'લી'ના ઘેરાવામાં છે ઘણા ઓછા લોકો આમાં રહે છે રાજધાનીના પશ્ચિમોત્તર પાંચ કે છ 'લી' દૂર એક સઘારામ છે આમાં કેટલાક સાધુઓ રહે છે આ લોકો સમ્મતીય સસ્થા પ્રમાણે હીનયાન સપ્રદાયના અનુયાયી છે

ક્ષત્રિયકુડ

બસાઢની પાસે વાસુકુડ નામનુ સ્થાન છે, જે પ્રાચીન ક્ષત્રિયકુડનુ સ્થાનાપન્ન છે જૈન શાસ્ત્રોમાં આનો સ્થાન નિર્દેશ કરતાં લખ્યુ છે કે—

१ अत्थि इह भरहवासे मज्झिमदेसस्स मण्डण परमं।
सिरिकुण्डगामनयर वसुमइरमणीतिलयभूयं ॥७॥

—नेमिचन्द्रसूरिकृत महावीरचरिय पत्र २६

ભારતના મજઝમ (મધ્યદેશ) માં કુડગ્રામ નગર છે

२ जम्बुद्दीवे णं दीवे भारहे वासे दाहिणमाहिणकुडपुर-सन्निवेसाओ उत्तरखत्तियकुडपुरसन्निवेसम्मि नायाण खत्तियाणं

१

सिद्धत्थस्स खत्तियस्स कासवगुत्तस्स तिसलाए खत्तियाणीए वासिट्ठसगुत्ताए असुभाणं पुग्गलाणं अवहारं करित्ता सुभाणं पुग्गलाणं पक्खेवं करित्ता कुच्छिंसि गब्भं साहरइ।

—आचारांगसूत्र ( शीलांक वृत्ति ) पत्र १ ४

જંબુદ્વીપના આ ભરતમાં દક્ષિણ બ્રાહ્મણકુંડપુર–સંનિવેશથી (લાવીને) ઉત્તર ક્ષત્રિયકુંડપુર સંનિવેશમાં જ્ઞાતક્ષત્રિયોના કાશ્યપગોત્રીય સિદ્ધાર્થ ક્ષત્રિય (રાજા)ની (પત્ની) વાસિષ્ઠગોત્રીય ત્રિશલા ક્ષત્રિયાણી (રાણી)ની કુક્ષિમાં અશુભ પુદ્ગલોને દૂર કરીને શુભ–પુદ્ગલોને નાખીને ગર્ભ–પ્રવેશ કરાવે છે.

૩ ભગવાનને આચારાંગસૂત્રમાં વિદેહવાસી કહ્યા છે. અને ટીકાકારોએ એના અનેક અર્થો કર્યા છે પરન્તુ તે ઠીક નથી. તેથી અમે કલ્પસૂત્રમાં આવેલા 'વિદેહ' શબ્દનો પ્રમાણપૂર્વક ખુલાસો કરીએ છીએ. તે ઉપરથી વાચક સત્ય સમજી શકશે.

(ક) કલ્પસૂત્રમાં આવેલો વિદેહ સંબંધી પાઠ નીચે પ્રમાણે

नाए नायपुत्ते नायकुलचंदे विदेहे विदेहदिन्ने विदेह जच्चे विदेहसूमाले तीसं वासाइं विदेहंसि कट्टु।" मूल ''

આ ( ૫ આચારાંગસૂત્રમાં પણ છે

શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે બનાવેલી 'કલ્પસૂત્ર' ઉપરની પોતાની 'સુબોધિકા' નામની ટીકામાં 'ત્રિદેહ' શબ્દનો અર્થ "(त्रिदेहे) वज्रऋषभनाराचसंहननसमचतुरस्रसंस्थानमनोहरत्वात् विशिष्टो देहो यस्य स विदेहः" (पृ २६२, ६३) કર્યો છે, જે સગત નથી લાગતો એમ લાગે છે કે 'આવશ્યકચૂર્ણિ'નો પાઠ તેઓના જોવામા નથી આવ્યો. જો જોયો હોત તો આવો અર્થ ન કરત આવશ્યકચૂર્ણિનો પાઠ અમે નીચે આપીએ છીએ.

" .... णाते णातपुत्ते णातकुलविणिवट्टे विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले सत्तुस्सेहे समचउरंससंठाणसहिते वज्जरिसमणारायसंघयणे अणुलोमवायुवेगे कंकग्गहणी कवोयपरिणामे ।"

—ऋ के पेढी रतलामप्रकाशित 'आवस्यकचूर्णि' पृ २६०

આમાં 'વિદેહ' શબ્દ હોવા છતાં પણ કલ્પસૂત્રના ટીકાકારોએ વિદેહ શબ્દનો જે અર્થ કર્યો છે તે અહી જુદી જ રીતે समचउरससठाणसहिते वज्जरिसिमणारायसघयणे" આ શબ્દોમાં રહેલો છે આનાથી એ સ્પષ્ટ થાય છે કે તેમનુ ધ્યાન ભગવાનની જન્મભૂમિ તરફ—જે ખાસ બાબત હતી, ન જતાં તેમના શરીરના બધારણ (વજ્રઋષભનારાચ સઘયણ અને સમચતુરસ્રસસ્થાન) ની તરફ વધારે ગયુ

ડૉ જેકોબીએ 'ત્રિદેહ' શબ્દનો અર્થ ખુબ સગત કર્યો છે તેઓએ sacred books of the East' ના ૨૨મા

વિભાગના પૃષ્ઠ ૨૫૬ ઉપર આનો અર્થ ' A videha ' અર્થાત 'વિદેહવાસી' કર્યો છે પરન્તુ 'વિદેહદત્તે 'નો અર્થ ' ... a videha ' અર્થાત્ વિદેહ નિવાસી કર્યો છે જે ઠીક નથી 'વિદેહજચ્ચ'નો અર્થ વિદેહ દેશમાં મ... હોવો જોઈએ, કારણ કે 'બચ્ચો જન્મ:'નો અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે જેમ 'બામ્ય ઉત્કૃષ્ટ રૂપાય।' (આવશ્યકનિર્યુક્તિ હારિભદ્રીય ટીકા પત્ર ૧૮૩ / ૧ )

( ખ ) હવે અમે અમારા ઉપરના અર્થના સમર્થન માટે કલ્પસૂત્ર ની સન્દેહવિષૌષધિટીકા [શ્રી જિનપ્રભસૂરિકૃત] નું ઉદ્ધરણ આપીએ છીએ —

" પત્રાણાં ચ પત્રાનાં ક્વાપિ વૃત્તિન દૃષ્ટા મતો દ્વામ્યા પાઠાન્યથાપિ ભાવનીયાનિ " ( પૃષ્ઠ ૫ ) અર્થાત્ આ પદોની આખ્યા ... ટીકાનુ જોવામાં નથી આવી તેથી પરમ્પરાથી જુદો અર્થ ... ... થઈ શકે છે. આ ઉદ્ધરણથી અમારી ધારણાને ... ... મળે છે એમાં જરા પણ સન્દેહ નથી.

( ગ ) અમારી માન્યતાનું વિશેષ સમર્થન કલ્પસૂત્રના ... અનુવાદ (જસ્ટિસ ... ... બાવ એમ. એ. કૃત) ... ... ... ... ... —

... , આગમ ... આધીન ( ... ... ... ) ... (ગુણગ્રાહી) વિનીત, ... (સુવિ

દિત, પ્રસિદ્ધ), જ્ઞાતિપુત્ર, જ્ઞાતિકુલચન્દ્ર, વૈદેહ, વિદેહદત્તાત્મજ, વૈદેહશ્રેષ્ઠ, વૈદેહસુકુમાર, શ્રમણ ભગવાન્ મહાવીર ત્રિશ વત્સર વિદેહ દેશે કાટાઇયા માતાપિતાર દેવત્વ પ્રાપ્તિ હઇલે ગુરુજન ઓ મહત્તરગણેર અનુમતિ લઇયા સ્વપ્રતિજ્ઞા સમાપ્ત કરિયા છિલેન'

—કલ્પસૂત્ર, વસન્તકુમાર ચટ્ટોપાધ્યાય એમ એ
કલકત્તા વિશ્વવિદ્યાલય, ૧૯૫૩ પૃ ૮૭

આ બધા પ્રમાણોથી એ તાત્પર્ય નિકલે છે કે ભગવાનનો જન્મ વિદેહ દેશમાં જ થયો હતો મગધ કે અ ગ દેશમા નહિ છેવટે અમે આ વાતને વધારે પુષ્ટ કરવા માટે દિગમ્બર ગ્ર થોના પણ પ્રમાણો આપીએ છીએ

(૪) દિગમ્બર-શાસ્ત્રોમા પણ કુ ડપુરને જમ્બૂદ્વીપના ભારતવર્ષમાં વિદેહદેશની અ દર બતાવ્યુ છે

(क) उन्मीलितावधिदृशा सहसा विदित्वा
तज्जन्मभक्तिभरतः प्रणतोत्तमाङ्गाः ।
घण्टानिनादसमवेतनिकायमुख्या
दिष्ट्या ययुस्तदिति कुण्डपुरं सुरेन्द्राः ॥१७-६१॥

(મહાકવિ અસગ (ઈ સ ૯૮૮) વિરચિત વર્ધમાન ચરિત્ર)

(ख) सिद्धार्थनृपतितनयो भारतवास्ये विदेहकुण्डपुरे।
देव्यां प्रियकारिण्यां सुस्वप्नान् संप्रदर्श्य विभुः ॥४॥

(આચાર્ય પૂજ્યપાદ (વિ. ૫મી શતાબ્દિ) વિરચિત,
દશભક્તિ પૃ ૧૧૬)

(ग) अथ देशोऽस्ति विस्तारी जम्बूद्वीपस्य भारते।
विदेह इति विख्यातः स्वर्गखण्डसमः श्रिया ॥१॥
तत्राखण्डलनेत्रालीपद्मिनीखण्डमण्डनम्।
सुखाम्भः कुण्डमाभाति नाम्ना कुण्डपुरं पुरम् ॥५॥

(આચાર્ય જિનસેન (વિ. ૮મી શતાબ્દિ) વિરચિત
હરિવંશપુરાણ પ ૬ ૧ સર્ગ ૨)

(घ)
भरतेऽस्मिन् विदेहाख्ये विषये भवनाङ्गणे ॥२५१॥
राज्ञः कुण्डपुरेशस्य वसुधारापतत्पृथु।
॥२५२॥

(આચાર્ય ગુણભદ્ર (વિ. ૯મી શતાબ્દિ) વિરચિત ઉત્તરપુરાણ પૃ ૪૬ ભારતીય જ્ઞાનપીઠ કાશીથી પ્રકાશિત)

(ङ) — —

विदेहविषये कुण्डसंज्ञायां पुरि भूपतिः ॥७॥

नाथो नाथकुलस्यैकः सिद्धार्थाख्यस्त्रिसिद्धिभाक् ।
तस्य पुण्यानुभावेन प्रियासीत् प्रियकारिणी ।८॥
(ઉપર્યુક્ત પૃષ્ઠ ૪૮૨.)

ઉપર આપેલા પ્રમાણોમાં ક્ષત્રિયકુડગામને મજ્ઝિમ દેશમાં રહેલ વિદેહદેશની અદર બતાવેલ છે ઉપરના નિર્દેશ પ્રમાણે 'મજ્ઝિમદેશ' આર્યાવર્તનુ બીજુ નામ છે એની અદર જ વિદેહ દેશ છે બીજી રીતે વિચારીએ તો ક્ષત્રિયકુડ એ વિદેહ દેશનુ એક સ્વતત્ર નગર જ છે,

ભગવાનને શાસ્ત્રોમા 'વેસાલિય' અર્થાત્ "વૈશાલિક"ના નામે લખ્યા છે "વૈશાલિક"ની વ્યાખ્યા કરતાં તેઓએ લખ્યુ છે કે—

(१) विशाला जननी यस्य विशाल कुलमेव च ।
विशालं वचनं चास्य तेन वैशालिको जिनः ॥

—सूत्रकृताङ्ग शीलाकाचार्य टीका अ० २ उद्दे० ३

વિશાલાપુત્ર ( विशालाया अपत्यं वैशालिकः ) પ્રભુ, વિશાલ રાજાના કુલના હોવાથી અને વિશાલ વચનવાળા હોવાથી વૈશાલિક કહેવાતા હતા

(२) तत्थ ण सावत्थीए नयरीए पिंगलए णाम नियंठे वेसालिअसावए परिवसइ (मूल छाया)–तस्यां श्रावस्त्यां

नगर्यां पिङ्गलको नाम निर्ग्रन्थो वैशालिकश्रावकः परिवसति

—भगवतीसूत्र सटीक, भाग १ पृ २११

તે ભગવન્તો નગરીમાં પિંગલક નામનો નિર્ગ્રન્થ વૈશાલિક શ્રાવક રહેતો હતો.

ભગવાનના વૈશાલિક નામથી તેમનો વૈશાલી સાથે ગાઢ સંબંધ હતો એ સ્પષ્ટ થાય છે. જેવી રીતે વિદેહમાં વસવાને લીધે તેઓ 'વિદેહ' (વૈદેહ)ના નામથી સંબોધાતા, તે જ પ્રમાણે વૈશાલી દેશથી તેમનો સંબંધ હોવાથી તેઓ 'વૈશાલિક' પણ કહેવાતા.

વૈશાલિક શબ્દની વ્યાખ્યા વિશાલ (વડો) મગ[illegible] વૈશાલિક એવી કરવાથી પૂર્વની સાથે અર્થની સંગતિ ઠીક બેસતી નથી. જેમ વિદેહ (વૈદેહ)નો અર્થ વિદેહદેશવાસી કર્યો છે, તેમ વિદેહ દેશની જેમ વૈશાલી પણ દેશ તરીકે જ ઓળખાતો હતો. એવી રીતે દીઘનિકાયના મહાપરિનિબ્બાણ સુત્ત (પૃ. ૧૨૮ મહાબોધિ [illegible] ૧ ૩[illegible])માં આમ્રપાલી ગણિકા [illegible] પોતાને આમંત્રણને [illegible] માટે કહેલી અર્થનાના [illegible] એ વૈશાલી–જનપદ [illegible] મહાન ભાગ (ભોજન) ને નહીં આપું

તેનું બીજુ પ્રમાણ એ છે કે–

" The Vaisali country is described by the pilgrim as being above 5000 li in circuit."
— On Yuan Chwanges, vol II page-63

અર્થાત્–યાત્રી (હુએનસાંગે) વૈશાલી દેશનુ વર્ણન કરતા તેનો ઘેરાવો ૫૦૦૦ 'લી' કરતા વધારે બતાવ્યો છે

તેથી આજસુધી 'વિશાલા' કે 'વૈશાલી'ને શહેર સમજીને જે અર્થો કરવામાં આવ્યા છે તે બધા ભ્રામક છે અને કુડપુર જે વૈશાલીની સમીપમા હતુ તે તેનુ પરુ(suburb) નહિ પરતુ સ્વતત્ર નગર હતુ તેમા જ ભગવાનનો જન્મ થયો હતો

બ્રાહ્મણકુડગ્રામ ક્ષત્રિયકુડની સમીપમા હતું અને આ બન્નેની વચમાં બહુશાલ ચૈત્ય હતુ એકવાર ભગવાન્ વિહાર કરતા કરતા બ્રાહ્મણકુડ પધાર્યા અને આ ગામની પાસે બહુ-શાલ ચૈત્યમા આવીને ઊતર્યા હતા આ આખી કથાને ભગવતી સૂત્રના ત્રીજા ભાગમા પૃષ્ઠ ૧૬૨થી શરૂથી લખી છે, તેમાં લખ્યુ છે કે—

" तस्स ण माहणकुडग्गामस्स णयरस्स पच्चत्थिमेण एत्थ णं खत्तियकुंडग्गामे नामे नयरे होत्था ।"

બ્રાહ્મણકુંડગામની પશ્ચિમ દિશામાં ક્ષત્રિયકુંડ ગામ હતું આખ ક્ષત્રિયકુંડગામમાં જમાલિ નામનો ક્ષત્રિયકુમાર રહેતો હતો જ્યારે ભગવાનના બહુશાલ ચૈત્યમાં પધારવાની સૂચના ક્ષત્રિયકુંડમાં પહોંચી તો ત્યાંથી એક મોટો જનસમૂહ ક્ષત્રિયકુંડની વચમાં થઇને બ્રાહ્મણકુંડની તરફ આવ્યો. જ્યાં બહુશાલ ચૈત્ય છે ત્યાં આવ્યો આ બીજાને જોઇને જમાલિ પણ ત્યાં આવ્યો આ વાતની સૂચના આપ્યું છે કે—

माहणकुंडगामस्स नयरस्स पच्चत्थिमेणं एत्थ णं खत्तियकुंडग्गामे नामं नयरे होत्था... खत्तियकुंडग्गामे नयरे मज्झं मज्झेणं निग्गच्छइ निग्गच्छित्ता जेणेव माहणकुंडग्गामे नयरे जेणेव बहुसालए चेइए

ભગવાનના પ્રવચનથી જમાલિના હૃદયમાં દીક્ષા લેવાની ભાવના જાગી અને તેણે પોતાના માતાપિતાની આજ્ઞા લેવા માટે ક્ષત્રિયકુંડ તરફ ગયો અને આજ્ઞા મેળવ્યા પછી એક મોટા સમૂહ સાથે—

मज्झंमज्झेणं निग्गच्छइ निग्गच्छित्ता जेणेव खत्तियकुंडग्गामे नयरे मज्झं मज्झेणं निग्गच्छइ जेणेव माहणकुंडग्गामे नयरे जेणेव बहुसालए चेइए जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ ।

ક્ષત્રિયકુંડ ગામ નગરની ઠીક મધ્યમાંથી નીકળીને બ્રાહ્મણ કુંડ ગામની તરફ બહુશાલ ચૈત્યમાં જ્યાં ભગવાન્ મહાવીર સ્વામી હતા ત્યાં (જમાલિ) આવ્યો

આ વર્ણનથી એ સ્પષ્ટ થાય છે કે ક્ષત્રિયકુંડની સમીપમાં જ બ્રાહ્મણગામ હોવાનો સંભવ છે.

આ ક્ષત્રિયકુંડ ગામમાં 'જ્ઞાત' ક્ષત્રિયો રહેતા હતા તેથી આ ગામને બૌદ્ધ-ગ્રન્થોમાં જ્ઞાતિક ગાતિક કે નાતિક કહીને ઉલ્લેખ કર્યો છે નાતિક સિવાય નાદિકના નામથી પણ આનો ઉલ્લેખ મળે છે નામના ફેરફારના સંબન્ધમાં—

૧ સંયુત્ત નિકાયની બુદ્ધઘોષની સારત્થવકાસિની ટીકામાં લખ્યું છે કે—

" ञातिकेति द्विन्न ञातकाना गामे "

૨ દીઘનિકાયની સુમંગલ વિલાસિની ટીકામા લખ્યુ છે કે-

नादिकाति एत तलाक निस्साय द्विण्णं चुल्लपितु महापितुपुत्तान द्वे गामा । नादिकेति एकस्मिं ञातिगामे । "

આ પ્રમાણે ઞાતિક [જ્ઞાતિક] અને નાદિક બન્ને નામો એક જ સ્થાનના હતા જ્ઞાતિ ગામ [જ્ઞાતિગામ] હોવાથી જ્ઞાતિ નામ પડયું છે અને નાદિક તડાગ (તળાવ)ની પાસે હોવાથી નાદિક કહેવાતુ હતુ

આ નાતિક ગામ ક્યાં હતુ એના સબંધમાં અમે નીચેના ફકરાઓથી એક નિર્ણય ઉપર આવી શકીશુ—

(૧) N tika (V L Nadika–Natika) A locality i the jj country on the h gh way between kot rum and esal

અર્થાત નાતિક (નાદિક નાતિક)—વજ્જી દેશની અંદર વૈશાલી અને કોટિગ્રામની વચમા એક સ્થાન છે.

Dict onary of Pali–proper Names vol I page-976

(૨) આ ડિક્શનેરી ઓફ પાલી પ્રોપર નેમ્સ ના બીજા ભાગમા પૃષ્ઠ ૭૨૩ ઉપર રાજગૃહ અને કપિલવસ્તુની વચમા આવેલા સ્થાનોને મહાપરિનિબ્બાણ સુત્ત પ્રમાણે ગણાવ્યા છે

F m kapilvatthu t Rajagaha was sixty le gues F m Rajagah t Kusinara was a distance of tw t -f l gues and the Mahaparinibbana Sutta l t of th places t which the Buddh topped d ri g his last Journey along that —

Aml l tth k, Nal da Pataligama (where he crossed the Ganges) k tigama, Nadika Vesali, Bhand m H tthig na Ambagama, Jambugm Bhog naga P , nd the Kakuttha River

beyond which lay the Mango grove and the Sala grove of the Mallas

અર્થાત્—કપિલવસ્તુથી રાજગૃહ ૬૦ યોજન હતું અને રાજગૃહથી કુશીનારા ૨૫ યોજન હતું બુદ્ધે જ્યારે અહિંથી પોતાની છેલ્લી યાત્રા કરી તો રસ્તામા આવનારા સ્થાનોને મહાપરિનિબ્બાણસુત્તમા આ પ્રમાણ ગણાવ્યા છે—અબલટ્ઠિકા, નાલન્દા, પાટલિગામ, (અહીં ગગા નદી ઉતર્યા હતા) કોટિગામ, નાદિકા, વૈશાલી, ભડગામ વગેરે વગેરે.

આથી સ્પષ્ટ રૂપે એ નિર્ણય થાય છે કે 'ક્ષત્રિયકુડગામ' અથવા 'જ્ઞાતિક' વજ્જીદેશ [વિદેહ]ની અદર છે બુદ્ધની જે છેલ્લી યાત્રાનુ વિવરણ મળે છે, એનાથી એ જણાય છે કે આ સ્થાન કોટિગામ અને વૈશાલીની વચમાં હતુ અમારા આ કથનની પુષ્ટિ શાસ્ત્રોથી, ઐતિહાસિક સાધનોથી અને પુરાતત્ત્વ-વિભાગે સગ્રહેલા પ્રમાણોથી થાય છે

## ખોટી ધારણાઓ

ડૉ હારનલ અને ડૉ જેકોબીએ જૈન-શાસ્ત્રો ઉપર આલો-ચના કરતા કેટલાક એવા મન્તવ્યો રજુ કર્યા છે કે જેનાથી ભ્રમ થઈ જાય તેઓના માનવા પ્રમાણે—

(૧) વાણિયગામ [સ વાણિજ્યગ્રામ] આ વૈશાલી નામથી પ્રસિદ્ધ શહેરનુ બીજુ નામ હતુ

મહાવીર તીર્થંકરની જન્મભૂમિ' નામનો ડૉ. હાર્નલના લેખ જુઓ જૈન સાહિત્ય સંશોધક ખંડ ૧ અંક ૪, પૃષ્ઠ ૨૧૮

( ) કુંડગ્રામ નામ પણ વૈશાલીનું જ હતું અને વૈશાલી જ ભગવાનની જન્મભૂમિ હતી.

—ડૉ. હાર્નલનો ઉપરનો લેખ

૧ જેમાં ડૉ. જેકોબીએ એક લેખમાં લખ્યું હતું કે વૈશાલી—મુખ્ય વૈશાલી, વાણિજ્યગ્રામ અને કુંડગ્રામ આ ત્રણેના મળેલું રૂપ હતું. કુંડગ્રામમાં કોલ્લાક નામની એક શેરી હતી

—આ તોળ વિદ્યા વિધી સ્મૃતિ ગ્રંથ પૃષ્ઠ ૧૮૬

(૩) આ કોલ્લાગ સન્નિવેશ [illegible] પરન્તુ તેનાથી બહાર [illegible] નામનું એક ચૈત્ય હતું. સાધારણ ચૈત્યની માફક [illegible] એક મંદિર અને તેની આસપાસ જમીનો હતી. આ [illegible] 'કૂર્ષસ્થાન ઉદ્યાન' [illegible] નગરનું જ હતું તેવી તેનું વર્ણન 'नायसण्डवणे—उज्जाणे अथवा नायसण्ड उज्जाणे मे

(૪) મહાવીરના પિતા સિદ્ધાર્થ કુડગામ અથવા વૈશાલી નગરના કોલ્લાગ નામના લતામા રહેનારી નાયજાતિના ક્ષત્રિયોના મુખ્ય સરદાર હતા ૦ સિદ્ધાર્થને કુડપુર અથવા કુડગામના રાજા તરીકે બધે ઠેકાણે વર્ણવ્યા નથી પરતુ એનાથી વિપરીત એક સાધારણ ક્ષત્રિય તરીકે ( सिद्धत्थे खत्तिये ) સામાન્ય વર્ણન કર્યું છે, જે એક બે ઠેકાણે તેને રાજા ( सिद्धत्थे राया ) રૂપમાં લખ્યાં છે. તેને અપવાદ રૂપે જ સમજવા જોઇએ

—ડો. હારનલનો ઉપરનો લેખ

સિદ્ધાર્થ કોઈ મોટા રાજા ન હતો, પરતુ ઉમરાવ માત્ર હતો,

(લેખ– ડો હર્મન જેકોબીની જૈનસૂત્રોની પ્રસ્તાવના. અનુવાદક શાહ અબાલાલ ચતુરભાઈ બી. એ.)

– જૈ. સા સ. ખ. ૧ અ ૪ પૃષ્ઠ ૭૧

(૫) મહાવીરની જન્મભૂમિ કોલ્લાગજ હતી અને તેથીજ જ્યારે સસારનો ત્યાગ કર્યો ત્યારે સ્વાભાવિક રીતે જ પોતાની જન્મભૂમિની પાસે રહેલા દ્વિપલાશ નામના પોતાના જ કુલના ચૈત્યમા પહેલા જઈને રહ્યા

(જુઓ કલ્પસૂત્ર ૧૧૫–૧૬)

—ડો હારનલનો ઉપર્યુક્ત લેખ

(૬) તે (સિદ્ધાર્થ)ની પત્ની, જેનુ નામ ત્રિશલા હતું તેનુ

વસ્તુ વસ્તુન એક સાધારણ સન્નિવેશોના રૂપે જ કલ્પવામાં આવ્યું છે. જ્યાંસુધી મને યાદ છે તેને બીજી રૂપે ક્યાંય સમજવામાં નથી આવ્યા.

—ડૉ. સ્પ્રાનીનો ઉપરનો લેખ.

(૭) સન્નિવેશ અથવા વસ્તી.

—ડૉ. હારનલનો લેખ.

કુંડગ્રામને 'આચારાંગ—સૂત્ર'માં એક 'સન્નિવેશ' તરીકે વર્ણવ્યું છે. ટીકાકારોએ એનો અર્થ યાત્રી અથવા સાથ (સાર્થવાહ) નું વિશ્રામ સ્થાન કર્યો છે.

—ડૉ. યાકોબીનો લેખ.

(૮) 'ઉવાસગદસાઓ'ના સૂત્ર ૭૭ અને ૭૮માં વાણિજ્યગ્રામના પ્રકરણમાં પ્રયોગ કરેલા 'ઉચ્ચનીચમજ્ઝિમકુલાઈં' અર્થાત્ ઉંચ, નીચ અને મધ્યમ વર્ગવાળું સ્થિતિનું કુલ (રોકહિલનું બુદ્ધ-ચરિત્ર [illegible] ) માં આપેલા તીબેટના વર્ણનથી મળે છે. વૈશાલીમાં ત્રણ વિભાગ હતા. એમાં પહેલા વિભાગમાં સોનાના કળશવાળા ૭ [illegible] ઘર હતા. વચલા વિભાગમાં ચાંદીના કળશવાળા ૧૪ [illegible] ઘર હતા. અને છેલ્લા વિભાગમાં તાંબાના કળશવાળા ૧ [illegible] ઘર હતા. આ વિભાગોમાં ઉંચ, મધ્યમ અને હલકા વર્ગના લોકો ક્રમશ રહેતા હતા.

—ડૉ. હારનલનો ઉપર્યુક્ત લેખ.

પરન્તુ ડૉ. હ્યુરનલ અને ડૉ. જેકોબી બન્નેની માન્યતાઓ જૈન-શાસ્ત્રો સાથે બંધ બેસતી નથી. અમે અહીં શાસ્ત્રોના પ્રમાણો આપીને ટિપ્પણિઓને બારીકાઈથી તપાસીશું.

(૧) 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'માં ભગવાન્ વૈશાલીથી વાણિજ્યગામ તરફ ગયા, એવો ઉલ્લેખ છે. આથી આ બંને જુદા જુદા નગર હોવાનું નક્કી થાય છે

नाथोऽपि सिद्धार्थपुराद् वैशालीं नगरीं ययौ ।
शंखः पितृसुहृत्तत्राभ्यानर्च गणराट् प्रभुम् ॥१३८॥
ततः प्रतस्थे भगवान् ग्रामं वाणिजकं प्रति ।
मार्गे गण्डकिका नाम नदीं नावोत्ततार च ॥१३९॥

त्रि ष पु च पर्व १०, सर्ग ४, पत्र ४१

અર્થાત ભગવાન્ વૈશાલીથી વાણિયાગામ તરફ ગયા અને વચમાં તેમને ગંડકી નદી ઉતરવી પડી. આથી એ પણ સ્પષ્ટ થાય છે કે બન્ને ગામ જુદા જુદા હતા, એટલુંજ નહિ પરન્તુ વચમાં ગંડકી નદી પણ પડતી હતી

(૨) ઉપર અમે પ્રમાણ પૂર્વક એ સાબિત કર્યું છે કે વૈશાલી, બ્રાહ્મણકુંડ, ક્ષત્રિયકુંડ એ ગંડકી નદીના પૂર્વ કિનારા ઉપર હતા, અને કર્મારગામ, કોલ્લાગસન્નિવેશ, વાણિજ્યગામ

તથા દ્વિપલાશચૈત્ય પશ્ચિમ કિનારા ઉપર હતા.[1] વાસ્તવમાં આ એકજ નગરના નોખાં નોખાં નામો ન હતા. શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે ભગવાનનું એક ગામથી બીજે ગામ જવાનું વર્ણન મળે છે. આ સિવાય જ્યાં કોઈ ઠેકાણે બે નામ એક સાથે આવ્યા હોય તેને વર્તમાન બોલવાની પદ્ધતિ પ્રમાણે સમજવા જોઈએ. જેવી રીતે આપણે ભાષામાં બોલીએ છીએ સેંમડી–સેંમીઆ, દિલ્હી આગરા, જયપુર–જોધપુર, લાહોર–અમૃતસર, બનિયા–ગામ ઇ. આમ એક સાથે બોલવાની પદ્ધતિ કેવલ તે તે ગામોની સમીપતાને લઈ ને પડે છે.

(૩) ડૉ. હારનલે કોલ્લાક સન્નિવેશની પાસે એક દ્વિપલાશ ચૈત્ય ઉદ્યાન (दूइपलास उज्जाण) બતાવ્યું છે અને તેના ઉપર નાયકુલનો અધિકાર બતાવ્યો છે. ડૉ. સાહેબની સમ્મતિમાં 'नायसण्डवण उज्जाण' અને 'दूइपलास उज्जाण' એકજ હતા.

---

૧ શ્રમણ ભગવાન મહાવીર નામના પુસ્તકના [illegible] પાને આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે— वैशाली के पश्चिम परिसर [illegible] थी उसके पश्चिम [illegible] स्थित [illegible], [illegible] वाणिज्यग्राम, कर्मारग्राम और कोल्लागसन्निवेश जैसे अनेक [illegible] उपनगर और शाखापुर [illegible] वैशाली की [illegible] [illegible] [illegible] । આ માન્યતા પ્રમાણે આ વર્ણન ઠીક નથી.

શ્રી [illegible] [illegible] ને ધર્મ અને દર્શન નામના પુસ્તકમાં [illegible] [illegible] પૃ. ૮૧ ઉપર [illegible] વાત છે [illegible] અનુમાન [illegible] છે. વિદ્વાન વાચકો પણ તેજ પ્રમાણેના વિચાર બનેલા છે.

ડા સાહેબે જે ગ્રંથોના પ્રમાણો આપ્યા છે, તે પ્રમાણે દૂઈપલાસ ઉજ્જાણ તો વાણિજ્યગામની ઉત્તર-પૂર્વમાં હતું અને નાયસંડવણ ઉજ્ઞાન ( ज्ञातखण्डवन उद्यान) કુંડપુર (ક્ષત્રિયકુંડ) ની બહાર હતું.

(ક) વિપાકસૂત્રમાં લખ્યું છે કે—

तस्स णं वाणियगामस्स उत्तरपुरत्थिमे दिसिभाए दूईपलासे नामं उज्जाणे होत्था ।

—विपाकसूत्र पृष्ठ १६

(ખ) કલ્પસૂત્ર સુબોધિકા ટીકામાં પત્ર ૧૧૧માં લખ્યું છે કે—

कुण्डपुरं नगरं मज्झं मज्झेण निग्गच्छइ, निग्गच्छित्ता जेणेव नायसंडवणे उज्जाणे असोगवरपायवे तेणेव उवागच्छइ ।

આ બન્ને ઉદ્ધરણોથી એ નક્કી થાય છે કે 'नायसंडवण' અને 'दूइपलास उज्जाण' બન્ને જુદા જુદા છે

(૪) ડો હારનલ અને ડો જેકોબી બન્નેએ સિદ્ધાર્થને રાજા ન માનતાં એક ઉમરાવ અથવા સરદાર તરીકે માન્યા છે. તેઓનું એ માનવું છે કે એક બે સ્થાનને છોડીને બાકી બધે ઠેકાણે શાસ્ત્રોમા સિદ્ધાર્થને 'क्षत्रिय' તરીકે જ વર્ણવ્યા છે પરન્તુ આનાથી તદ્દન વિરુદ્ધ જૈન ગ્રંથોમાં સિદ્ધાર્થને માત્ર રાજા તરીકે નથી વર્ણવ્યા પરંતુ તેમની અધીનતામાં રહેનારા બીજા

અધિકારીઓનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. કલ્પસૂત્રમાં લખ્યું છે કે—'तए णं से सिद्धत्थे राया विभूसिए सविभूसीए' આમાં સિદ્ધાર્થનો રાજા તરીકે ઉલ્લેખ કર્યો છે (ક. સૂ. મૂ. સૂ. ૫૧) આગળ ચાલીને સૂત્ર ૬૨માં લખ્યું છે કે

"कप्परुक्खए विव अलंकियविभूसिए नरिंदे, सकोरिंट मल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं सेयवरचामराहिं उद्धुव्वमाणीहिं मंगलजयसद्दकयालोए अणेगगणनायग-दंडनायग-राईसर-तलवर-माडंबिय-कोडुंबिय-मंति-महामंति-गणग-दोवारिय-अमच्च-चेड-पीढमद्द-नगर-निगम-सेट्ठि-सेणावइ-सत्थवाह-दूय-संधिवालसद्धिं संपरिवुडे •"

આનો સારાંશ એ છે કે રાજા સિદ્ધાર્થ કલ્પવૃક્ષની જેમ સુંદર વસ્ત્રો અલંકારોથી વિભૂષિત નરેન્દ્ર હતો. પ્રાચીન સાહિત્યમાં નરેન્દ્રનો પ્રયોગ પ્રાયઃ કરીને રાજાઓ માટે થયો છે. આ નરેન્દ્રની સભામાં નીચેના અધિકારીઓ રહેતા.

(૧) ગણનાયક (૨) દંડનાયક (૩) યુવરાજ (૪) તલવાર (કોટવાલ) (૫) માડંબિક (કર લેનાર) (૬) કૌટુંબિક (૭) મંત્રી (૮) મહામંત્રી (૯) ગણક (૧૦) દૌવારિક (૧૧) અમાત્ય (૧૨) ચેટ (૧ ) પીઠમર્દક (૧૪) નાગર (૧૫) નિગમ (૧ ) શ્રેષ્ઠી (૧૭) સેનાપતિ (૧૮) સાર્થવાહ (૧૯)

દૂત અને (૨૦) સન્ધિપાલ રાજા સિદ્ધાર્થ આ અધિકારીઓથી યુક્ત હતા

'આવશ્યકચૂર્ણિ' માં પણ આના જેવુંજ વર્ણન મળે છે.

જો જેકોબીની માન્યતા પ્રમાણે તેઓ માત્ર 'ઉમરાવ' હોત તો' 'શ્રેષ્ઠી' શબ્દનો પ્રયોગ કર્યો હોત, નહિ કે રાજા શબ્દનો પ્રયોગ

ક્ષત્રિયનો અર્થ સાધારણ ક્ષત્રિય સિવાય રાજા પણ થાય છે આ વાતને ટેકા ટીકાકારો અને કોશોથી મળે છે

"क्षत्र तु क्षत्रियो राजा राजन्गो बाहुसभवः।"

—अभिधानचिन्तामणि सटीक पृष्ठ–३४४

આ પ્રમાણે ક્ષત્રિય, ક્ષત્ર વગેરે શબ્દોનો પ્રયોગ રાજા માટે પણ થાય છે પ્રવચનસારોદ્ધાર પત્ર ૮૪માં 'महसेणे य खत्तिए' ઉપર ટીકાકાર ટીકા કરતાં લખે છે चन्द्रप्रभस्य महासेनः क्षत्रियो राजा"। આથી એ સ્પષ્ટ છે કે પ્રાચીન પરમ્પરામાં રાજાના ઠેકાણે ગ્રન્થકારો ક્ષત્રિય શબ્દનો પણ પ્રયોગ કરતા હતા અમારી આ માન્યતાની પુષ્ટિ 'ટ્રાઈબ્સ ઈન એન્શિયન્ટ ઈંડિયા' પૃષ્ઠ ૩૨૨માં ડૉ વિમલચરણ લૉ એ પણ કરી છે

Savaraswami in his commentary in the Purvamimansa Sutra, Book II says that the word

raja is a synonym for hsatriya and states that even in his time the word was used by the Andhras to designate hsatriya.

પૂર્વમીમાંસાસૂત્રની ટીકામાં શબરસ્વામીએ લખ્યું છે કે રાજા શબ્દ ક્ષત્રિયનો પર્યાયવાચી હતો અને ટીકાકારના સમયમાં પણ આંધ્રના લોકો ક્ષત્રિય માટે રાજા શબ્દનો પ્રયોગ કરતા હતા.

વજ્જી સંઘનો અધ્યક્ષ રાજા ચેટક હતો, એમ નિરયાવલિયાઓના પૃષ્ઠ ૨૭ માં લખ્યું છે. આની સહાયતા માટે સંઘમાંથી ૯ લિચ્છવિઓ અને ૯ મલ્લો શાસન ચલાવવા માટે ચૂંટવામાં આવતા હતા. આ ગણ રાજા કહેવાતા હતા. આ ગણ સંઘમાં જાતક પ્રમાણે ૭૭૦૭ સદસ્યો હતા. એઓ રાજા કહેવાતા હતા. આમાંના દરેકને ઉપરાજ, સેનાપતિ, ભાંડાગારિક (કોષાધ્યક્ષ) પણ હતા. આ માટે જાતકનો પુરાવો નીચે પ્રમાણે છે —

'तत्थ निच्चकालं रज्जं कारेत्वा वसन्तानं येव राजूनं सत्तसहस्सानि सत्तसतानि सत्त च राजानो होन्ति, तत्तका, येव उपराजानो, तत्तका सेनापतिनो तत्तका भंडागारिका।'

—एकपण्णजातक पृ १ ५ भारतीय शासन पद्धति.

આ ૭ ૭ રાજાઓમાં એક રાજા સિદ્ધાર્થ પણ હતો.

૫—ભગવાન્ મહાવીર સ્વામીની જન્મભૂમિ ડૉ. હારનલની માન્યતા પ્રમાણે કોલ્લાગ સન્નિવેશ છે કારણકે કોલ્લાગ એ વૈશાલીનુ એક પરુ હતું, એમ ડૉ સાહેબનું માનવુ છે અને તેથી વૈશાલીને પણ જન્મભૂમિ માને છે પરન્તુ અમે ઉપર એ સ્પષ્ટ કરી દીધુ છે કે કોલ્લાગ અને વૈશાલી બન્ને ભિન્ન ભિન્ન નગર હતાં, એક બીજા પાસે જરૂર હતાં. ભગવાન્‌ની જન્મભૂમિ વાસ્તવમાં કુડપુર (ક્ષત્રિયકુડ) હતી અહી ભગવાને ૩૦ વર્ષની ઉમર સુધી પોતાનુ જીવન ગાળ્યું હતું આ શહેરની બહાર રહેલા નાયસ ડવણમાં ભગવાને દીક્ષા લીધી હતી અને અહીથી પુલ-માર્ગે કર્મારગ્રામ પહોચ્યા અને રાત્રિ વિતાવી બીજે દિવસે સવારે કર્મારગામથી વિહાર કરીને કોલ્લાગ સન્નિવેશમાં ગયા

ઘણુ કરીને ડૉ સાહેબને ભ્રાન્તિ એટલા માટે થઈ કે કુડપુરમાં જ્ઞાતકુલના ક્ષત્રિયો રહેતા હતા અને કોલ્લાગમાં પણ જ્ઞાતકુલના ક્ષત્રિયો. તેથી તેઓએ બન્નેને એક સમજીને વર્ણન કર્યું છે

(૬) ડૉ જેકોબીનુ માનવુ છે કે જન ગ્રન્થોમાં ત્રિશલા માતાને બધે ઠેકાણે ક્ષત્રિયાણી રૂપેજ લખ્યા છે, દેવી તરીકે નહિ અમે એ ઉપર બતાવી ચૂકયા છીએ કે ક્ષત્રિયનો અર્થ કોશ અને ટીકાકારોની માન્યતા પ્રમાણે 'રાજા' પણ થાય છે એ રીતે ક્ષત્રિયાણીનો અર્થ 'દેવી

અથવા 'રાજ્ઞી' પણ થાય છે સાધારણ રીતે ભારતીય શબ્દ પ્રયોગની પરંપરા એવી છે કે ક્ષત્રિયવંશની સાથે સંબંધ હોવાથી વારંવાર ક્ષત્રિય શબ્દનો ઉપયોગ નથી કરાયો, પરંતુ ક્ષત્રિયવંશ સાથે સંબંધ હોવા છતાં જો કંઈ બહાદુરીનું કામ કર્યું હોય અથવા રાજકુળની સાથે સંબંધ હોય તો એમ કહેવામાં આવે છે કે જો તો ક્ષત્રિય પુત્રને તેના સન્માન માટે ક્ષત્રિયશબ્દનો પ્રયોગ કરવામાં આવે છે

આ સિવાય જૈન શાસ્ત્રોમાં ત્રિશલા માતાને ઘણે ઠેકાણે દેવીરૂપે વર્ણવ્યા છે. પહેલા કહેલા ક્ષત્રિયકુંડવાળા પ્રકરણમાં અમે આચાર્ય પૂજ્યપાદે રચેલી 'દશભક્તિ'થી એક શ્લોક ઉદ્ધૃત કર્યો હતો તેમાં માતા ત્રિશલા માટે દેવીશબ્દનો પ્રયોગ કર્યો છે. તે પંક્તિ આ પ્રમાણે છે—

देव्यां प्रियकारिण्यां सुस्वप्नान् संप्रदर्श्य विभुः

બીજા ગ્રંથોમાં પણ દેવીનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

(ક) ददर्श त्रिशलादेवी सुखिता स्वप्नमुत्तमम् ॥ ३३ ॥

(ખ) उपसृत्यागमो देव्यामवस्वापिनीं ददौ ॥ ५४ ॥

(ગ) देव्याः पार्श्वे च भगवत्प्रतिरूपं निधाय सः । ५५ ।

(ઘ) उवाच त्रिशलादेवी सदने नरस्त्वागमः ॥ १०१ ॥

—त्रिषष्टिशलाकापुरुषचरित्र पर्व १ सर्ग २

(ક) तस्स घरे त साहर तिसलादेवीए कुच्छिमि ।५१।

(ખ) सिद्धत्थो य नरिन्दो तिसलादेवी य रायलोओ य ॥६१॥

महावीरचरिय ક્રમશ પત્ર ૨૮ અને ૩૩ ઉપર

(૭) ડૉ હારનલ સન્નિવેશનો અર્થ 'લત્તો' કરે છે. અને ડૉ જેકોબીની માન્યતા પ્રમાણે તેનો અર્થ 'પડાવ' થાય છે. આ પ્રમાણે બને વિદ્વાનોએ ઉક્ત શબ્દનો ખોટો અર્થ કર્યો છે કારણ કે સન્નિવેશ શબ્દના ઘણા અર્થ થાય છે. તેમાંનો એક અર્થ ગામ પણ છે, જે અહીં ઉપયુક્ત છે

(ક) पाइअसद्दमहण्णव ના પૃષ્ઠ ૧૦૫૪ ઉપર સન્નિવેશના અર્થો નીચે પ્રમાણે લખેલા છે ૧ નગરના બહારનો પ્રદેશ, ૨ ગામ, નગર વગેરે સ્થાન, ૩ યાત્રી વગેરેનો પડાવ, ૪ ગ્રામ, ગામ વગેરે, ૫ રચના વગેરે

(ખ) सन्निवेशो घोपादिः एपा द्वन्द्वस्ततस्तेपु, अथवा ग्रामादयो ये सन्निवेशास्ते तथा तेपु ।'

——શ્રીમદ્ ભગવતી સૂત્ર ટીકા, પ્રથમ ખંડ, પૃષ્ઠ ૮૫

(ગ) નિશીથ ચૂર્ણિમાં સન્નિવેશનો અર્થ આપ્યો છે

"सत्थाग्रामणत्थाण सण्णिवेसो गामो वा पीढितो संनिविट्ठो जत्तागतो वा लोगो सन्निविट्ठो सो सण्णिवेस भण्णति।"

अभिधानराजेन्द्र, भाग सप्तम पृष्ठ ३०७

(૫) ' निषिद्धो ग्राम यत्र सार्थ आवासितः, आदि शब्देन ग्रामा वा अन्यत्र अभिनव सन् पत्तनादावागमविषसति यत्नीयं वा मता साधु यत्र तिष्ठति एवः सर्वत्रापि निषेध कल्पते।"

—बृहत्कल्पसूत्रटीका विभाग २, पत्र ३४२-३४५

/ ઉત્તમ સ્વામી આ વાપરેલ 'उत्तमीयमध्यमकुलाय' ના આધારે ૨૯. હરનતે વાણિયાગામના સાધુ વિહાર કરવાનો પ્રયત્ન કર્યો છે. દુઃસ્વપ્ન આવેલા વૈશાલીના વર્ણન સાથે તેને સમયમાં જોડવાના પ્રયત્ન કરીને વૈશાલી અને વાણિયા ગામને એક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જૈન શાસ્ત્રોમાં સાધુઓ માટે નિયમ છે કે બધું ક્યાંય પણ ગામ, નગર સન્નિવેશ, કે કર્બટ વન મા—ભિક્ષા માટે અમ ત્યાં કોઈ પણ બાનના વર્ગ કે વર્ણના ન... ...નીચ અને મધ્યમ કુળોમાં ભિક્ષા માટે ફરે. ...ના જૂના ...માટે ફરક કર્યો છે પણ વાણાને ...ના ...નીને ભિક્ષાની અનુમતિ આપતાં છે, નીચ અને ...વેશ્યા ભિક્ષા લેવાની આજ્ઞા આપી છે.

गच्छ —उत्तमाधम मध्यमकुलवाकारविदित भिक्षान्नम्

दृष्टान्तचिह्नाय हारिभद्रीयटीका पत्र १६१

---

...ભેદ )
...ભિક્ષા

આ ઉપરથી આને આધાર તરીકે માનવાનો પ્રયાસ કરવો એ નકામું છે આજ પ્રમાણે 'અંતગડદસાઓ' માં પણ એજ કહેવામાં આવ્યુ છે કે ભગવાને પુલાસપુર, દ્વારિકા વગેરેમા ઊચ, નીચ અને મધ્યમ કુળોમા ભિક્ષા લેવાનો આદેશ કર્યો હતો. એજ પ્રમાણે ભગવતીસૂત્ર વગેરે અન્ય ગ્રન્થોમાં પણ એવુ જ વર્ણન આવે છે એની તુલના 'કુલ' માં આવતા વૈશાલી પ્રકરણથી પણ કરી શકાય છે?

આવીજ રીતે શ્રીમતી સ્ટીવેન્સને ડૉ. હારનલની ભૂલોનું પુનરાવર્તન કરવા સાથે એક ભયંકર ભૂલ એ કરી છે કે ભગવાનને વૈશ્ય-કુલોત્પન્ન બતાવ્યા છે.

(જુઓ Heart of Jainism પૃ ૨૧-૨)

પરન્તુ આ માન્યતાની કોઈ પણ રીતે પુષ્ટિ થતી નથી

**આધુનિક માન્યતા**

આજકાલ ક્ષત્રિયકુડ ક્યાં માનવામા આવે છે એનો ખ્યાલ અમને શ્રીમુંબઈ જૈન સ્વયસેવક મડલ રજતમહોત્સવ

---

થંને સામાન્ય ક્ષત્રિય બનાવવા છતા પણ તેમના ગણપણાનો સ્વીકાર કર્યો છે (જુઓ પૃષ્ઠ ૭૮) એવી જ રીતે વિદેહ, મિથિલા, વૈશાલી અને વાણિજય ગામને એક માનવામા આવ્યા છે જેનો ઉપર પ્રતિકાર કરવામા આવ્યો છે એ પ્રમાણે પૃ૦ ૮૧ ઉપર 'કુલ'નો અર્થ ઘર કર્યો છે, તે પણ ઠીક નથી. એનો અર્થ ખાનદાન થઈ શકે છે ઘર નહી પૃષ્ઠ ૨૮૯ ઉપર આનદને જ્ઞાતકુલના લખ્યા છે જે સર્વથા ભ્રાન્તિમાં નાખનાર છે આનદ કૌટુમ્બિક હતા, જ્ઞાતૃક નહિ

સ્મારકમન્દિર ભવન ૨૦ ૧ પૃષ્ઠ ૫૦ થી પણ પ્રાપ્ત થાય છે. પણ ગ્રન્થ છે લક્ષ્મીનરાયણ જંક્શન ઉતરીને ૧૮ માઈલ દૂર ગંડકા વિરુજ્જાક અને ક્ષત્રિયકુંડ ગામમાં જવા આવી આવવા મોટરબસથી જવાય છે. મોટી ધર્મશાળાની નજીક ભગવાન પ્રભુનું મનોજ્ઞ મંદિર છે. ધર્મશાળાથી દક્ષિણ તરફ ક્ષત્રિયકુંડ સાત ત ? જવાનો રસ્તો છે. ત્યાંથી બે માઈલ છે ત્યાં સામ સામે બે નાના મંદિરો છે. અહીંથી પર્વતનો ચડાવ શરુ થાય છ. આડબા કઠણ રસ્તો ચડયા પછી આગળ વધારે ક નુ અને કાંકરવાળો માર્ગ શરૂ થાય છે. અહીં સિંહ અને વાઘના ભય હોવાથી પ્રકાશ થયા પછી જ ચઢવું વધારે સલામત છે. મ ઘટ મેદાનની વચમાં કિલ્લાવાળું શ્રીમહાવીર પ્રભુનું મંદિર છે. અહીં આ જ ચોવીશમા તીર્થંકર (શ્રીમહાવીર સ્વામી)નું ચ્યવન, જન્મ અને દીક્ષા એ ત્રણ કલ્યાણક થયા હતા."

દિગમ્બરોની માન્યતા આ વિષયમાં આ પ્રમાણે છે—નાલંદાની પાસે ... દૂર એક કુંડપુર નામનું ગામ છે. એ ભગવાન મહાવીરની જન્મભૂમિ છે."

—જુઓ [illegible] ભાગ ૧ કિરણ ૬, પૃષ્ઠ ૬

આ માન્યતાઓને કંઈ પણ આધાર નથી. અમે પ્રમાણ આપી ચૂક્યા છીએ કે ભગવાનના વિશેષણો વિદેહ, વૈદેહદત્ત,

વિદેહજાત્ય અને વિદેહ સુકુમાલ તથા વૈશાલિક–થી એજ પ્રતીત થાય છે કે ભગવાનનો વિદેહાન્તર્ગત વૈશાલીની સાથે ઘનિષ્ઠ સબધ હતો અને તેના બીલકૂલ પાસેના સ્થાનમાં તેમની જન્મભૂમિ હોવી જોઈએ એ સિવાય તેમની બહુશાલચૈત્યમાં કરેલી સ્થિતિથી પણ તેમનો આ સ્થાન સાથે સબધ જણાય છે અને વૈશાલીમા કરેલા બાર ચોમાસા પણ આજ વાતનુ સમર્થન કરે છે સાક્ષર મુનિરાજ શ્રીકલ્યાણવિજયજીએ શ્રમણ ભગવાન્ મહાવીરમાં આજ વાતની પુષ્ટિ કરી છે તેઓ એ જ પુસ્તકની પ્રસ્તાવનાના પૃષ્ઠ ૨૭ મા લખે છે કે—

(૧) ભગવાનની દીક્ષાના બીજા દિવસે કોલ્લકસન્નિવેશમાં પારણા કરવાનો ઉલ્લેખ છે જૈનસુત્રો પ્રમાણે કોલ્લાક–સન્નિવેશ બે હતા, એક વાણિજય ગામની પાસે અને બીજુ રાજ ગૃહની પાસે જો ભગવાનની જન્મભૂમિ આધુનિક ક્ષત્રિયકુડ માનવામા આવે તો બીજે દિવસે કોલ્લાકમા પારણુ કરવાનુ અશકય હતુ કારણકે રાજગૃહવાળુ કોલ્લાક–સન્નિવેશ ત્યાથી લગભગ ચાલીસ માઈલ દૂર પશ્ચિમમાં આવે છે અને વાણિજય ગામવાળુ કોલ્લાક એનાથી પણ ઘણુ દૂર. તેથી એજ માનવું યુક્તિ યુક્ત થશે કે ભગવાને વૈશાલીની પાસે રહેલા ક્ષત્રિય–કુડના જ્ઞાતખંડવનમા દીક્ષા લીધી અને બીજે દિવસે વાણિજય ગામની પાસે 'કોલ્લાક' મા પારણુ કર્યુ.

(૨) ક્ષત્રિયકુડમા દીક્ષા લઈને ભગવાને કર્મારગામ

મોરાક-સન્નિવેશ, મોરાકસન્નિવેશ વગેરેમાં વિહાર કરીને અસ્થિકગ્રામમાં ચાતુર્માસ રહ્યા. અને ચોમાસા પછી પણ મોરાક વાચાલા, કનકખલ આશ્રમપદ અને શ્વેતવિકા વગેરે સ્થાનોમાં વિચર્યા પછી રાજગૃહ તરફ પ્રયાણ કર્યું અને બીજુ ચતુર્માસ રાજગૃહમાં કર્યું

ઉપરના વિહાર વર્ણનમાં બે મુદ્દાઓ એવા છે જે 'આધુનિક ક્ષત્રિયકુંડ અસલી ક્ષત્રિયકુંડ નથી' એવું સાબિત કરે છે પ્રથમ મુદ્દો એ છે કે ભગવાન પહેલું ચાતુર્માસ પુરૂં કરીને શ્વેતવિકા નગરી તરફ જાય છે અને બીજો મુદ્દો એ કે ત્યાંથી વિહાર કરીને ગંગા નદી ઉતરીને તેઓ રાજગૃહ તરફ જાય છે

શ્વેતવિકા શ્રાવસ્તીથી કપિલવસ્તુની તરફ વિહાર કરતાં રસ્તામાં આવતી હતી આ ભૂમિપ્રદેશ મગધના પૂર્વોત્તરમાં અને વિદેહના પશ્ચિમમાં પડતો હતો. અને એ પણ નિશ્ચિત છે કે ત્યાંથી રાજગૃહની તરફ જતાં વચ્ચે ગંગા નદી ઉતરવી પડતી હતી. આધુનિક ક્ષત્રિયકુંડની આસપાસ ન તો શ્વેતવિકા નગરી હતી. અને ન તો તે તરફથી રાજગૃહ તરફ જતાં ગંગા જ ઓળંગવી પડતી હતી એથી એ નિશ્ચિત થાય છે કે ભગવાનની જન્મભૂમિ આધુનિક ક્ષત્રિયકુંડ જે આજકાલ દક્ષિણ બિહારમાં ગિદ્ધોર રાજ્યમાં અને પૂર્વકાલીન પ્રાદેશિક સીમાનુસાર અંગદેશમાં પડે છે, એ નથી પરંતુ ગંગાથી ઉત્તરની તરફ ઉત્તર બિહારમાં ક્યાંક હતી અને તે સ્થાન પૂર્વોક્ત પ્રમાણો અનુસાર

વૈશાલીની પાસે રહેલુ ક્ષત્રિયકુંડ જ હોઈ શકે છે

—શ્રમણ ભગવાન મહાવીર પૃષ્ઠ ૨૭-૨૮

(३) वहिआ य णायस डे आपुच्छित्ताण नायए सव्वे।
दिवसे मुहुत्तसेसे कम्मारगाम समणुपत्तो ॥

वहिर्याच कुण्डपुरात् ज्ञातखण्ड उद्याने आपृच्छ्य ज्ञातकान्-स्वजनान् सर्वान्-यथासन्निहितान् तस्मात् निर्गतः कर्मारग्राम-गमनायेति वाक्यशेषः। तत्र च पथद्वयम्। तत्र च एको जलेन, अपरः स्थल्याम्, तत्र भगवान् स्थल्या गतवान्, गच्छ श्च दिवसे मुहूर्तशेषे कर्मारग्राम समनुप्राप्त इति गाथार्थः। ...तद्दिवसं सामिस्स छट्ठपारणय, तओ भगव विहरमाणो गओ कोल्लाग-सण्णिवेसे तत्थ य भिक्खट्ठा पविट्ठो वहुलमाहणगेह जेणामेव कुल्लाएसन्निवेसे वहुले माहणे। तेण महुघयसंजुत्तेण परमण्णेण पडिलाभिओ।

आवश्यकसूत्र हरिभद्रसूरिकृतटीका सहित १८७-१८८,

અર્થાત્—કુંડપુરની બહાર જ્ઞાતખંડ ઉધાનમાં પોતાના જ્ઞાતિ બંધુઓને પૂછીને કર્મારગામ તરફ જવા નિકળ્યા ત્યાં

જવાના બે રસ્તા હતા—એક જળમાર્ગ અને બીજો સ્થલમાર્ગ ભગવાન રૌપ્ય-ગામ (પુત્ર)થી આવ્યા અને દિવસ આથમવામાં એક મુહૂર્ત બાકી હતુ ત્યારે ત્યાં પહોંચી ગયા (રાત્રે કર્મારગામ રહ્યા અને બીજે દિવસે)....કોલ્લાકમાં પ્રવેશ કરતી વખતે તેમને છઠ્ઠનું પારણું હતું કોલ્લાક-સન્નિવેશમાં પહોંચ્યા પછી ભગવાને ભિક્ષામાટે બહુલ નામના બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં બહુલ બ્રાહ્મણે સાકર અને ઘીથી મિશ્રિત ખીરથી પારણું કરાવ્યું

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં લખ્યુ છે કે—નવમાં ચતુર્માસ પછી અનુક્રમે વિહાર કરતાં વૈશાલીથી નાવ દ્વારા ગંડકી નદીને પાર કરીને ભગવાન વાણિજ્યગ્રામ પધાર્યા.

ततः प्रतस्थे भगवान् ग्रामं वाणिजकं प्रति ।

मार्गे गण्डकिकां नाम नदीं नावोत्ततार च ॥

त्रिषष्टिशलाका० ३ पर्व, १० श्लो० ११,

અર્થાત્ વૈશાલીથી વાણિજ્યગ્રામની તરફ જવા માટે ભગવાને ગંડકી નદી પાર કરી. આનાથી નિશ્ચિત થાય છે કે આ બન્ને ગામો ગંડકીનદીની બન્ને પાસે હતા.—વૈશાલી, કુંડપુર,

કર્મારગ્રામ, કોલ્લાગ, વાણિજ્યગ્રામ અને દુઇપલાસચૈત્ય
(૪) વૈશાલી અને વણિકગ્રામ પાસે પાસે હતા

वेसालि नगरिं वाणियगाम च नीसाए दुवालस अन्तरावासे वासावासं उवागए। ... वैशाल्याः नगर्याः वाणिज्यग्रामस्य च निश्रया द्वादश चतुर्मासकानि वर्षावासार्थमुपागतः।

—अभिधानराजेन्द्रकोष भाग ६ पृ३ १८८४

(૫) અભિધાનરાજેન્દ્રકોષમાં વાણિજ્યગ્રામ, દ્વિપલાશચૈત્ય અને કોલ્લાગસન્નિવેશને પાસે પાસે બતાવ્યા છે

" तेणं कालेणं तेणं समएणं वाणियगामे नामं नयरे होत्था। वण्णओ॥ तस्स वाणियगामस्स नयरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए दूइपलासए नाम चेइए। तस्स ण वाणियगामस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं कोल्लाए नाम संनिवेसे होत्था। ..वाणियगाम नयरं मज्झं मज्झेण निग्गच्छइ, २ त्ता जेणेव कोल्लाए संनिवेसे, जेणेव नायकुले, जेणेव पोसहसाला, तेणेव उवागच्छइ। ..तएण से भगवं गोयमे वाणियगामे नयरे, जहा पण्णत्तीए तहा, जाव भिक्खायरियाए अडमाणे अहापज्जत्त भत्तपाण सम्मं पडिग्गाहेइ

२ वा वाणियगामाओ पडिणिग्गच्छइ, २ त्ता कोल्लायस्स संनिवेसस्स अदूरसामन्तेण वीईवयमाणे, बहुजणसद्दं निसामेइ। बहुजणो अन्नमन्नस्स एवमाइक्खइ ४

— उपासकदशांगे अ. १ पृ. ७७ सू. ३ से ७

અર્થાત્—તે કાળ અને તે સમયમાં વાણિજ્યગ્રામ નામનું નગર હતું. વર્ણન. તે વાણિજ્યગ્રામ નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં દ્વિપલાશ નામનું ચૈત્ય હતું. તે વાણિજ્યગ્રામની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં અહીં કોલ્લાગ નામનો સન્નિવેશ હતો. વાણિજ્યગ્રામ નગરની બીજાપુર વનમાં થઈને નિકળી છે, જ્યાં કોલ્લાગ નામનો સન્નિવેશ છે, જ્યાં જ્ઞાતકુલ છે જ્યાં પૌષધશાળા છે ત્યાં જ (ગ્રામ કે—ગ્રામક) આવે છે. તે વખતે ભગવાન ગૌતમસ્વામી વાણિજ્યગ્રામ નગરમાં, જેવી રીતે ભગવતી સૂત્રમાં બતાવ્યું છે તેવી રીતે ભિક્ષાને માટે ફરતાં જેમ બતાવ્યું છે તેમ ભોજન-પાણી સારી રીતે ગ્રહણ કરે છે ગ્રહણ કરીને વાણિજ્યગ્રામથી પાછા ફરે છે પાછા ફરતાં કોલ્લાગ સન્નિવેશના સમીપમાં પરસ્પર બોલતા ઘણા માણસોના શબ્દોને સાંભળે છે ઘણા માણસો આપસમાં આ પ્રમાણે બોલે છે

ઉપસંહાર :

હવે સંક્ષેપમાં અમે જે નિષ્કર્ષ ઉપર પહોંચ્યા, તે લખીયે છીએ.

૧. આધુનિક સ્થાન જેને ક્ષત્રિયકુંડ કહેવામાં આવે છે અને જે લિચ્છુઆડની પાસે બતાવવામાં આવે છે, તે મુંગેર જિલ્લાની અંદર છે મહાભારતમાં આ પ્રદેશનો એક સ્વતંત્ર રાજ્ય-'મોદાગિરિ'ના નામથી ઉલ્લેખ કર્યો છે જે અંતમાં અંગદેશની સાથે મેળવવામાં આવ્યો હતો, મતલબ કે પ્રાચીન ઐતિહાસિક યુગમાં આ સ્થાન વિદેહ દેશમાં ન હતું. પરન્તુ અંગદેશ અથવા મોદાગિરિની અંતર્ગત હતું. તેથી આ સ્થાન ભગવાનની જન્મભૂમિ ન હોઈ શકે

૨ આધુનિક ક્ષત્રિયકુંડ પર્વત ઉપર છે, જ્યારે પ્રાચીન ક્ષત્રિયકુંડની સાથે શાસ્ત્રોમાં પર્વતનું કોઈ વર્ણન નથી મળતું. વૈશાલીની આસપાસ કોઈ પહાડ નથી, તેથી તેજ સ્થાન ભગવાનનું જન્મસ્થાન હોવાનો વધારે સંભવ લાગે છે

૩ આધુનિક ક્ષત્રિયકુંડની તળેટીમાં એક નાળુ છે ગંડકી નદી નથી ગંડકી નદી આજે પણ વૈશાલીની પાસે

જ નિરન્તર વહે છે

૪ શાસ્ત્રોમાં વૈશાલીની પાસે ક્ષત્રિયકુંડ બતાવ્યું છે, જ્યારે આધુનિક ક્ષત્રિયકુંડ વૈશાલીની પાસે નથી.

૫. વિદેહ-દેશ ગંગાની ઉત્તરમાં છે જ્યારે આધુનિક ક્ષત્રિયકુંડ ગંગાની દક્ષિણમાં છે.

ઉપરના નિષ્કર્ષોથી એ સ્પષ્ટ સાબીત થાય છે કે લિચ્છુઆડની પાસેના પર્વત ઉપર રહેલા સ્થાનને ભ્રાન્તિવશ ક્ષત્રિયકુંડ માની લેવામાં આવ્યું છે અહીં આ ભગવાનનું ચ્યવન જન્મ કે દીક્ષા કોઈ પણ કલ્યાણક નથી થયું

શાસ્ત્રના આધારે અમારું એ માનવું છે કે જે સ્થાન અત્યારે બસાઢના નામથી પ્રસિદ્ધ છે, તે જ પ્રાચીન વૈશાલી છે અને તેની જ પાસે સ્થિત ક્ષત્રિયકુંડગામ હતું જ્યાં ભગવાનના ત્રણ કલ્યાણકો થયા હતા આજ સ્થાનની પાસે આજ સુધી વાણિયાગામ,કુમનછપરા ગામડી અને કોલ્હુઆ વિદ્યમાન છે આ ક્ષત્રિયકુંડ આજકાલ વાસુકુંડના નામથી પ્રસિદ્ધ છે આધુનિક વાણિજ્યક વિદ્યા । પણ વાસુકુંડને જ પ્રાચીન ક્ષત્રિયકુંડ માને છે અહીંના નિવાસીઓ પણ એમજ માને છે.

કે ભગવાનનો જન્મ અહીંયા જ થયો હતો. સન્ ૪૧માં અમે સ્વયં અહીં ત્રણ ચાર દિવસો રહીને બસાઢ, કુમનછપરાગાછી, કોલ્હુઆ, વાણિયાગામ અને અશોકસ્તંભ વગેરેનું નિરીક્ષણ કર્યું હતું પરન્તુ નદીનો પ્રવાહ બદલાઈ જવાથી વાણિયાગામ, કોલ્લાગ, અને કમારગ્રામ નદીના પૂર્વભાગમાં આવી ગયાં છે

---

૧ આજ વૈશાલીમાં જે કુંડગ્રામ છે તેજ શ્રીમહાવીર સ્વામીનુ જન્મ સ્થાન છે. ત્યાં તીર્થંકરોની મૂર્તિઓ નિકળવાથી આ વાત પ્રગટ થાય છે

—પ્રાચીન જૈન સ્મારક (બ્રહ્મચારી શીતલપ્રસાદજી) પૃ. ૨૮



# 'વૈશાલી'ના સમ્બન્ધમાં કેટલાક મહત્ત્વના અભિપ્રાયો.

(૧)

ભારતીય ઇતિહાસના સંશોધનમાં હજી ઘણી શોધખોળ કરવાની જરૂર છે. ભારતના પ્રાચીન ઇતિહાસના પ્રસિદ્ધ સ્થળોની શોધખોળ હજી ઘણું જ કરવું બાકી છે. પ્રાચ્ય વિદ્યાના વિદ્વાન મુનિ જિનવિજયજીએ આ વિષયમાં ખૂબ મહત્ત્વપૂર્ણ કામ કર્યું છે. ભારતીય ઇતિહાસમાં સુવિખ્યાત પ્રાચીન નગરોમાં વૈશાલીનું એક સ્થાન છે. બૌદ્ધ અને જૈન ગ્રંથોમાં એનો ઘણો જ ઉલ્લેખ મળે છે. આવા મહત્ત્વપૂર્ણ સ્થળના સંશોધનમાં આ પ્રામાણિક અને ઉપયોગી પુસ્તક લખીને લેખકે હિન્દી સાહિત્યની પ્રશંસનીય સેવા કરી છે.

(મિલાપ)

(૨)

વૈશાલી બૌદ્ધ-કાળનું એક પ્રસિદ્ધ નગર હતું. આ નગરનું જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં ખૂબ વર્ણન આવે છે. પ્રસ્તુત પુસ્તકમાં આ વિષયના વિદ્વાનોએ તે પ્રાચીન નગરના સ્થાનની શોધખોળનો પ્રયત્ન કર્યો છે. તેમનો એ નિષ્કર્ષ કે આધુનિક બસાઢ જ પ્રાચીન વૈશાલી છે તે હવે એ આધારિત, સિદ્ધ. વૈશાલી સંબંધમાં જૈન, વૈદિક તથા બૌદ્ધ ગ્રંથોમાંથી પ્રમાણો આપવામાં આવ્યાં છે. જૈન અને વૈદિક ગ્રંથોના ઉદ્ધરણ તો મૂળ પુસ્તકમાંથી આપેલાં છે, પરન્તુ બૌદ્ધ ગ્રંથોના મૂળ ઉદ્ધરણ ન આપીને અંગ્રેજીમાંથી અનુવાદિત કરવામાં આવ્યા છે. તે મૂળ પાલીમાંથી જ લેવામાં આવ્યા હોત તો વધુ સારું.

પ્રસ્તુત પુસ્તક વાચવાથી એ જણાય છે કે વૈશાલીની પાસે કેટલાક એવા સ્થાન છે, જેનો મહાવીર સ્વામીની સાથે ઘનિષ્ઠ સબધ છે આ સ્થાનો વાણિજ્યગ્રામ, કોલ્લાગ-સન્નિવેશ, કર્મારગ્રામ, અને ક્ષત્રિયકુડપુર છે લેખકે આની ઓળખાણ આધુનિક વાણિયાગામ, કોલ્હુઆ, કૂમનછપરગાછી અને વાસુકુડથી કરી છે જો કે જૈનોની આધુનિક માન્યતાનુસાર મહાવીરસ્વામીનુ જન્મસ્થાન લિચ્છુઆડની પાસે અથવા નાલન્દાની પાસે છે પરન્તુ લેખકે પ્રાચીન ગ્રન્થોના આધારે એ સિદ્ધ કર્યું છે કે આ બન્ને માન્યતાઓ ઠીક નથી પરન્તુ જે સ્થાનોની ઓળખાણ લેખકે કરી છે, તેજ સ્થાનો મહાવીર સ્વામીથી સબધ રાખે છે

આવી જ રીતે જૈન શાસ્ત્રો ઉપર વિવેચન કરતા ડૉ હારનલ અને ડૉ જેકોબીએ કઈક વિભિન્ન સ્થાપનાઓ કરી છે સભવત તે ભૂલો ભારતીય પરપરાને નહી સમજવાને કારણે થઈ છે આ બન્ને વિદ્વાનોના પક્ષનુ નિરાકરણ પણ લેખકે અત્યન્ત વિદ્વતાપૂર્ણરીતે કર્યું છે

એકદર પુસ્તક અત્યન્ત ઉપયોગી તથા મનનીય છે કેવળ સામાન્ય વાચકોને જ નહિ, પરન્તુ ઇતિહાસના વિદ્યાર્થીઓ માટે પણ કઈક નવી સામગ્રી પ્રસ્તુત કરે છે

સાપ્તાહિક ‘ વીર અર્જુન ’ તા ૨૮

સવત ૨૦૦૩ શ્રાવણ

( ૩ )

ભગવાન્ મહાવીરનું મોસાળ વૈશાલીમાં હતું જે લિચ્છિવી ક્ષત્રિઓની રાજધાની હતી. આધુનિક મુજફ્ફરપુર જિલ્લાનુ બસાઢ ગામ પ્રાચીન વૈશાલીનું જ પ્રતિરૂપ છે ત્યાં જ વૈશાલી વસેલું હતુ તેની પાસે જ જ્ઞાતૃક્ષત્રિયોનુ પ્રમુખ શહેર કુડગ્રામ હતુ

ક્યાં ભગવાન મહાવીર જન્મ્યા હતા. એની વાત છે ? એકે પિતાના આ અને માતાને ભૂલી ગયા. એની આસપાસમાં ચતુર પુસ્તકનું પ્રકાશન સમય ઉપર થયું છે એમાં તેના આપણા વિદ્વાનોની છે, તેઓએ આ પુસ્તકમાં વૈશાલીનું પ્રાચીન અને અર્વાચીન રૂપ સ્પષ્ટ રીતે બતાવી દીધું છે અને અત્યંત પરિશ્રમપૂર્વક ખાસ કર્યું છે. પુરાતત્ત્વપ્રેમીઓએ આને જરૂર વાંચવું જોઈએ.

જૈનોએ આને વૈશાલી અને ક્ષત્રિયકુંડને ભૂલાવવાનો ઘણો ઉદાર કર્યો. જોકે પુસ્તકમાં ભગવાન મહાવીર તથા જૈનધર્મને દેરો, તથા નકશાઓ નાખીને જ આપી છે. તેઓ ભગવાન મહાવીરના સમયમાં આજીવિકોને પૂર્વમાં બંગાળ સુધી દક્ષિણમાં ગોદાવરી સુધી પશ્ચિમમાં ગુજરાત સુધી અને ઉત્તરમાં કુમાઉ દેશ (શ્રાવસ્તી) સુધી ફેલાવ્યો છે આ બાબતને સિદ્ધ કરી બતાવી. તે વખતે ભારત પ્રદેશમાં ધર્મની માન્યતા વિશેષ હતી હતી. તેથી અત્યારના એને આશ્ચર્ય થશે? કિંતુ તેથી એ વાત સમજવામાં નથી આવતી કે વર્તમાન ભારત આજકાલ ન થયું. જૈન-શાસ્ત્રોમાં તો આજ પણ એની સ્થિતિ અને વિસ્તાર તો ઘણો વધારે છે. તેથી શાસ્ત્રનો એક ભાગ જ આજ-નો કેમ માની શકાય!

મોરબી તા. ૨૮-૧૨-૪૬

(૪)

આપ જૈન સાહિત્યના આધારે પ્રાચીન વૈશાલી ઉપર જે પ્રકાશ પાડ્યો છે તે ઘણો જ મહત્ત્વનો છે.

પ્રો. મિલીચંદ જૈન એમ.એ. એલએલ.બી.

મુંબઈ. તા. ૧-૮-૪૬

(૫)

ખરેખર આપે આધુનિક મહત્ત્વ-ભર્યાને ભાગીરથીસ્વામીને

જન્મભૂમિ સિદ્ધ કરીને જૈનસમાજમાં પ્રચલિત એક મોટા ભ્રમને દૂર કર્યો છે તે માટે જૈનસમાજ જ નહી પરન્તુ સમસ્ત વિદ્વત્ સમાજ આપનો ઋણી રહેશે

મારી સમ્મત્તિમા જૈનસમાજની તરફથી વૈશાલીમા એક વિશાળ અનુસન્ધાન ભવન અને અતિથિશાળાની રચના થવી જોઇએ વૈશાલીમાં આ વસ્તુઓની ન્યૂનતા ઘણી જ ખટકે છે જૈનસમાજમાં જેવો ધર્મ પ્રેમ છે, તે જ પ્રમાણે તેની પાસે ધનની બહુલતા પણ છે તેથી આ કાર્ય કઈ મુશ્કેલ નથી

પ્રો યોગેન્દ્ર મિશ્ર એમ એ સાહિત્યરત્ન
ઇતિહાસ વિભાગ, મુશીસિંહ કોલેજ
મોતીહારી, તા ૮-૯-૪૬

( ૬ )

ઇતિહાસ પ્રસિદ્ધ વૈશાલી નગરીની ભૌગોલિક સ્થિતિને પ્રમાણિત કરવા માટે જૈનાચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિજીની "વૈશાલી" નામક પુસ્તક સપ્રમાણ અને ઉપયોગી છે આવુ આધારયુક્ત વિવેચનાપૂર્ણ પુસ્તક પ્રગટ કરવા માટે અમે આચાર્ય સૂરિજીને હાર્દિક અભિનન્દન આપીએ છીએ

આશા છે કે ઐતિહાસિકો આમાં આપેલા પ્રમાણો અને તર્કો ઉપર સારી રીતે વિચાર કરીને શ્રી સૂરિજીના પ્રયત્નોનો આદર કરશે.

વિશ્વેશ્વરનાથ રેઉ
જોધપુર તા ૧૯-૮-૪૬

( ૭ )

આપની પુસ્તક વૈશાલી ધ્યાનપૂર્વક વાચી સુન્દર તેમજ સર્વાંગ-

પણ રચના થઈ છે. ઉક્ત નગરીની ભૌગોલિક પરિસ્થિતિ નિશ્ચિત કરવા માટે આપે મેકિંડલ ગ્રીક અને ચીની લખેલાં પ્રવાસવર્ણનોના દષ્ટિબિંદુનો આધાર લીધો છે. તેમજ તેમનું મત કયાં નિર્ભર ઉપર યોજાયા છે, આ લેખ વિશેષતા છે. પાલનપુર વિદ્વાનોએ સ્થાનિક (*Local*) લોકોની માન્યતાના કારણે જે માન્ય રાખ્યું હતું ખરી છે તે પુરાવાઓ પણ આપે અસરકારક પ્રયત્ન કર્યો છે. આપની આ પુસ્તક ઐતિહાસિકો માટે ઘણી જ આવકાર થશે.

મને હજુ પણ ખાત્રી થઈ છે કે આપનો પ્રકાર પ્રાચીન ભારતીય ઇતિહાસના ખાસ વિદ્વાનો અને વિદ્યાર્થીઓમાં થશે. પ્રાચીન ભારતીય ઇતિહાસની જીવતી ગુપ્ત નગરીઓના સંબંધમાં પણ કોઈ આવા પુસ્તિકામાં પ્રકાશિત થઈ શકે ઉચિત થશે છે. આશા છે કે આપની આ પુસ્તિકા તે દિશામાં માર્ગદર્શક બનશે.

મહારાજ કુમાર રઘુબીરસિંહ સીતામઉ, (માળવા)

તા. ૧૪-૮-૪૧

(૮)

“ભદ્રાવતી” ઉપર લખેલા નિબંધની એક પ્રત મેળવીને ખરે ખૂબ ખુશી, એ આપની કૃપા છે. મેં આખો અભ્યાસપૂર્વક વાંચી. આ વિષયોમાં સંશોધનો પરિશ્રમ છે. અને મેં બધી રીતે આપની અત્યંત લેખોની (સ્થળોનો વિસ્તાર પૂરક સમાવેશ છે) હું આપની જેવું છું. કે સમય આવીને આપ આવા પ્રકારના નિબંધ ભદ્રાવતી વિગેરે ઉપર પણ લખો।

ડૉ. આ. ને. ઉપાધ્યે

રાજારામ કૉલેજ કોલ્હાપુર ૧૫ અગસ્ત ૧૯૪૧

(૯)

૩ અગસ્તનુ પોસ્ટકાર્ડ અને આપની વૈશાલી ઉપર લખેલી પુસ્તક બુકપોસ્ટથી પ્રાપ્ત કરીને મને ઘણો જ આનંદ થયો પુસ્તક વાચીને ખરેખર મને અત્યન્ત પ્રસન્નતા થઈ હુ 'નગરની ઓળખાણ' ના આપના દૃષ્ટિકોણથી પૂર્ણરૂપથી સહમત છુ.

ડૉ પી એલ. વૈદ્ય–પૂના

૧૪ અગસ્ત ૧૯૪૬

(૧૦)

વૈશાલીની પુસ્તક મળી. સાદ્યન્ત એને વાચતા મનમા ઘણીજ પ્રસન્નતા થઈ ભારતની પ્રાચીન નગરીઓ માટે આવા અભ્યાસપૂર્ણ પ્રમાણ પુરસ્સર લેખોની ઘણીજ જરૂર છે આપે વૈશાલીના ભૌગોલિક સ્થાનનો નિશ્ચય વૈદિક, બૌધ્ધ અને જૈન પ્રમાણોથી કર્યો તેથી તે માનનીય છે સાથે જ થોડો રાજકીય ઇતિહાસ આપવાથી પુસ્તકની મહત્તા વધી જાય .

પ્રો ડોલરરાય રગીલદાસ માકડ

તા ૧૬–૮–૪૬ ગુજરાત નગર, કરાંચી ૫

(૧૧)

બન્ને પુસ્તકો વાચ્યા વૈશાલીની કેટલીક વાતો મારા માટે નવી છે એનો ઉપયોગ મારા 'ભારતવર્ષના ઇતિહાસ'માં કરીશ આપે બધો વિષય એક ઠેકાણે ભેગો કરવાનો મહાન પરિશ્રમ કર્યો છે તે માટે અમે આપના આભારી છીએ. આપની સૂક્ષ્મ વિચારણાથી ખૂબ જ આનંદ થયો

ભગવદ્દત્ત બી એ

તા ૧૩–૯-૪૬ વૈદિક રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ

લાહોર.

(૧૨)

આપે જે ( મેહસાણી—પુસ્તક)માં ? દર્શાવ્યું છે તે સ્વાભાવિક છે કે તો હજી મેહસાણી પશિષ્ટ નથી થઈ. મેહસાણીના ઝડપીન પોષણ અને સ્વાસ્થ્ય વગેરે ન જાય વિસ્તારથી લખ્યું તો ઠીક થાત । ૪ —૧ પાનાનું પુસ્તક કંઈક ઉપયોગી થાય. હવે આપે જ સ્થાપનામાં કરી છે તેમ ઉત્પન્નકોની ગ્રન્થ આવી નથી છે એ સ્થિતિ છે શુ રોગી ભાષાઓમાં આ પ્રકારે લખાયું નથી નાગરી—ભાષાઓમાં ન હતી શકાય ? એ મેં જ્ઞાન થી તો કેમ નાગરી ભાષાઓના લખાણ અને આમ હિન્દી ભાષાઓ માટે પુસ્તક વિશેષ લાભદાયક નિવડશે એવી મારી ધારણા છે. આશા છે આપ ગૌપાલકો ધ્યાનથી આપની બીજી પુસ્તકો જ્ઞાન અને વિષય ઉપર મેહસાણી આપની કરશો.

આપનો ન મરી — વિશ્વનાથપ્રસાદ મિશ્ર

૨૫—૮—૪૧

(૧૩)

મારી ન ખરેખ મેહસાણી પુસ્તક આપનું વિલ છે ? એ છે જેવું છે તે સામાન્ય કરી લીધું છે આપીને ઉંચી નીચ ભાષાઓ માટે સૌ આપે પ્રયત્ન કરશો તો બહુ અભિનંદનીય થશે.

તા ૧૯— —૪૧ — પં ગેમરાજ [illegible]

અમદાવાદ

(૧૪)

પ્રસ્તુત પુસ્તકમાં શ્રીયુત [illegible] મેહસાણીની ઉત્પત્તિ-વિકાસ અને ભૌગોલિક સ્થિતિ પર વિશેષતાથી પ્રકાશ પાડ્યો છે. આપે

બૌદ્ધસાહિત્ય, જૈનસાહિત્ય અને વૈદિકસાહિત્યના દષ્ટિકોણોનુ પણ સમન્વયાત્મક સકલન કર્યું છે આજના ભારતના નકશામાં વૈશાલીની ભૌગોલિક સ્થિતિ કયાં હોઇ શકે છે એનો શોધખોળ પૂર્વકનો એક નકશો આપીને પણ સ્તુત્ય કાર્ય કર્યું છે

ભારતની પ્રાચીન રાજધાનીઓની પુરાતત્ત્વ વિભાગ દ્વારા જે શોધખોળ થઇ છે, એનુ ઐતિહાસિક રૂપે વિવેચન થવુ જોઇએ અને આજ પુસ્તકની માફક અન્ય રાજ્યધાનીઓ ઉપર પણ પુસ્તકો પ્રકાશિત થવી જોઇએ,

યદ્યપિ જૈનાચાર્યજીનુ વૈશાલીની પ્રતિ આકર્ષણ મહાવીર–સ્વામીનુ જન્મ—સ્થાન હોવાના કારણે જ હોવુ જોઇએ, પરન્તુ પુસ્તકમા ક્યાય એક પક્ષીય દષ્ટિકોણ દેખાતો નથી.

પુસ્તક ઐતિહાસિક, ભૌગોલિક દષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ, પઠનીય તેમજ સગ્રહણીય છે

તા ૧૫—૧૨—૪૬ —નવયુગ સાપ્તાહિક

(૧૫)

મેં આપની 'વૈશાલી પુસ્તિકા' ધ્યાન પૂર્વક વાચી આપે ખૂબ જ પરિશ્રમ લઈને વૈશાલી સબધી ગામોની તપાસ કરી છે. વાણિજ્યગ્રામ, કોલ્લાગ, કુડપુર આદિ ગામોના સબધમાં આપના મતથી હુ સહમત છુ એમાં સદેહ નથી કે આપની પુસ્તક પ્રાચીન ઇતિહાસ અને ભૂગોળના સશોધકોને ખૂબ જ ઉપયોગી નિવડશે

કાશી વિશ્વવિદ્યાલય
તા ૧૮-૧૧-૪૬
અનન્ત સદાશિવ અલ્તેકર

(૧૬)

આપનો બન્ને પુસ્તકો મળી 'વૈશાલી'' વાચીને ઘણો જ

આનંદ થયો. અને—મુનિજીની સાથે મારે વિશેષ પરિચય નથી. છતાં પણ આપની આશ્ચર્યકારક સંપૂર્ણ રીતે વિવિધવિધ પ્રવૃત્તિ-ઓથી માન્ય છે. મારે જે કંઈ વસ્તુ છે તે અત્યાનંદિત જ મારાથી નથી. પરંતુ પ્રત્યેક વાતને ઉદાહરણ તથા પ્રમાણો દ્વારા નિષ્પક્ષપાત રીતિ મૂકી છે. આલોચનાત્મક વિચારની મીમાંસા કરી છે. પ્રાચીન ભારતના ઐતિહાસિક તત્ત્વનાથી સંશોધન કરવા માટે આ અને પુસ્તકો ઘણાં જ ઉપયોગી નિવડશે.

ઉપસંહાર વિશેષ મારે મિથી સરલ ભાષામાં લખ્યા છે ? ચાર જેથી સાધારણ વાચક પણ આપની યુક્તિનું અનુસરણ કરતાં જરાય મુશ્કેલી પડશે નહીં.

ડૉ. ધીરેન્દ્રનાથ સેન.

તા. —૮—૧ જયપુર—ઉદયપુરપતિ ઝિલ્લી વિશ્વવિદ્યાલય.

(૧૭)

આપના મોકલેલા બધા પુસ્તકો મળ્યાં છે. મેવાડી અને ગુજરાતી બન્ને ખૂબ જ સરસ. આપે અને અવલોકનાર્થે પુસ્તકો મોકલ્યાં તેથી મને હર્ષ થયો. જૈન પુરાતત્વ સાહિત્ય વિષે આપણાં ઉત્કટ છે ને અને મિશ્ર ઉપયોગી ભાષાંતર છે.

આભાર

ઉદયપુર—અમદાવાદ —ચતુર્ભુજ

તા. ૩—૧—૫૪

(૧૮)

આપના મોકલેલાં પુસ્તકો મળ્યાં તે માટે ધન્યવાદ. આપનો પ્રયત્ન અત્યન્ત પ્રશંસનીય છે.

—જૈનદર્શન દિવાકર શ્રી આત્મારામજી મહારાજ

તા. ૧૭—૪ —લુધિયાના

(૧૯)

". વૈશાલી પણ મળી આપની કૃપાનો આભાર શબ્દોમાં કેવી રીતે વ્યક્ત કરું ! પુસ્તક ખૂબ જ ગવેષણા પૂર્ણ અને સુંદર છે પૂરૂ વાંચીશ."

કાશી —મુરારીલાલ કેડિયા

ભાદરવાવદિ ત્રીજ સં ૨૦૦૩

( ૨૦ )

એ બતાવવું નિરર્થક છે કે વૈશાલી અને ક્ષત્રિયકુંડ આદિના સમ્બન્ધમાં આપે જે નિર્ણય આપ્યો છે તે સાહિત્ય તથા શિલાલેખો સમ્બન્ધી ઉલ્લેખો દ્વારા એટલો સિદ્ધ થઈ ચૂક્યો છે કે હવે એના સમ્બન્ધમાં મતભેદ ટકી જ નથી શકતો આપનો મત એ સમ્બન્ધમા અન્તિમ નિર્ણય છે

વડોદરા તા ૨૯ અગસ્ત ૧૯૪૬ ડૉ બી ભટ્ટાચાર્ય
ડાયરેક્ટર ઓરિયન્ટલ ઈન્સ્ટીટયૂટ

( ૨૧ )

પુસ્તક વાંચવાથી મને વાસ્તવિક આનંદ થયો. હું આપના વિચારોથી પૂર્ણ સહમત છું

ડૉ પી એલ વૈદ્ય. એમ. એ. ડી લિટ્ (પેરીસ)
પ્રોફેસર ઓફ સસ્કૃત અને તત્સબધી ભાષાઓ
નવરોજી વાડીયા કોલેજ, પુના.

(૨૨)

આપના અને પ્રાકૃત— વૈશાલી અને વીર-વિહાર-સંસ્થા માના.

જૈન તથા ભારતીય ઇતિહાસના સંબંધમાં આપ જે અનેરું કામ કરી રહ્યા છો, તેમ આ બન્ને અનેક પ્રશંસનીય વિચાર-ધારા છે. જૈન સંબંધી વિદ્વાન સાહિત્યથી ભારતીય ઇતિહાસને ઘણું જ મહત્ત્વનું છે. આપે જે વિદ્વત્તાપૂર્ણ રીતે પ્રકાશને મૂ સ્થાપન કર્યો તેમ અને અન્ય ગ્રન્થો પર જે પ્રમાણ રૂપમાં વિચારો પ્રગટ કર્યા છે તથા પ્રાચીન મહત્ત્વનું જે પ્રતિષ્ઠિત છે તેનાથી પ્રત્યેક વાચકને પ્રેરણા મળે. આપના આ અને પ્રયત્નો અનુશીલન-મનના માર્ગદર્શક સિદ્ધ થશે.

લંડન, ઓક્ટો. ૮ આપનો

જૈન આર. નાગરી ડૉ. મિત્ર. ... ...

તા. ૨૧ ઓગસ્ટ, ૧૯૪૮

(૧)

આપના ગ્રન્થ 'વૈશાલી' માં આપે અન્ય ઐતિહાસિક, ભૌગોલિક સાહિત્ય તથા અન્ય સ્રોતો સંબંધી ઘણી વિગત અનુક્રમાનુસાર ઉચિત ઉપયોગ કર્યો છે અને વિવિધ પ્રમાણોથી ભગવાન મહાવીરની વૈશાલીને બિહારના મુઝફ્ફરપુર જિલ્લાની બસાડ ગામ તરીકે રૂપમાં તેમની જન્મ સ્થળ પુષ્ટિ કરી છે. આશા છે ભવિષ્યમાં પુરાતત્ત્વ સંબંધી જે ખોદકામ થશે, તેનાથી આપની વાતને વધારે પુષ્ટિ મળશે અને આ વિષયમાં મતભેદને અવકાશ નહીં રહે.

ડૉ. ભાગીરથ ત્રિપાઠી

સ્થાન. ૧૪મી માર્ચ ૧૯૪૯ ડિરેક્ટર, ઇન્સ્ટિટ્યૂટ ઓફ ...

... પટણા